શ્રીનેમિ-નન્દન ગ્રન્થમાળા-૫

“નવ અમૃતવાક્યો”

(પ્રવચન સંગ્રહ)



પ્રવચનકાર

પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.

સ્થળ : નવાપુરા, જૈન ઉપાશ્રય, સૂરત

વિ. સં. ૨૦૩૮

પ્રકાશક
સ્વ શેઠશ્રી હીરાલાલ પુરુષોત્તમદાસ શ્રોફ-પરિવાર
C/o કમળાબેન હીરાલાલ શ્રોફ
ટેકરી,
ખભાત (જિ ખેડા)

પ્રાપ્તિસ્થાન
જસવતલાલ ગીરધરલાલ શાહ
C/o જૈન પ્રકાશન મદિર
૩૦૯૪ દોશીવાડાની પોળ,
અમદાવાદ-૧

મુદ્રક
શ્રી પાર્શ્વ પ્રિન્ટરી
જસવતલાલ ગીરધરલાલ શાહ
૧૪૭ તબેળાનો ખાંચો
દોશીવાડાની પોળ
અમદાવાદ ૧
ફોન ન ૩૮૩૭૦૬

પરમપૂજ્ય પરમદયાળુ સંઘનાયક



આચાર્ય મહારાજ શ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મહારાજ

નિવેદન

પરમપૂજ્ય પરમદયાળુ સંઘનાયક સ્વ આચાર્ય ભગવંત શ્રીવિજયનન્દનસૂરીશ્વરજી મહારાજની પુણ્ય સ્મૃતિમાં, પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજી મની શુભ પ્રેરણાથી શરૂ થયેલી "શ્રીનેમિ-નન્દન ગ્રંથમાળા"ના પાંચમા પુસ્તક તરીકે, પૂજ્ય આચાર્ય શ્રીવિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ ના પ્રવચનોનો આ નાનો સંગ્રહ "નવ અમૃત વાક્યો" રજૂ કરતા અમે પરમ હર્ષ અનુભવી રહ્યા છીએ

પરમપૂજ્ય શાસન સમ્રાટ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ ના સમગ્ર સમુદાયનો અમારા કુટુંબ ઉપર અનન્ય ઉપકાર હમેશા વરસતો રહ્યો છે અમારા મુરબ્બી પૂજ્ય સ્વ શેઠ શ્રીચીમનલાલ શ્રોફ તથા સ્વ શેઠ શ્રીહીરાભાઈ શ્રોફના સ્વર્ગારોહણ અને પુણ્ય સ્મરણ નિમિત્તે અમોએ વિ સ ૨૦૩૫ના જેઠ મહિનામા, ખંભાતના શ્રીસ્તંભનપાર્શ્વનાથના જિનાલયમા ઉજવેલ શ્રીસિદ્ધચક્રપૂજન અને શાન્તિસ્નાત્ર સમેતના યાદગાર પંચાહ્નિકા મહોત્સવ પ્રસંગે, અમારી વિનતિનો સ્વીકાર કરીને પધારનાર તેમજ માર્ગદર્શન આપનાર પૂજ્ય આચાર્ય શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ ના અમે સદા માટે ઋણી બન્યા છીએ અને એ ઉત્સવ પ્રસંગે જ અમારી શુભભાવનાનો સ્વીકાર કરીને તેઓશ્રીએ આ પ્રવચનસંગ્રહનુ પ્રકાશન કરવાનો લાભ અમોને આપીને ઉપકૃત બનાવ્યા છે

પૂજ્ય આચાર્ય મહારાજના આ પ્રવચનો, તેઓશ્રીના સં ૨૦૩૪ના સૂરત શહેરમાં થયેલ ચાતુર્માસ દરમિયાન, ત્યાંના શ્રીનવાપુરા જૈન સંઘના ઉપક્રમે યોજાયેલ "પ્રવચન સપ્તાહ"માં અપાયેલા છે તે વખતે ત્યાંજ બિરાજતા પ. પૂ. શાસનસમ્રાટના પરિવારના પ. પૂ. સાધ્વીજી શ્રીસૂર્યપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પ. પૂ. સાધ્વીજી શ્રીસૌમ્યપ્રભાશ્રીજી મ. એ આ પ્રવચનોનું અવતરણ કર્યું હતું, અને તેમની નોંટોનો જ ઉપયોગ આ સંગ્રહના પ્રકાશનમાં કરાયો છે, તે બદલ અમો તે પૂ. સાધ્વીજીના ઋણી બન્યા છીએ એ ઉપરાંત સૂરતના શેઠ શ્રી અમૃતલાલ જેઠીદાનદાસ વખારિયાએ કરેલ અવતરણ રૂપ નોંધનો પણ આમાં ઉપયોગ કરાયો છે

લિ. પ્રકાશક



શેઠ શ્રી ચીમનલાલ પુરુષોત્તમદાસ શ્રોફ

પૂજ્ય આચાર્ય મહારાજના આ પ્રવચનો, તેઓશ્રીના સં ૨૦૩૪ના સૂરત શહેરમાં થયેલ ચાતુર્માસ દરમિયાન, ત્યાંના શ્રીનવાપુરા જૈન સંઘના ઉપક્રમે યોજાયેલ "પ્રવચન સપ્તાહ"માં અપાયેલા છે તે વખતે ત્યાં જ બિરાજતા પ પૂ ગચ્છનાયક સમ્રાટના પરિવારના પ પૂ સાધ્વીજી શ્રીસૂર્યપ્રભાશ્રીજી મ ના શિષ્યા પ પૂ સાધ્વીજી શ્રીસૌમ્યપ્રભાશ્રીજી મ એ આ પ્રવચનોનું અવતરણ કર્યું હતું, અને તેમની નોંધનો જ ઉપયોગ આ સંગ્રહના પ્રકાશનમાં કરાયો છે, તે બદલ અમો તે પૂ સાધ્વીજીના ઋણી બન્યા છીએ એ ઉપરાંત સૂરતના શેઠ શ્રી અમૃતલાલ જેકીશનદાસ વખારિયાએ કરેલ અવતરણરૂપ નોંધનો પણ આમાં ઉપયોગ કરાયો છે

લિ પ્રકાશક



શેઠ શ્રી ચીમનલાલ પુરુષોત્તમદાસ શ્રોફ



શેઠ શ્રી હીરાલાલ પુરુષોત્તમદાસ શ્રોફ

શેઠશ્રી ચીમનલાલ પુરુષોત્તમદાસ શ્રોફ

આ સસારમા ક્યાંક એવા માનવીઓ જન્મે છે જેઓ જીવનકાળ દરમ્યાન એવા કાર્યો કરી જાય છે અને એવી જીવન સુવાસ મૂકી જાય છે કે જેથી એ સુવાસ સદા મહેકયા કરે છે અને તેની અસર દૂર થતી નથી સ્વ શેઠ શ્રી ચીમનભાઈ શ્રોફ તેવી વ્યક્તિઓમાના એક હતા

તેમનો જન્મ થયો એક સસ્કારી કુટુબમા પિતાનુ નામ પરસોત્તમદાસ શ્રોફ માતાનુ નામ મણીબેન તેમના લગ્ન જાસુદબેન સાથે થયા હતા

અભ્યાસ તો તેમણે થોડો કર્યો હતો પણ વાચન વિશાળ હતુ અનુભવ જીવનમા ઘણો મેળવ્યો હતો એટલે ધધાદારી મિત્રો તેમની પાસે સદા આવતા, તેમની અગવડોની વાત કરતા તો તે તેઓને યોગ્ય રાહ બતલાવતા અને યોગ્ય માર્ગદર્શન આપતા

શ્રી સ્તભનીર્થ તપગચ્છ જૈન સઘના તેઓ સુકાની બન્યા હતા તેમણે આ સસ્થાના વિકાસમા જે ભાગ આપ્યો છે તે સદા યાદગાર છે

ખભાત શહેરના પણ તેઓ આગેવાન કાર્યકર હતા શહેરની અનેકવિધ સસ્થાઓમા ઉચ્ચ હોદ્દે રહી સેવાઓ આપી હતી યુવાનોને શરમાવી દે તેવી રીતે સેવાઓ આપતા હતા તેઓ સાચા અર્થમા સેવાપરાયણ હતા સત્યનિષ્ઠા અને પ્રમાણિકતાથી તેઓ સદા કામ કરતા હતા કોઈની પણ શેહ તણાતા નહિ ખભાત શહેરના નાગરિક-

જીવનમા તેઓ આગળ પડતા કાર્યકર હતા અને સોહામણા વ્યક્તિત્વથી ખભાત શહેર અને તાલુકાની જનતામા તેઓ ઘણાજ લોકપ્રિય બન્યા હતા સમાજોત્થાનના કામમા પણ તેમનુ પ્રદાન યશસ્વી છે

શ્રી સ્તભતીર્થ તપગચ્છ જૈન સઘના ઉત્કર્ષમા તેમણે ઊડો રસ લીધો હતો તેજ પ્રમાણે જીવત અને ઊડો રસ વિશાળ જનસમુદાયના વિકાસ અને પ્રગતિમા તેમણે લીધો હતો પ્રસિદ્ધિની લેશમાત્ર અપેક્ષા વગર પોતાની સવસુદર સેવાઓ આપી હતી He worked and worked and worked for the benifit of others 'જિંદગી દેવા માટે છે લેવા માટે નથી' એ સૂત્ર તેમણે જીવનમા વણી લીધુ હતુ અને જીવનના અત સુધી તે જ પ્રમાણે જીવ્યા

કુટુબના કામ હોય તો તેઓ ખડે પગે હાજર રહેતા તેમની સલાહ સૂચના કાયમ નિષ્પક્ષ જ રહેતી હતી લોકોના લાભ માટેની વાત હોય ત્યારે સામે પગલે ચાલીને સલાહ આપતા તેમના નિષ્પક્ષપણાની એટલી તો સુદર છાપ હતી કે ખભાત શહેર અને તાલુકામા યોગ્ય સલાહ સૂચનાની જરૂર પડતી હતી ત્યારે શહેર અને તાલુકાના આગેવાનો તેમની પાસે આવતા હતા

તેમની જીવન સૌરભ લાબા વખત સુધી જૈન સમાજની વ્યક્તિઓને સારૂ જીવન જીવવા માટેનુ પ્રેરક બળ બનશે તેવી મને આશા અને શ્રદ્ધા છે

—સદ્રીક જે. કાપડીયા

શેઠશ્રી હીરાલાલ પુરુષોત્તમદાસ શ્રોફ

સસ્કાર, સાદાઈ, સરળતા, શિસ્તબદ્ધતા, ધર્મપરાય ણતા, કર્તવ્ય નિષ્ઠા, બ ધુત્વભાવ, સેવાપરાયણતા વિ જેમના જીવનમા વણાઈ ગયા હતા, અને શાત, સૌજન્ય પ્રકૃતિ-વાળા, મિલનસાર, સૌના પ્રીતિપાત્ર બને તેવા સુશીલ, વિનમ્ર સદ્‌ગુણો ધરાવતા સ્વ શેઠશ્રી હીરાભાઇ શ્રોફ સાચે જ જૈન સમાજના 'હીરા હતા !

ખાનદાન કુટુ બમા જન્મ ધારણ કરી, સુસસ્કારો પામી, ધાર્મિક, સામાજીક આદિ પ્રવૃત્તિઓમા રસ લેતા થયા અને તેમના મોટાભાઈ સ્વ શેઠશ્રી ચીમનલાલ શ્રોફની જેમ તેઓ પણ જૈનસ ઘના સફળ સુકાની બન્યા હતા

શેઠશ્રી હીરાભાઈ શ્રોફે 'સોચા, સાથ કયા જાયગા ' એ સૂત્રને જીવનમા વણી લીધુ હતુ ધ ધામા, વ્યવહારમા ન સચવાતી પ્રમાણિકતા તેમની નસોમા વહેતી હતી

તેઓ ધાર્મિક વૃત્તિના હતા જીવનના અ તિમ દિવસ સુધી તેમને ખ ભાત ખાતે શ્રી સ્થ ભન પાર્શ્વનાથજીના દેરાસરે દર્શન-પૂજા અચૂક કરેલી આધ્યાત્મિક વાચન, પૂજ્ય સાધુ મહારાજો ત્યા પૂ આચાર્ય મહારાજોનો સતત સમાગમ અને તેમની યથાશક્તિ સેવા અને ધાર્મિક સેવાની એક પણ તક જતી ન કરવાની તેમની વૃત્તિ દાદ માગી લે તેવી હતી સેવા કાર્યોની લગની, સખત પરિશ્રમ, હાથમા લીધેલ કાર્યને સુ દર રીતે પાર પાડવાની તાલાવેલી અને ધર્મભાવનાથી ઓતપ્રોત બનેલા તેમના ગૌરવભર્યા જીવનમા ડોકીયુ કરવાથી જેમની સુરેખ વિચાર સરણી અને અનુભવ રસનુ પાન કરવાથી ધન્યતા અનુભવાય છે !

ધધાકીય પ્રવૃત્તિઓ તેમણે જાત મહેનતથી કરી અને ચપળ બુદ્ધિ અને મહેનતુ સ્વભાવ હતો એટલે જ્યા જ્યા વ્યાપાર-ધધા અર્થે ગયા ત્યા સફળતાને વર્યા અને કુશળ વહીવટી સ ચાલક તરીકે જાણીતા થયા ધ ધાદારી પ્રવૃત્તિઓ ની સાથે સમાજસેવાના ઉમદા ધ્યેયને તેઓશ્રી વિસર્યા ન હતા અને ધાર્મિક, સામાજીક આદિ સસ્થાઓમા તેમની સેવા શક્તિનો લાભ તેઓ આપતા રહ્યા હતા

જીવનના અમુક વર્ષો સેવાકાર્યોમા આપ્યા પછી તેમણે નિવૃત્તિ લીધી હતી પણ જાહેર જીવનમા ન આવવા છતા તેમના હૈયે જૈન સમાજ અને ખભાત શહેરનુ હિત હતુ સમાજની નાની કે મોટી વ્યક્તિ પ્રત્યે તેમનુ વર્તન આદરમય હતુ ખાસ કરીને કાયદા વિષયક જ્ઞાન અગાધ હતુ અને તેમની પાસે આવનારને તેઓ સદા સાચી સલાહ અને યોગ્ય માર્ગદર્શન આપતા

તેઓ પોતાની મતનભરી વિચારશીલતાને લીધે બહોળા વગમા સ માનિત બની શકયા હતા અને આદર્શ અને વ્યવહારમા સુદર સમ વય કરવાની તેઓમા શક્તિ હતી

તેઓના ધર્મપત્ની શ્રી કમળાબેને પણ તેમના કાર્યોમા ઉમદા રસ લીધો હતો સ્વ શેઠશ્રી હીરાભાઈ અને કમળાબેનના જીવનમાથી ધર્મ અને સ સ્કારની સુદર સુવાસ સાપડે છે

તેમણે પોતાના જીવન કાળ દરમ્યાન જે કાર્યો કરેલા છે તે પર નજર નાખીએ છીએ ત્યારે જે તે કાર્યોમા તેમની બુદ્ધિ પ્રતિભા, વ્યવહાર કુશળતા, દૂર દેશિતાના દર્શન થાય છે અને તેથી જ તેમના વ્યક્તિત્વને અહોભાવે વદન કર્યા સિવાય રહી શકાતુ નથી

—ભદ્રીક જે કાપડીયા

॥ ॐ नम ॥ श्री श खेश्वर पार्श्वनाथाय नमो नम ॥
नमो नम श्रीगुरुनेमिसूरये ॥

નવ અમૃત વાક્યો

(૧) "હૈયુ કોમળ રાખજે"

चेतः सान्द्रतर, वचः सुमधुर, दृष्टि. प्रसन्नोज्ज्वला,
शक्ति. क्षान्तियुता, मतिः श्रितनया, श्रीर्दीनदैन्यापहा।
रूप शीलयुत, श्रुत गतमद, स्वामित्वमुत्सेकता-
निर्मुक्त प्रकटान्यहो ! नव सुधाकुण्डान्यमून्युत्तमम् ॥

મહાપુરુષો સમય કાઢીને આપણને ઉપદેશ આપે છે જેણે જિંદગીમા કોઈ સારી વાત સાભળી જ નથી, તે જીવ કેવી રીતે પામશે ? આપણે આખો દિવસ નકામો ગુમાવીએ છીએ પણ સદ્‌ગુરુની વાત સાભળવી ગમતી નથી, રુચતી નથી

સસારમા સાચી અને સારી વાત કહેનારા ઓછા હોય છે અહી આ મહાપુરુષ આ શ્લોકમા સુદર એવી નવ વાતો કહે છે એમને શુ પ્રયોજન છે કે પોતાનુ છોડીને, સમય કાઢીને ઉપદેશ આપે છે? એમના હૈયામા એક જ ભાવના છે કે "જીવનમા કાઈક જાણશે તો કરી છૂટશે કોઈક વાર"

લખી રાખો કે "જીવનભર-આખો દિવસ ઘણુંનુ ઘણુ આપણે સાભળીએ છીએ, પણ મહાપુરુષોની વાત કદીયે સાભળી નથી, હૈયે ઉતારી નથી" પણ યાદ રાખજો "સાભળ્યુ હશે તો ક્યારેક કામ લાગશે"

રોહિણિયા ચોરને તેનો બાપ કહે છે "તુ બધુ સાભળજે પણ પ્રભુ મહાવીરની વાણી સાભળતો નહિ" તેને ખબર હતી કે પ્રભુ મહાવીરની વાણીમા એવુ કાઈક છે કે જો એ વાણી સભળાઈ જાય તો મારો ચોરીનો ધધો મારે મૂકી દેવો પડે માટે જ લોહખુર ચોર તેના પુત્રને પ્રભુની વાણી સાભળવાની ના પાડે છે જોજો, સગો બાપ મરતા મરતા પણ પુત્રને કેવી શિખામણ આપે છે? "તુ સારાનુ સાભળીશ નહિ" કેમકે એ સમજે છે કે એની વાણીથી જીવ સસારના પાપવ્યાપાર મૂકી દે છે બાપ રૂપે પણ દુશ્મન મળે તે આનુ નામ! દીકરો નરકના દુખ ભોગવે તો ભલે, પણ આ જન્મમા એને સત્કર્મમા ન જોડે!

આ શ્લોકમા નવ અમૃત વાક્યોમા પહેલુ વાક્ય છે-"चेत मार्दवतरं-ચિત્તને કોમળ રાખજો." ભીનુ કપડુ સૂકાય નહિ ત્યા સુધી ટપક્યા કરે તડકામા તેને સૂકવવામા આવે તો? કડક થઈ જાય ને? તેમ જેનુ હૈયુ કોમળ હોય તેના હૈયામાથી કોમળતારૂપ આર્દ્રતા ટપક્યા જ કરે એ આત્મા કદી નિર્દય બની શકે જ નહિ એક ભક્ત કવિ કહે છે

"દયામય અયસી મતિ હો જાય!

ઔરોકે દુ ખોકો મૈ સમજુ, સુખકા કરૂ ઉપાય,
અપનાં દુ ખ મૈ સહુ' કિંતુ, પરદુ ખ સહા ન જાય
દયામય અયસી મતિ હો જાય !"

"હે પ્રભો ! મારી બુદ્ધિ એવી દયામય થઈ જાય, બુદ્ધિમા એવી સુ દરતા આવી જાય કે હુ બીજાના દુ ખોને સમજી શકુ " બીજાના દુ ખને સમજવા માટે પણ અ દરની કોમળ બુદ્ધિ જોઈએ

સ ગમ દેવ અભવ્ય છે ઇંદ્રસભામા ઇંદ્રમહારાજા પ્રભુ મહાવીરની પ્રશ સા કરી રહ્યા છે તે સાભળીને એને દ્વેષ પ્રગટે છે "દુર્જન મનુષ્ય બધુ સાભળી શકે છે પણ કોઈની ગુણકથા નથી સાભળી શકતો " પ્રભુના અનન્ય તપ, સ યમ, દયાભાવ, સહનશીલતા વગેરે ઉત્કૃષ્ટ ગુણોની પ્રશ સા સાભળી બધા દેવો આન દ અને આશ્ચર્ય પામે છે પણ સ ગમ નથી સમજતો તેણે તો દેવલોક છોડી, નીચે આવી, એક રાત્રિમા વીસ ઉપસર્ગો કર્યાં ! છ માસસુધી ઉપસર્ગો કર્યાં ! છતા પ્રભુની વૃત્તિ કેવી ? "મારા કર્મ ખપે છે અને તેનુ નિમિત્ત આ સ ગમ દેવ છે" આપણને જ્યા દ્વેષ જાગે, ત્યા પ્રભુને દયા આવે છે

દુનિયામા જેને સતાવીએ તે થાકે છે જ્યારે અહી વિપરીત બન્યુ છ મહિનાને અ તે સ ગમ થાકયો સતાવનાર થાકયો પણ પ્રભુ ન થાકયા ! ક ટાળીને જતા જતા સ ગમે કહ્યુ હુ જઉ છુ હવે તુ સુખે વિચરજે

ઔરોંકે દુ ખોકો મૈ સમજુ, સુખકા કરૂ ઉપાય,
અપના દુ ખ મૈ સહૂ કિંતુ, પરદુ ખ સહા ન જાય
દયામય અયસી મતિ હો જાય!"

"હે પ્રભો! મારી બુદ્ધિ એવી દયામય થઈ જાય, બુદ્ધિમા એવી સુદરતા આવી જાય કે હુ બીજાના દુ ખોને સમજી શકુ" બીજાના દુ ખને સમજવા માટે પણ અ દરની કોમળ બુદ્ધિ જોઈએ

સગમ દેવ અભવ્ય છે ઇદ્રસભામા ઇંદ્રમહારાજા પ્રભુ મહાવીરની પ્રશસા કરી રહ્યા છે તે સાભળીને એને દ્વેષ પ્રગટે છે "દુર્જન મનુષ્ય બધુ સાભળી શકે છે પણ કોઈની ગુણકથા નથી સાભળી શકતો" પ્રભુના અનન્ય તપ, સયમ, દયાભાવ, સહનશીલતા વગેરે ઉત્કૃષ્ટ ગુણોની પ્રશસા સાભળી બધા દેવો આનદ અને આશ્ચર્ય પામે છે પણ સગમ નથી સમજતો તેણે તો દેવલોક છોડી, નીચે આવી, એક રાત્રિમા વીસ ઉપસર્ગો કર્યા! છ માસ સુધી ઉપસર્ગો કર્યા! છતા પ્રભુની વૃત્તિ કેવી? "મારા કર્મ ખપે છે અને તેનુ નિમિત્ત આ સગમ દેવ છે" આપણને જ્યા દ્વેષ જાગે, ત્યા પ્રભુને દયા આવે છે

દુનિયામા જેને સતાવીએ તે થાકે છે જ્યારે અહી વિપરીત બન્યુ છ મહિનાને અતે સગમ થાકયો સતા વનાર થાકયો પણ પ્રભુ ન થાકયા! કટાળીને જતા જતા સગમે કહ્યું હુ જઉ છુ હવે તુ સુખે વિચરજે

મુનિ ક્યારે વિચારે કે "આ મારા આદિ હાડકાં કહી દઉં ત્યારે જ મુનિ વિશ્રામ લે" તો ખાતાના કોઈક કમી જ ભાગવે છે એ પ્રેમના બેના ! કેટલીએ તો આ પણ કોના કમી નિરર્થક જ થઈ જાય !

મન્મથ આવું કરે છે ત્યારે જ કરૂણાથી મેની આંખે જુએ છે પ્રભુ એની રીતે જુએ છે તેનું જ ચિત્ર નાટકમાં એટલામાં [illegible] મહારાજ એ આપેલું છે

कृपापात्र[illegible] [illegible], कृपासम[illegible]रूपो ।
[illegible] [illegible] ॥

કરુણામાં રહેલું દૈવું તેના ભાવી દુઃખ દૂર ભાવી આકર્ષ બની ઊઠ્યું એમ જ આપોઆપ જ્યાં બોલ થઈ ગયા "હે સખે ! તું મને પાળીને ઘણું સારો થયો !" આ વિચારે જેટલો આનંદ થયો છે તેના કરતાં વધુ પ્રભુ કરુણાથી આપના પાપ ના ભાર, માટે થઈ ગયા !

માટે જ કહે છે—ભગવાન નાદ્ગુણ-વિના પ્રભુનો જેવું કેમ જ બનાવવું જોઈએ. પણ આપ નવી કરે છે કે, "હે પ્રભો ! તું આવા આપ ભરી ઉપર પણ પ્રભાવ લાવી શકે છે તો હું પણ તારી પાસે આવ્યો છું ત્યાં બીજું કશું નથી જોઈતું હું મને એક વાત આપ કે 'હું જીવના હું મને સમજી ગયું—એટલે કે હું પોતે તે જાણ્યું'

આ માટે જ ચિત્તની વૃત્તિઓ કેમ રાખવાની છે—

મનમા નિર્દયતાને પ્રવેશવા ન દેશો બીજાના દુખને સમજવાની કોશીશ કરજો "વિશિષ્ટ જ્ઞાન નહિ હશે તો ચાલશે પણ દયાવાળી બુદ્ધિ નહી હોય તો નહી ચાલે"

મહાપુરુષો કહે છે કે મા બાપ બન્યા છો તો તમારી એટલી ફરજ છે કે તમારા દીકરા દીકરી દુખી ન થવા જોઈએ ખરી કે નહિ? તો પછી લોહખુર જેવા બાપ ન થશો બાપે દીકરાને પૂજા સેવા વ્યાખ્યાન શ્રવણ કરવા કહેવુ જોઈએ બાપ દુકાને મોકલવામા અને નિશાળે ભણવા મોકલવા માટે જેટલી કાળજી રાખે છે એથી વધુ કાળજી સુસંસ્કાર પાડવા માટે રાખવી આવશ્યક છે અને એ માટે જ નિર્દય ન બનશો પેલા કવિ કહે છે કે, હે પ્રભો! મને બુદ્ધિ અને વિવેક આપજે "સામાના દુખો સમજવાની જે બુદ્ધિ તેનુ જ નામ વિવેક"

બીરબલનુ નામ તો સૌએ સાભળ્યુ હશે એનુ નામ આવે એટલે બાદશાહ પણ આવે જ! બીરબલ અને બાદશાહ વચ્ચે ગાઢ પ્રીતિ પણ આ જગતમા ગાઢ પ્રીતિવાળાને ઈર્ષ્યાળુ મળ્યા વિના ન રહે આ જગતમા ઈર્ષ્યાળુઓનો તોટો નથી બાદશાહની બેગમને આ બન્નેની પ્રીતિ જોઈને એક દિવસ ઈર્ષ્યા થઈ તેને થયુ, આ કાફરમા એવી તે શી વિશેષતા છે કે બાદશાહ જેવો બાદશાહ પણ તેને આટલુ બધુ માન આપે છે! અને મારા ભાઈને એ સાવ ઓછુ માન આપે છે! મારા ભાઈનુ માન વધારે કેમ નહિ?

એવો તો ઉદ્યોગ [illegible] કરી અને ઉદ્યોગ [illegible] નથી કરતી ? [illegible] કોઈ નથી કર્યુ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ન થયુ

આખ્યાનમાં આવા ત્યાં [illegible] શાસ્ત્ર [illegible] આવતા હશે [illegible], તેથી વૈરાગ્ય થયાં જ ન થયા!

[illegible] સમજાવે છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ન થયુ [illegible] કેમ કે [illegible] [illegible] વિના [illegible] નથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] વારંવાર [illegible] કરે છે [illegible] [illegible] કહ્યું કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આજ્ઞાએ પત્નીની [illegible] બનાવી [illegible] ઉપર પત્ર લખ્યો [illegible] [illegible], [illegible] ઓતાતીને આપ્યો, અને કહ્યુ કે આ પત્ર [illegible] શાહને આપવા તમારે જવાનું છે

બેગમનો ભાઈ તો વિચારમા પડી ગયો અરે, આટલે દૂર? ભારત છોડીને જવાનુ? ઘરબાર ને બીબીબચ્ચા છોડીને જવાનુ? એવુ તે શુ કામ હશે? સીલ માર્યુ છે એટલે ખોલીને જોવાય તેમ પણ નથી અને આવા કામ કાઈ સીધા સરળ નથી હોતા! એના પેટમા ફાળ પડી

બીરબલને તો કાઈ થતુ નથી એ તો બુદ્ધિથી વિચારે છે કઈક રહસ્ય હશે અવસરે જોયુ જશે

બન્ને રજા લઇને ગયા પણ બાદશાહના સાળાને તો ખૂબ ચિતા થાય છે, શુ થશે? શુ હશે? એ બીરબલને પૂછે છે "હે બીરબલ! આમા શુ હશે?" બીરબલ કહે "જે હશે તે" પેલો કહે છે "બીરબલ! તને કાઈ થતુ જ નથી?" બીરબલ કહે છે, "ના' પેલો કહે છે, "પણ આ તો બાદશાહ! એનો કાઇ ભરોસો નહિ" બીરબલ કહે, "ભલેને બાદશાહનો ભરોસો ન હોય પણ મને મારી બુદ્ધિનો ભરોસો છે ને! ચિતા નથી"

"પરબુદ્ધિએ પ્રલયકાળ" પારકી બુદ્ધિએ ચાલીએ તો કોઇવાર પસ્તાવુ પડે છે પણ બીરબલને તો પોતાની બુદ્ધિ ઉપર ભરોસો છે એટલે એ નિશ્ચિત છે 'પડશે એવી દેવાશે'

બે મહિને ઇરાન પહોચ્યા ગજદરબારે જતા દરવાને રોકયા કહેણ મોકલાવ્યુ કે દિલ્હીથી અકબર બાદશાહનો ખરીતો લઇને બે માણસો આવ્યા છે ઇરાનનો બાદશાહ ખુશ થઈ ગયો કહ્યુ 'ઝટ, અદર બોલાવો!' આવ્યા ખબર

પુચ્છા જાતીતો આપ્યો આરામ કે ત્યાં દીન બહાદુર દાખલ
મુકામ ગજુરે ગયો વાઘોને મેં દુ પછી [illegible] અને શિપાઈ
પછી ત્યાં આ લોકો આ વાતની ખબર નીરખન ઘણાકને
પૂછે , "શું વિચાર કરો છો?" આરામ કહે, "મારું નહિ."
ની થી આસન કરો [illegible] કરો તો ભલા!"

આરામ — तुम दोनोंने क्या गुन्हा किया है?

धीरज — इसने क्या किया है?

आराम — इसमें किया है कि आपका दासों की
हुकम मानी ही नहीं न दूं।

આ સાંભળતાં જ પેલો ભાગી ગયો ત્યાં જ રમતો
થઈ ગયો. કાળનો કંઈ કોઈને ન લાગે? એને મારવા માંડી
દેખાવા લાગ્યું. મારી મારી પછી દુખવા લાગ્યા ત્યારે
ધીરજ ગાલ ઉપર હાથ દઈ કહે છે: "इसका कसूर न ही है
दीजिये, हम सब दीजिये।"

વજીર અને આરામ વિચારે છે કે આમ કેમ?
મ વાત કરો આ દિવાન કેમ કહે છે? શું વાત થઈ?
કંઈક ભેદ છે. વજીરે પછી ધીરજને પૂછ્યું: "बताओ
यह बताओ कि तुमने क्या गुन्हा किया है?" ધીરજે
કહ્યું: "जो किया सो सब पूछना मना है, दीजिये।" આરામ
શાહ મુઝાયો, જાહેર કર્યું કે સાત દિવસ પછી ફાંસી
આપીશું.

બંનેને નજરકેદ રાખ્યા છે. પવો રડે છે, ધીરજને

તો બુદ્ધ વાપરી છે એ બધો મામલો જાણે છે કે આ સાળો કોણ છે? છતા હૈયુ કોમળ રાખ્યુ છે પોતાની સાથે તેને પણ બચાવી લે છે એ ધાગ્ત તો પોતાનુ રક્ષણ મેળવી તેને મરાવી શકત પણ સજ્જનનુ હૈયુ સદા સર્વત્ર કોમળ હોય છે

> शतेपु जायते शूर सहस्रपु च पडित ।
> वक्ता दशसहस्रेपु, दाता भवति वा नवा ॥

સેકડોમાથી એક જ શૂરવીર પાકે છે. એવો શૂરવીર ક્યારે સામનો કરી શકે? અદરની નિર્ભયતા હોય ત્યારે ને? અને હજારોમા એક જ પડિત હોય છે દશ હજારે એકાદ જ વકતા હોય છે અને દાતા તો હોય પણ અને ન પણ હોય

> इन्द्रियाणा जये शूर, धर्मं चरति पडित ।
> सत्यवादी भवेद्वक्ता, दाता भीताऽभयप्रद ॥

સાચો શૂરવીર કોણ? જે ઇદ્રિયો પર કાબૂ મેળવે તે જ સાચો શૂરવીર છે સ્હેજ મીઠુ વધારે પડી ગયુ તો ઘરમા બૈરાને લડવા બેસે તે શૂર નથી! "નબળો માટી બૈયર શૂરો" એ આવા માટે જ કહ્યુ છે એમ ને એમ નથી કહ્યું

અને ભક્ષ્યાભક્ષ્ય વિચારીને ખવાય આપણે તો બધુ જ ખવાય, કેમ? એવુ ન રાખશો પડિત તે જ છે, જે દાન, શીયળ, તપ અને ભાવ એ ચાર ધર્મ છે, તેને જિદગીમા વધતે ઓછે અશે આચરી રહ્યો છે

પાટ પર ચઢ્યા એટલે વકતા નથી થઈ જવાતુ. જે સત્યવાદી હોય, સાચુ હોય તે જ કહે, તે જ વકતા છે

અને ભયભીત જીવોને જે અભય આપે છે તે સાચો દાતા છે

બીરબલે બાદશાહના સાળાના કાનમા મત્ર ફૂકયો "હુ કહુ તેમ કરજે કાંઈ બોલીશ નહિ બધો જવાબ હુ આપી દઈશ" સાતમે દહાડે બન્નેને બાદશાહ પાસે હાજર કરવામા આવ્યા બાદશાહે કહ્યુ, 'તૈયાર થઇ જાવ" બીરબલ એવી જ શાતિથી કહે છે "અમે તો કેટલાય દિવસથી તૈયાર છીએ, તમે દેર કરો છો"

બાદશાહે વિચાર્યુ કે નક્કી કઈક દાળમા કાળુ છે પણ કાઇ ગેડ બેસતી નથી ને આ બે તો કશુ કહેતા જ નથી કટાળીને બન્નેને ફાસીના માચડે મોકલી આપે છે ત્યા જઈને આ બન્ને ફાસીએ ચડવા માટે રકઝક કરે છે રસાકસી કરે છે એક કહે, પહેલા મને ફાસી આપો. બીજો કહે, ના, તુ ખસ મને પહેલા ફાસી આપો

ફાસીગરો વિચારમા પડી ગયા કે કોને પહેલો ચડાવવો ? બુદ્ધિના ખેલ ભારે વિચિત્ર હોય છે એમા ભલભલા મુઝાઈ જાય બાદશાહને પૂછાવ્યુ, "આમ વાત છે, શુ કરીએ ?" બાદશાહ ત્યા આવ્યો બન્નેને પૂછ્યુ, "શુ છે ? આવી રકઝક કેમ કરો છો ?" બીરબલ કહે છે "नहीं कहेंगे, आप आपका काम करें, हम हमारा" બાદશાહ

ચિડાયો આખ લાલ કરીને પૂછ્યુ "सच कहदो क्या बात हैं? नहि तो हम दोनोंको वापस दिल्ही भेज देंगे।"

ગભરાતો હોય એવો દેખાવ કરીને બીરબલે કહ્યુ "જહાપનાહ! દિલ્હીમા કાઇ ફાસીનો તોટો નથી ઘણી ફાસીઓ છે છતા અમને બેને અહી સુધી કેમ મોકલ્યા હશે? વિચારો તો ખરા!" આમ ધીમે રહીને બાદશાહને સદેહમા નાખ્યા શાહે કહ્યુ "જરૂર કહો કે તમને અહી કેમ મોકલ્યા? હુ તમને ફાસીએ નહી ચડાવુ હવે તો નહિ કહો તો પણ નથી જ ચડાવવાનો"

બીરબલની બુદ્ધિએ લાગ જોઇને જવાબ વાળ્યો "શાહે આલમ! અમારા બાદશાહને ઇરાન જીતી લેવાની મુરાદ છે પણ એ મેળવવુ અશક્ય છે એમા એક જોશી મળી ગયો એણે ઉપાય બતાવ્યો કે અમારા બેમાથી ઈરાનમા જેને પહેલી ફાસી મળે તે મરીને ઇરાનનો બાદ શાહ થાય અને બીજો ફાસીએ ચડશે તે ત્યાનો વજીર થશે આથી અમે અમારા રાજ્યમા આપઘાત કરીને મરી ન જઇએ એટલા માટે માણસો સાથે અમને અહી મોકલી દીધા છે સાચી હકીકત આ છે"

હવે ઇરાનનો શાહ ફાસી આપે ખરો? બન્નેને પાછા મોકલી આપ્યા બન્ને મરણથી બચી ગયા બીરબલ-ની બુદ્ધિથી બન્ને દિલ્હી આવ્યા બધી વાત બાદશાહને જણાવી

અકબર બાદશાહે કહ્યુ કે હવે મારે બીરબલનુ પદ મારા સાળાને આપવાનુ છે

સાળો ના પાડે છે "નામદાર! જેનુ કામ જે કરે બીરબલનુ કામ મારાથી નહિ થાય તેના પદે તે જ બરાબર છે બીરબલ જે બુદ્ધિ લડાવી શકે છે એવી મારી તાકાત નથી."

બીરબલ પોતાનુ રક્ષણ મેળવીને પેલાને ફાસીએ ચડાવી શકત પણ તેણે એવુ ન કર્યું સાથીદારને પણ બચાવ્યો વિષ્ટ પરિસ્થિતિમા પણ કોઇના પ્રત્યે દુર્ભાવ ન સેવવો પ્રત્યેક વાતની મર્યાદા રાખવી

હમેશા હૈયુ કોમળ રાખજો દયાળુ બનજો
લજ્જાળુ બનજો નિલજ્જ ન બનશો

ઘરમા વૃદ્ધ હોય તો તેનુ માન સાચવજો કદાચ ધાર્યુ કરો તો પણ વડીલની અનુમતિ મેળવીને કરજો આઘટોડ કરીને કરજો તેમનો વિનય વિવેક જાળવવો તે પણ હૈયાની કોમળતા હશે તો જ શક્ય બનશે ધર્મની જે મર્યાદાઓ છે તે પણ સાચવવી જોઇએ જેના હૈયામા અદરથી કોમળતા હોય તે જ આ સાચવી શકે છે જેના હૈયામા કોમળતા નથી, તે બિચારા કેદારની જેમ દુખી થાય છે

રત્નપુર નામનુ નગર છે ત્યા રત્નસાર શેઠ વસે છે કેદાર નામે તેને પુત્ર છે શેઠ ખૂબ ધનવાન છે ધનવાનના

સતાનોમા બહુલનાએ વિનય વિવેક આવે તો આવે, પણ દુર્ગુણોનો પહિયો તો હોયજ બાપ આવા દુર્ગુણી દીકરાને પણ બધુ સોપી દે પાચ પચીસ રૂપિયાની મૂડી સોપતા પણ તમે કેટલા વિચાર કરો છો ? કેટલા ગુણવાળાને સોપો ? પૈસા જ્યાથી પાછા આવે તેમ હોય તેને જ સોંપો ને ? જૂની પેઢી હોય ! હિસાબ જેના ચોખ્ખા હોય ! સચાલકો સારા હોય ! કેટલુ જુઓ છો ? અને દીકરામા આવુ બધુ કેમ નહિ જોતા હો ? ત્યા બધો જ ટ્રસ્ટ એમ ? દીકરો છે એટલે ગુણ જ હોય એવુ ખરૂ ને ? દીકરો કેદાચ દુર્ગુણે ચડેલો છે, છતા બાપને વિશ્વાસ છે કે ધીમે ધીમે લાઇન પર આવી જશે

ઘરમા કલાપક નામે પોપટ છે દીકરા કરતાય બાપને પોપટ પર અધિક વિશ્વાસ છે બાપ ધીમે ધીમે દીકરાને કેળવના મહેનત કરે છે પણ નથી કેળવાતો પણ એણે પોપટને બરાબર કેળવ્યો છે અને તેનુ પાજરૂ ઘરમા એવી જગ્યાએ મૂકાવ્યુ છે કે ઘરમા શુ થાય છે, શુ ચાલી રહ્યુ છે, એ બધી તેને ખબર પડે ઘરમા સૌને એ પોપટ ગોઠે

શેઠ એક દિવસ છોકરાને બોલાવીને સાત શિખામણો આપે છે પોપટનુ પાજરૂ પણ પાસે મૂકાવ્યુ છે પોપટને કહે છે તુ પણ સાભળજે એ સાત શિખામણો આપીને છોકરાને કહે છે કે આ શિખામણો માનજે, ને સીધી રીતે ચાલજે પોપટનુ પણ ચોક્કસ સાભળજે વિપત્તિમા તને બચાવનાર એ સાચો મિત્ર માનજે અને પોપટને કહ્યુ કે તુ આના પર દેખરેખ રાખજે

આ રીતે બન્નેને ઘરનો ભાર સોપીને શેઠ તો મરી ગયા એ પછી થોડા દિવસ બધુ-સીધુ ચાલ્યુ પણ પછી તો સરખે સરખી જોડી એવી મળની હોય છે કે વાતાવરણ જલ્દી અજાદી ફેરવાઈ જાય બે ચાર મિત્રો એવા મળી ગયા છોકરો આડે રસ્તે ચડી ગયો નગરમા કામપતાકા વેશ્યાને ત્યા જતો આવતો થઈ ગયો

પોપટને ખબર પડી ગઈ ગધ આવી ગઈ કેમકે કયાક જતા આવતા થાય એટલે ઘેર આવવામા અનિય મિતતા આવે જ

એમા એક દિવસ એ વેશ્યાની દાસી મદના સધ્યા ઢળતા કેદારના ઘેર આવી તેને જોતાવેત જ પોપટે પૂછ્યુ રે બાઈ! તુ કોણ છો? કયાથી આવી છો? દાસીએ આમ તેમ જોયુ તો કોઇ માણસ ન દેખાયુ ત્યા તો ફરી પોપટે પૂછ્યુ દાસી સમજી ગઈ એ નવાઇ પામી મનુષ્યની ભાષામા વાત કરતા પોપટને જોઇને એતો ગભરાઇ જ ગઇ હવે ત્યા શુ બને છે? દાસી અને પોપટ વચ્ચે શી વાત થાય છે? તે અગ્રે અધિકાર વર્તમાન જોગ



(૨) મીઠું બોલજે

ગઈકાલે પહેલા અમૃત વાક્યમા કહેવામા આવ્યું હતુ કે મનથી પણ કોઈનુ અશુભ ન ચિતવાય તે ધ્યાન રાખવુ મન અત્યત કોમળ હોવુ જોઇએ હૈયામા દયાનુ ઝરણુ ન સૂકાઈ જાય તેનુ ધ્યાન રાખવુ કેમ કે જેવા વિચાર તેવો ઉચ્ચાર અને હૈયે તેવુ હોઠે આવે

ભગવત પણ ગૌતમસ્વામીને કહે છે ત્યારે હે ગોયમ! એમ અત્યત કોમળ શબ્દોમા કહે છે પ્રભુનુ હૈયુ એટલુ બધુ કોમળ છે કે જીવમાત્રનુ હિત થાય એમ જ તેઓ અતરથી, હમેશા ઇચ્છે છે હૈયાની કોમળતા વાણીમા મીઠાશ લાવે છે જેના હૈયામા હળાહળ ઝેર જેવી કડવાશ ભરી હોય, જેના હૈયે કોઇનુ હિત નથી વસ્યુ, તેની વાણીમા કઠોરતા છે, એમ સમજવુ વાણીની મીઠાશ એ લોકપ્રિયતાનુ કારણ છે માટે જ મહાપુરુષ કહે છે કે હૈયુ કોમળ રાખજો

બીજુ અમૃત વાક્ય છે "वच सुमधुरं" वच -વચન-વાણી સુમધુર–અત્યત મીઠી રાખજે મધુર એટલે મીઠુ, છતા એની આગળ 'સુ' કેમ લગાડયો છે? "સુસ્વાગત" ના સ્વાગત શબ્દમા જ 'સુ' સમાયેલો છે 'સુ-આગત= સ્વાગત,' છતા તેની આગળ બીજો 'સુ' શા માટે જોડયો છે?

તો द्विर्बद्धं सुबद्धं भवति–વ્યાકરણ શાસ્ત્રનો નિયમ

છે કે એકની એક વાત બે વાર કહેવાય તો તે વાત દઢ થાય છે એ માટે જ–સ્વાગતને દઢ કરવા માટે જ બીજો 'સુ' જોડીને 'સુસ્વાગત' કહેવામા આવે છે અહીં પણ, 'મધુર' ન કહેતા 'સુમધુર' શબ્દ પ્રયોગ કર્યો છે માટે વાણી અત્યત મીઠી રાખવી.

આ વાત બહુ સીધીસરળ નથી પોલ્સનથી ભરપૂર વાતો કરીને અ થને છેતરવા માટે વાણી મીઠી રાખવાનું નથી કહ્યું "મુખમે રામ, બગલમે છુરી, ભગત ભયે હમ દાનત ખૂરી" આવી વાણી નથી સમજવાની વગર મીઠાશે બોલેલી વાણી તો ચાપલુગી ભરેલી લાગે છે એમા કાઈ સાર ન હોય

હૈયાની કોમળતા જ વાણીમા મીઠાશ લાવશે હૈયાની કોમળતા જુદી જ વસ્તુ છે ભગવ ત પણ વાણીમા મીઠાશ રાખે છે અને ગૌતમ સ્વામીને પૂછે છે "गौतमेन्द्र भूते! त्व, सुखेनागतवानसि ?" હે ગૌતમ ! ઇ દ્રભૂતિ ! તમે સુખ પૂર્વક તો આવ્યા છો ?" ભગવ ત સર્વજ્ઞ છે વીતરાગ છે છતા આમ ત્રણ આપીને મીઠાશથી બોલાવે છે માટે જીભને બગાડશો નહી

પ્રભુ તેના ટીલા ટપકાના આડબરથી અ જાઇને બોલાવે છે એમ ન માનશો પણ વિચારે છે કે આનાથી ઘણા પામવાના છે આ શાસનને ચલાવનાર છે, શોભાવનાર છે, એ માટે બોલાવે છે

આપણે તો કહી દઈએ કે "બેસ બેસ, ત્યારે તો

તુ મારા માટે કેવુ બોલતો હતો! હવે શુ મો લઇને અહી આવ્યો છે?" ભગવત બધુ જ જાણે છે, છતા કેવી મીઠાશથી બોલાવે છે! જીવનમા આ જ સાચવવા જેવુ છે જીભને બગાડવા જેવી નથી

શાસ્ત્રમા વાણીના આઠ ગુણો કહ્યા છે એમા પહેલો જ ગુણ મૂકયો છે ૧ મધુર, મધુરતા બોલતા પહેલા વિચાર કરવો, 'હુ બોલુ છુ તે વાણી કેવી છે? મધુર છે કે કઠોર છે? હલકી નથી ને? પ્રભુનો અનુયાયી હરહમેશ મધુર જ બોલે એટલે દીનતાથી બોલે એમ નહિ, એ પણ સમજી લેવાનુ છે એ તો "આવો ભાઈ! બેનો ભાઈ! તમને કેમ છે? કેવુ લાગ્યુ? સારૂ ને?" આવુ બોલે તમને સારૂ લાગે એવુ બીજાએ બોલવુ જોઇએ તો પછી તમારે કેવુ બોલવુ જોઇએ? વિચારજો અને, સામો તમારી મીઠી વાણીથી આધીન થઇ જશે

૨ નિપુણ-નિપુણતા એ વાણીનો બીજો ગુણ છે હુ કહીશ તો મારૂ વચન રહેશે કે કેમ? એમ વિચારી શકે, જાણી શકે, અને એ રીતે બોલે મધુર વચન પણ હોશિયારીથી બોલ્યા હોઈએ તો કાર્યસિદ્ધિ થાય મધુર વાણીની સાથે કાર્યસાધક બોલીએ તો રામબાણ નીવડે છે મતલબ કે મધુર અને અસરકારક બોલાયેલુ હોય તો કાર્ય થયા વિના રહે જ નહી મહાપુરુષો આપણને બોલતા શીખવાડે છે "મધુર ને અસરકારક બોલો"

૩ સ્તોક-સુનાગ બોલવુ, થોડુ બોલવુ લાભ બોલવાથી શ્રોતાને કંટાળો આવી જાય જેમ તેમ બોલવાથી વસ્તુની કિંમત ઘટે છે હમેશા ભાવનો વધારો કોનો થાય? ઓછી વસ્તુનો ને? માટે મિતભાષી થવુ

"વચન રતન મુખ કોટડી, ચુપકી તાળા દેય"

કીમતી વસ્તુને તિજોરીમા મૂકોને? મૂલ્યવાન વસ્તુ જ હમેશા તિજોરીમા મૂકાય પછી તેને તાળુ લગાવવાનુ. તેની ચાવી કબાટમા અને તેની ચાવી કેડ અને પછી પછી પછી હાથ કર્યા જાય?

તો વાણી પણ એક રત્ન છે વચનરૂપ રત્નને માટે મુખ એ તિજોરી છે તેને ચૂપકીનુ તાળુ લગાવવાનુ હોય છે ચૂપ રહેવાનુ તાળુ જે ચૂપ રહે તેને સૌ સામેથી બોલાવે કે 'બોલ ભાઈ, તારે મન શો છે?" માટે જરૂરી બોલો, બિનજરૂરી ન બોલો માટે જ કહ્યુ કે સ્તોક-મિતભાષી થવુ

૪ કાર્યપતિત-વચન મીઠુ બોલે, નિપુણ બોલે થોડુ જ બોલે, પણ એ પણ કયારે? જ્યારે એમ લાગે કે કાર્ય આવી પડયુ છે અને બોલ્યા વિના છૂટકો જ નથી, તો જ બોલે કાર્ય હોય તો જ જરૂરી-જરૂર પૂરતુ બોલે વિચાર કરનો કે અત્યારે મારે બોલવા જેવુ છે? અવસર છે? એનુ નામ જ કાર્યપતિત વચન

આપણે તો? બે સામસામા મળ્યા એટલે બસ! પછી પૂછવુ જ નહિ! ઝાપામા ન આવે એટલા મોઢ આવી

જાય ! અમુકની ચોરી આવી નીકળી ! પેલાનો છોકરો ખરાબ પાકયો ! ફલાણી છોકરી ભાગી ગઈ ! ચાલુ થઈ જાય વગર છપાયેલા તાજા સમાચાર જાણવા હોય, તો 'શું ખબર છે ?' એટલું પૂછ્યું એટલે ચાલુ ! કોઈકની નિંદા કરવી હોય ત્યારે મુખેથી જડી જ વરસે ! ખરેખર કોઈ 'ગાળ' બોલવાની જરૂરી નથી હોતી પણ તોય બે ચાર ચોપડાવે કોઈને, તો જ શાંતિ થાય ! કોઈનો અવર્ણવાદ બોલવો હોય, નિંદા કરવી હોય, આળ ચડાવવું હોય, તો વિચાર કરવાનીયે જરૂર નહિ ! બેડર્ડ ચાલુ !

મહાપુરુષો કહે છે કે સમયાનુસાર-સમય જોઈને બોલવું તેનું નામ કાર્ય પતિત

"अवसरपठिता वाणी गुणगणरहिताऽपि शोभते पुंसाम्" અવસરે બોલાતી વાણીમાં કોઈ અલંકાર ન હોય, કોઈ શબ્દશણગાર ન હોય, છતાં તે અવસરોચિત છે માટે શોભે છે બિનજરૂરી બોલાતી વાણીની કિંમત ન હોય સવારથી સાંજ સુધી બોલાતી તમારી વાણી કેવી છે ? તપાસી લેજો

૫ गर्वरहित–વાણીમાં નમ્રતા રાખવી "તમારી વાત તો સાચી છે પણ અત્યારે મને બરાબર નથી લાગતી" કોઈની વાતને તોડી ન પાડીએ ને આવું કહીએ તો કેવું મધુર લાગે !

કેટલાક ઘમંડથી બોલતા હોય છે "કેમ ? શું છે ? આમ કરો છો કે નહિ ? ઝટ જવાબ આપી દો !" પણ

આવુ ઘમંડ ન કરતા નમ્રતાથી બોલવુ અભિમાનની દુર્ગંધ વચનમા આવવા ન દેશો ખોરાકમા કાદા લસણની દુર્ગંધની જેમ વચનમા અભિમાનની દુર્ગંધ આવે છે માટે નમ્રતાથી બોલવુ

વાણીની નમ્રતા પણ બહુ જ જરૂરી વસ્તુ છે બિન-જરૂરી ન સમજશો ગર્વયુક્ત વચનથી કેવા નુકસાન થાય છે તે વિચારો અને પહેલા તો સામો માણસ વાત કરવા આવતા જ વિચાર કરશે કે "જવા દે ને ! એની પાસે જઈશ તો ઘમંડ ને અક્કડતાથી જ વાત કરશે" આવુ ન બને, સામો આપણાથી કંટાળે નહિ, એ માટે પણ વાણીની નમ્રતા જીવનમા ઉપયોગી છે

૬ અતુચ્છ-વાણીમા હલકાઈ ન લાવશો, જરીકે તુચ્છતા ન લાવશો નાનુ બાળક પણ સાચી વાત કહે તો તેને બરાબર સાભળજો તુચ્છતા ન વાપરશો કોઈને માટે કદી અપશબ્દ ન વાપરશો

એક રાજાએ સભામા પ્રશ્ન કર્યો "એવુ કયુ પ્રાણી છે જે પોતાના પગની સખ્યા વધારે છે અને ઘટાડે પણ છે? પહેલા પ્રહરે ચાર પગ, બીજા પ્રહરે બે પગ અને ત્રીજા પ્રહરે એના ત્રણ પગ હોય છે પણ જ્યારે બે પગ હોય છે ત્યારે એ અધિક શક્તિશાળી હોય છે આવુ પ્રાણી કયુ હોય?"

સભામા એક ડાહ્યો મનુષ્ય બેઠો હતો એણે ઉત્તર

આપ્યો "મનુષ્ય એ આવુ પ્રાણી છે એ જન્મે ત્યારે ચાર પગ (૨ હાથ, ૨ પગ) હોય છે, યુવાન બને ત્યારે બે પગ હોય અને ત્યારે જ એ શક્તિશાળી પણ હોય અને જીવનની સધ્યાનો ત્રીજો પ્રહર-વૃદ્ધાવસ્થામા લાકડી મળતા એ ત્રણ પગવાળો બને છે"

વાણી બોલો તો આવી રહસ્યમય અતુરછ બોલજો, શબ્દોમા હલકાઈ ન વાપરશો

૭ પૂર્વમતિસ્કલિત-અહી જરૂરી છે તો કેવુ બોલવુ જરૂરી છે તેનો પૂર્વ વિચાર કરીને, પછી ઉચિત લાગે એટલુ જ બોલવુ આ પણ વાણીનો એક ગુણ છે

એક વખત મુલ્લા નસરૂદ્દીન મુસાફરી કરી રહ્યા હતા ટ્રેઇનમા બેઠા છે એમનો દુશ્મન પણ તે જ ડબ્બામા ચઢયો બન્ને મળે એટલે એ ઘુરકે, એવો એ ઈર્ષ્યાળુ-દ્વેષી દુશ્મન હતો એ કેટલાક વખતથી લાગ શોધતો જ હતો, એ આજે મળી ગયો મુલ્લા સૂઈ ગયા પેલાએ જોયુ કે બરાબર નિદ્રાધીન છે એટલે એણે મુલ્લાની પેટી ઊચકીને ચાલુ ટ્રેઈને ફેકી દીધી થોડીવારે મુલ્લાજી જાગ્યા જોયુ તો પેટી ન મળે! સમજદાર હતા, સમજી ગયા કે આ ભાઈ સાહેબનુ કામ લાગે છે ધીમે રહીને તેને જ પૂછ્યુ 'ભાઈ! મારી પેટી જોઈ?' જવાબ મળ્યો "એ તો ફરવા ગઈ છે! હમણા જ ગઈ" મુલ્લા શાત રહ્યા કાઈ જ ન કહ્યુ થોડીવાર પછી પેલો સૂઈ ગયો મુલ્લાએ તકનો લાભ ઊઠાવ્યો, પેલાનો બધો સામાન ફેકી દીધો પેલો ઊઠીને જુએ તો સામાન ન મળ્યો પૂછ્યુ "મુલ્લાજી! મારો

સામાન ક્યા ગયો ?" મુલ્લાજીએ એવા જ ઠંડે કલેજે જવાબ આપ્યો "એ તો મારી પેટીને-એની સખીને શોધવા ગયો!"

તો થોડુક પણ એવુ બોલીએ કે જે જરૂરી હોય બોલજો ખરા પણ પરાપૂર્વનો વિચાર કરીને, ઉપજે એવુ છે કે કેમ, બોલવાથી મને લાભ કેટલો થશે, નુકસાન તો નહી થાય ને, એવા વિચારપૂર્વકનુ બોલવુ

૮ ધમ્મયુત્ત-નિષ્પક્ષ બોલજો, કોઇને ન્યાય મળે તેવુ બોલજો કોઇનુ અહિત થાય તેવુ ન બોલશો પક્ષપાતવાળુ ન બોલવુ કોઈને ન્યાય આપવા જતા અન્યાય ન થઈ જાય એનુ ધ્યાન રાખવુ વાણીમા થોડુ ધ્યાન રાખીએ તો આપણો સસાર જે ક્લેશમય છે તે સહેજે સરળ બની જાય મહાપુરુષો સરળ-સામાન્ય એવી વાતોને સરસ સમજાવે છે જીવનમા આવી વાતોને ઉતારજો અને અપનાવજો

જ્યારે બોલો ત્યારે તમારી વાણીને તપાસી લેજો કે જે તમે કહેવા માગો છો તે સત્ય છે? ભલે સાચુ હોય પણ એ શુભ છે? એનાથી કોઈનુ ભલુ થાય તેવુ છે કે નુકસાન? એ કોઈનુ અહિતકારી તો નથી ને? વ્યર્થનુ તો નથી ને? કેટલીક વખત વાણી સાચી હોય છે, પણ શુભ નથી હોતી જેમા સત્યતા હોવા છતા શુભતા નથી, કોઇનુ હિત નથી, એવી વાણીની જરૂર નથી, એ બિનજરુરી છે

એક રાજા હતો તુક્કો સૂઝ્યો પડોશના ગામની પરીક્ષા કરવાનુ મન થયુ કહેણ મોકલાવી દીધુ "તમારા ગામમા મીઠા પાણીનો કૂવો છે તે રાજાને માટે મોકલી આપો"

ગામડિયા લોકો વિચારમા પડયા. કૂવો કેવી રીતે મોકલવો ? ઉપાય નથી સૂઝતો

એવામા કોઈ બુદ્ધિમાનને ઉપાય મળી આવ્યો એણે જવાબ શોધી આપ્યો એ પ્રમાણે ગામ લોકોએ રાજાને જવાબ કહેવડાવ્યો "અમારો કૂવો તો આવવા તૈયાર છે પણ બિચારો શહેરનો અજાણ છે, ગામડિયો છે રસ્તાનોય જાણકાર નથી તેથી તેની સોબત માટે શહેરના કૂવાને મોકલી આપો તો સાથે આવીને આને લઈ જાય."

પેલો કૂવો આવે નહી આ કૂવો જાય નહી આનુ નામ જરૂરના સમયે જરૂરી વાણી આનુ નામ સાર્થક વાણી

પેલો કેદાર ! પિતાના મર્યા પછી ત્રણ વર્ષ તો સારી રીતે ચલાવ્યુ પણ માનવ સ્વભાવ જ એવો છે કે કહ્યાથી વિપરીત ન કરે ત્યા સુધી એને ચેન જ ન પડે ! એ કામપતાકા વેશ્યાને ત્યા જતો થઈ ગયો છે સમયસર ઘેર આવતો નથી પોપટ જુએ છે કે છોકરો અનિયમિત થઈ ગયો છે એ સમજે છે કે છોકરો અનિયમિત ક્યારે બને ? આડો અવળો ભટકતો થયો હોય તો જ ! એમા વેશ્યાની દાસી ઘરમા આવી છે એને જોઈને પોપટ પૂછે છે રે બાઈ ! તુ કોણ છે ?

ઘરમા કોઈને ન જોતી દાસી વિચારમા પડી ગઈ કે આ કોણ બોલે છે ? આવા જીવો પોપટ જેવા પખીને ક્યાથી જુએ ? જોતી જ નથી પોપટ ફરી બોલ્યો "અરે

આઈ, તુ આજુબાજુ શુ જુએ છે? મારી સામે જો તારૂ નામ શુ છે?"

"મારૂ નામ મદના છે, શેઠને મળવા આવી છુ કયા છે શેઠ?"

"શુ કામ છે શેઠનુ?" પોપટે પૂછ્યુ

દાસી, "તારે શુ ડહાપણ કરવાનુ? તુ કોણ છે?"

પોપટ "હુ કેદારનો માલિક છુ"

દાસી "ઓહો! આ તો શેઠ કરતા વાણોતર ડાહ્યા!"

પોપટ "ક્યાથી આવી છો તુ?"

પોપટનો ગુસ્સો જોઈને ગભરાઈ ગયેલી દાસીએ કહી દીધુ "શહેરમાથી આવી છુ"

પોપટ "ફરી આવીશ નહી ભાગી જા અહીથી"

દાસી હાથ ઘસતી ભાગી ગઈ દાદરો ઊતરીને રવાના થઈ ગઈ

થોડીવાર થઈ ને પેલો કેદાર આવી પહોચ્યો ઘરમા પગ મૂકયો કે કલાપકે પૂછ્યુ "કેમ મોડો આવ્યો?"

એને ઠપકો તો અપાય નહિ, એટલે એ ચૂપ રહ્યો કાઈ બોલ્યો નહિ એ જોઇને કલાપકે ઘરમા બધા સાભળે તેમ, ડબલ મોટા અવાજે પૂછ્યુ- "કેમ મોડો આવ્યો?"

કેદાર કહે "ધીરજ રાખ, ઉતાવળો ન થા હમણા શાતિથી એકલા તારી સાથે વાત કરીશ"

પણ પોપટ તો આજે પૂરા ગુસ્સામાં હતો એણે તો કહી દીધુ "જે ખોટુ કરે તેને એકાત જોઈએ તને કોની શરમ છે? તુ કોણ? તારો બાપ કોણ? એને જરા વિચાર તો કર! અચ્છા, ખોટુ કરતા શરમ ન આવી ને હવે મને જવાબ આપતા શરમ આવે છે? તુ નહાતો ને ત્યારે, હમણા જ, એક બાઈ આવી હતી તુ એમ ન માનીશ કે તારી વાત કોઇ નથી જાણતુ!"

કેદાર મનમા વિચારે છે કે આ તો બધુ જાણી ગયો લાગે છે એ ગભરાયો એને થયુ કે આ કયાક બધુ બોલી નાખશે! એણે કહ્યુ "ભાઇ કલાપક! બોલીશ નહિ હમણા થોડીવાર પછી બધુ તને કહીશ"

પણ આવા ભૂતની તો ચોટલી હાથમા આવી જાય ત્યારે જ એ હેઠો બેને પોપટે આવેલી તક ન જવા દીધી એ કહે છે "કેદાર! તારા બાપે મરતા પહેલા તને સાત શિખામણ આપી છે, તે પણ તુ ભૂલી ગયો? એમા પહેલી જ શિખામણ છે-"अज्ञातेषु न विश्वसनीय"–અજાણ્યાનો વિશ્વાસ ન કરવો એ પણ તુ ભૂલી ગયો?

બૃહસ્પતિ કહે છે કોઇનો પણ વિશ્વાસ ન કરવો बृहस्पतिर्विश्वास ।

એક વાણિયો તેને એકનો એક દીકરો એ કેમ વધુ હોશિયાર થાય! એની વાણિયાને ચિંતા છે એ એને હોશિયાર બનાવવા માટેના લાગ શોધતો જ રહે છે ને એને ટપારતો રહે છે એક દિવસ એ બહારથી આવી રહ્યો છે

એણે જોયુ તો છોકરો વડીપર ચડયો હતો વાણિયો ઊભો રહ્યો ને કહ્યુ "અલ્યા, આટલે બધે ઊંચે ચડયો છે તો ત્યાથી પડતા આવડે છે ?"

છોકરો "હા બાપા ! પડતા તો આવડે છે પણ પડતા વાગે તો ?"

બાપે કહ્યુ "પડતા વાગે તો હુ ઊભો રહીશ"

"પણ તમે ખસી જાવ તો ?"

'ના ના, નહિ ખસી જાઉ "

"પણ તમે ખસી નહિ જાવ એની શી ખાતરી ?" છોકરાએ બાપાની ખાતરી માગી વાણિયાનો છોકરો છે ને ?

પેલો બાપ કહે 'અલ્યા વાણિયાનો દીકરો છે ને સગા બાપનોય વિશ્વાસ નથી ? ચાલ, હુ ઊભો રહુ છુ મૂક પડતુ "

છોકરો "સારૂ બાપા ! તો વિશ્વાસ મૂકુ છુ તમારા પર" એમ બોલતા એણે પડતુ મૂકયુ એ જ પળે બાપ આઘાદ ખસી ગયો ને છોકરો પટકાયો નીચે નીચે ધૂળ હતી, એટલે છોકરાને વાગ્યુ તો નહિ, પણ તરત જ એણે બાપને કહ્યુ "બસ ને બાપા ! વિશ્વાસ આપીને આવુ જ કર્યું ને ?"

બાપ કહે "દીકરા ! આ તો મે તને પહેલો પાઠ ભણાવ્યો કે સગા બાપનોય વિશ્વાસ રાખવો નહિ"

નીતિકારો તો સગા બાપનોય વિશ્વાસ કરવાની ના

કહે છે, તો અજાણ્યાનો વિશ્વાસ તો કઇ રીતે થાય જ ? પેલો પોપટ પણ કેદારને એ જ સમજાવે છે ને કહે છે "કેદાર ! પેલી બાઇ આવી હતી, તેને તુ ઓળખે છે ? કોઈ પાડોશી જુએ તો કેવુ ખરાબ લાગે ? હવેથી કયાય જઇશ "

આમ ઘણુ ઘણુ સમજાવતા એને થોડી અસર થઇ થોડા દિવસ સીધુ ચાલ્યુ પણ પછી પાછો મોડો આવવા માડયો એટલે પોપટ એને બીજી શિખામણ યાદ અપાવવા વિચારે છે એ બીજી શિખામણ કઈ છે ? અને પોપટ એને શુ સમજાવે છે ? તેનુ સ્વરૂપ અત્રે અધિકાર



(૩) દૃષ્ટિ પ્રસન્ન રાખજો

મહાપુરુષો કહે છે કે હૈયામા દયા રાખજો અને વાણીમા મધુરતા રાખજો કેમકે દયા તો મોક્ષના તાળાને ખોલવાની ચાવી છે અને વાણીની મધુરતા એ ચિત્તની કોમળતાની સૂચક છે

હૈયુ નિર્મળ છે અને વાણી મધુર છે તેની પરીક્ષા કેવી રીતે કરશો ? ઠગની વાણીમા પણ મધ છે, પણ તેથી તે દયાળુ અને મીઠાબોલો છે એમ સમજશો નહિ ધ્યાન રાખજો, "આપણે કોઈને છેતરીએ નહિ પણ કોઈથી છેતરાઈએ પણ નહિ"

જ્ઞાનના બે ફળ છે કોઈ પણ ક્રિયા નિષ્ફળ નથી હોતી દરેક ક્રિયાનુ કાઈ ને કાઈ ફળ હોય જ છે જ્ઞાન પણ એક ક્રિયારૂપ જ છે અને તેના પણ બે ફળ છે (૧) સત્‌મા પ્રવૃત્તિ કરવી અને (૨) ખોટાથી નિવૃત્ત થવુ, જેથી ભાવી નુકસાન ન થાય આવો ઉત્તમ જ્ઞાનનો લાભ છે સત્કાર્યમા જોડે અને દુષ્કૃતથી વિરામ પમાડે તેનુ નામ જ્ઞાન કોણ ઠગ છે અને કોણ ખરેખર મીઠાબોલો છે ? દયાળુ છે ? તેનુ પણ જ્ઞાન મેળવજો તો છેતરપિંડીથી બચશો એની પરીક્ષા કઈ રીતે કરવી ?

તો आकृतिर्गुणान् कथयति–આકૃતિ જ માણસના ગુણ

કહી દે છે આકૃતિ એટલે મુખારવિંદ, તે ઉપરથી માણસના મનને વાચી શકાય છે.

આપણા શરીરમા 'અર્ધામા રામ છે અને અર્ધામા ગામ' છે શરીરના અર્ધ ભાગમા મુખ છે મનુષ્યનુ મુખ એજ એની આકૃતિ છે અથવા તો મો એ જ મનુષ્યનુ સર્વસ્વ છે

"धन्या पितृमुखी कन्या धन्या मातृमुख सुत ।"

જે કન્યાનુ મુખ બાપના જેવુ હોય તે પ્રાય દુખી ન હોય અને માતાના મુખે ગયેલો—મા જેના મોવાળો દીકરો પણ ભાગ્યશાળી હોય છે આ કથન મોટે ભાગે સાચુ હોય છે એટલે ગુણ—અવગુણ આકૃતિ દ્વારા વચાય છે

यथा नेत्रे तथा शील यथा नासा तथाऽऽर्जवम् ।
यथा रूपं तथा वित्त, यथा शील तथा गुणा ॥

જેવી આખો હોય તેવો સ્વભાવ હશે જેવુ નાક તેની સરળતા નાક જેટલુ વાકુ એટલી સ્વભાવમા વક્રતા જેવુ રૂપ તેવુ ધન અને જેવો સ્વભાવ હશે, તેવા ગુણ કે અવગુણ પણ હશે

નિચોડ એ છે કે આપણે કેવા છીએ તે સ્વભાવ જ બતાવી દે છે અને એ સ્વભાવની ખબર આપણી દૃષ્ટિ ઉપરથી—આપણી આખ ઉપરથી જ પડી જાય છે માટે દૃષ્ટિ એ જ મોટી વસ્તુ છે એટલેજ મહાપુરુષે ત્રીજા અમૃત-વાક્યમા કહી દીધુ કે "दृष्टि प्रसन्नोज्ज्वला—દૃષ્ટિને પ્રસન્ન રાખજો, નિર્મળ રાખજો",

જે મનુષ્યની દૃષ્ટિ પ્રસન્ન હોય તેના મુખ પર હમેશા આનંદ ઉલ્લાસ જ દેખાતો હોય

યાદ રાખો, સંસારમા કોઈનું ધાર્યું થતુ નથી, માટે થાય એટલુ સારૂ કરી લેવુ પણ અફસોસ ન કરવો આ સંસારમા કોઈનુ ધાર્યું થતુ નથી, થવાનુ પણ નથી અને હજુ સુધી થયુ નથી છતા આપણે તો આપણુ ધાર્યુ થાય એનો જ પ્રબળ પુરુષાર્થ કરીએ છીએ !

માટે નિરાશ થવુ નહિ ઉદાસ રહેવુ નહિ ધાર્યું ન થાય તો દુઃખી થવુ નહિ આતો "કયુ ભાઈ ઉદાસ ? તો કોઈ ન મળ્યા વિશ્વાસ" દુકાને બેસીને એક જ લગની કે ક્યારે કોઇ આવે ને લાગમા લઉ ! પણ કદી વિચાર્યું ખરૂ કે "મળવુ ન મળવુ કર્મને આધીન છે, ભાગ્યાધીન છે, પણ મહેનત કરવી, પુરુષાર્થ કરવો તો તારે આધીન છે ?" મેળવવાની પણ મહેનત કરવી ખરી પણ ખોટી મહેનત ન કરવી ને અફસોસ ન કરવો

ભગવંતે ત્રીસ વર્ષે સંયમ લીધો, પણ કેવળજ્ઞાન તો સાડા બાર વર્ષ પછી મેળવ્યુ પણ ભગવંતે કેવળજ્ઞાન ન મળ્યુ ત્યા સુધી પોતાનો પુરુષાર્થ મૂકી દીધો નથી ચાલુ જ રાખ્યો બાર બાર વર્ષ કઠોર તપ તપ્યુ ઘોર ઉપસર્ગો અને પરીષહો સહ્યા પરીષહમા દૃઢકાય બન્યા કર્મ ખપાવવા માટે સામેથી અનાર્ય ભૂમિમા વિચર્યા ત્યારે એમણે કેવળ જ્ઞાન મેળવ્યુ છે !

પણ કોણ જાણે, માનવસ્વભાવ જ એવો છે કે તે

આવુ કેળવી શકયો જ નથી એને તો મળે તો ઘણો આનદ થાય ને ન મળતા નિરાશ પણ ઘણો થાય. મહાપુરુષો કહે છે કે કોઇ વાતમા નિરાશ થવુ નહી, પછી ભલે મળે કે ન મળે! વિકટ પરિસ્થિતિમા પણ મુખાકૃતિ પ્રશાત રહેવી જોઈએ 'वदन प्रमादसदनं"

આનદઘનજી મહારાજે પણ કહ્યુ છે "ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યુ" હે પ્રભો! તુ જ મારો સ્વામી છે તારા સિવાય આ સસારમા મારુ કોઈ નથી સાચુ કહેજો કોઈ છે? નથી ને? પણ તો મનગમતી વસ્તુ મળતા જેવો આનદ થાય છે તેવો આનદ પ્રભુ મળતા થાય છે? પ્રભુના દર્શન કરતા રૂવેરૂવા હર્ષિત થઈ જવા જોઈએ પણ આ કોણ કરી શકે? આવુ કોને થાય? જેની દૃષ્ટિમા પ્રસન્નતા હોય તે જ આવુ કરી શકે પ્રસન્ન દૃષ્ટિ એ પ્રસન્ન ચિત્તની સૂચક છે

એક વખત બાદશાહ અકબર, બેગમ ઉપર કોઈ કારણસર ચિડાઈ ગયો ખૂબ ચિડાયો બેગમને કહી દીધુ કે "તારા પિયર ચાલી જા, હુ તારુ મો જોવા માગતો નથી"

જુઓ, જેની પાસે સત્તા છે, સપત્તિ છે, યુવાનવય છે, પુણ્યનો ઉદય છે, એવા મનુષ્યનુ અભિમાન માતુ નથી

એકવાર અભિમાને ચડેલા બાદશાહે સભામા પૂછી દીધુ "અરે, બીરબલ! હુ મોટો કે ઇશ્વર?" સભામા બેઠેલા નવેય રત્નો વિચારમા પડી ગયા કોણ જવાબ

આપે ? કોનો ભોગ લાગ્યો હોય કે ઇશ્વરને મોટો કહે ? સૌ મૌન રહ્યા કોઈ જવાબ નથી આપતુ

જ્યા અભિમાનનો ભાર હોય ત્યા દષ્ટિમા પ્રસન્નતા ન હોય

कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥

આમતો ચારે કષાય સરખા છે પણ એમા ક્રોધ કષાય બધે અળખામણો છે કારણ ક્રોધનો અનુભવ ઝટ થાય છે અભિમાની માયાવી, લોભી, એ તરત કળાતા નથી પણ ક્રોધી તરત જ જણાઈ આવે છે એટલેજ ચાર કષાયમા ક્રોધ વધુ બોલાય છે ને આપણે પણ તેની ગણતરી કરીએ છીએ બીજા ત્રણ કષાય કરતા તેનો અનુભવ આપણને વધુ થાય છે માટે જ શ્રીદશવૈકાલિક સૂત્રમા ફરમાવ્યુ છે કે "ક્રોધ પ્રીતિનો નાશ કરે છે અભિમાન વિનયનો નાશ કરે છે માયાનુ સેવન મિત્રતાનો નાશ કરાવે છે અને લોભ તો સવનો નાશ કરાવનાર છે" લોભીમા વિનય ગુણ હોય જ નહિ લોભી લે ખરો પણ આપે નહિ, એટલે મિત્રતાનો પણ એ નાશ કરે છે

પણ ગમે તેવા સબધો પણ ક્રોધથી તૂટે છે અહી બાદશાહ પણ અભિમાને ચઢયો છે અને એ ગુસ્સે થાય, એ ભયે કોઈ એને જવાબ આપવા તૈયાર નથી સૌને નિરુત્તર જોઈ બાદશાહે બીરબલ સામે જોયુ બીરબલને જવાબ આપવા કહ્યુ બીરબલ પાસે તો જવાબ તૈયાર જ

હતો! એણે કહ્યુ "સાહેબ! આપ મોટા, ઈશ્વર નહિ કારણ કે આપ કોઈના પર ગુસ્સો કરો તો તેને દેશનિકાલ કરી શકો છો, પણ ઇશ્વર એવી શિક્ષા નથી કરી શકતો! માટે આપ જ મોટા છો"

બીરબલે વાણીમા શુ લાવીને મૂકી દીધુ? જોયુ ને? વગર માર માર્યે સોજા આવી ગયા બાદશાહને તો!

પણ આવા અભિમાનીની દષ્ટિમા પ્રસન્નતા કયાથી હોય? બાદશાહની આજ્ઞા થઇ કે ચોવીસ કલાકમા પિયર જવાનુ છે ને બેગમસાહેબા તો રડે છે, ખૂબ રડે છે શુ વાક છે કે આવી સજા? મનમા તો ઘણુય છે પણ પૂછવાની તાકાત ન હતી

છેવટે એક સમજુ દાસીએ બેગમને દિલાસો આપતા કહ્યુ આપણે બીરબલને બોલાવીએ એ રસ્તો બતાવશે

ભાગ્યાના ભેરૂ બનજો, બીરબલની જેમ જશ જોઈતો હોય તો સારા કામ કરજો

બીરબલ આવે છે જોયુ તો બેગમ ધ્રૂસકે ને ધ્રૂસકે રડી રહ્યા છે બીરબલે પહેલા તો રડતાને રડી લેવા દીધુ થોડીવારે શાત થયા એટલે કારણ પૂછ્યુ બેગમે હકીકત જણાવીને ઉપાય પૂછ્યો બીરબલે કહ્યુ કે "હુ કહુ તેમ કરજો" બધુ બરાબર સમજાવીને એ ચાલ્યો ગયો

બેગમને હવે ઉત્સાહ છે રક્ષણનો-બચાવનો ઉપાય

મળી ગયો છે હવે નિશ્ચિત છે પિયર જવા તૈયાર થઈ ગયા બાદશાહને કહેવડાવ્યુ કે "બેગમ પિયર જઈ રહી છે પણ એક વાર આપને મળવા ચાહે છે" બાદશાહ આવ્યા પૂછ્યુ 'કેમ બોલાવ્યો મને ? જતા રહો" બેગમ કહે 'જઈ રહી છુ પણ જતા પહેલા એકવાર આપના દર્શન કરવાની ઇચ્છા હતી"

બાદશાહ જરા ખુશ થઈ ગયો આ સાભળીને કહી દીધુ "જાન, તમને જે ગમે તે લઈ જજો" બેગમે ધીમે રહીને એકાદ શરબત (!) નો પ્યાલો પીવડાવી દીધો શરબત જરા વધારે તેજ હતુ એટલે બાદશાહને તો તરત ઘેન ચડી ગયુ ત્યા જ સૂઈ ગયો બેગમે હ ઢાળી જોયા જાણ્યુ કે ઘેન બરાબર ચડયુ છે, એટલે એમને એમ જ ઊપાડ્યા, ને મ્યાનામા નાખીને પિયર સાથે લઈ ગયા

સવાર પડી બાદશાહ ઊઠયો પણ ઊઠતા જ એને થયુ કે હુ કયા છુ ? એણે પૂછ્યુ "હુ કયા છુ ?' બેગમ પડખે જ બેઠી હતી એણે જોયુ કે બાદશાહ ઠડો પડયો છે ખુશીમા છે સાચો જવાબ આપવામા વાધો નથી એટલે એણે કહ્યુ "ખુદાવિદ ! આપણે મારા પિતાના ઘેર છીએ"

તમને કોઈ જુએ તો શુકન માને એવુ તમારુ મો રાખજો મૂડ એ જ મોટી વસ્તુ છે માટે મુખ પ્રસન્ન રાખજો

શકા (સભામાથી) પણ મનની ચિતા ટળ્યા વિના મુખ પર પ્રસન્નતા કયાથી આવે, સાહેબ ? કેવી રીતે લાવવી ?

,સમાધાન તેને માટે જ આ નવ અમૃત વાક્યો છે વ્યાખ્યાન સપ્તાહનુ આયોજન આ હેતુ માટે જ થયુ છે હૈયાની સગડીને સદ્વાક્યોથી, આ નવ અમૃત વાક્યોથી ઠારી નાકાય છે ચિંતા ઘણી છે એમ તેને ઠારવાના ઉપાયો પણ ઘણા છે

ભોજરાજાની સભામા પડિતોને ખૂબ આદર મળતો માન મળતુ પડિતોને રાજા અઢળક દ્રવ્યનુ દાન કરતો એ જોઈ મત્રીને વિચાર થયો કે આ રીતે તો કુબેર ભડારીનો ભડાર પણ ખાલી થઈ જાય રાજાની આખ ખોલવી પડશે મત્રીએ રાજાના સ્વાધ્યાય ભવનમા એની નજરે પડે એ રીતે એક પક્તિ લખી

"આપદર્થે ધ ા રક્ષેત્-આપત્તિ માટે ધનની રક્ષા કરવી જોઇએ "

બીજે દિવસે રાજા નિત્યક્રમ મુજબ સ્વાધ્યાય ભવનમા ગયો પક્તિ વાચી સમજી ગયો કે મારા કોઇક શુભેચ્છકે આ લખ્યુ જણાય છે ઠીક, ભલે લખ્યુ રાજા પોતે પણ બુદ્ધિશાળી હતો એણે નીચે લખી દીધુ

"ભાગ્યભાજા ક્વ ચાપદ ? -ભાગ્યશાળીને આપત્તિ કયાથી આવવાની છે ?"

પેલા મત્રીએ આ વાચ્યુ એને થયુ કે હવે કેમ સમજાવવુ ? છતા એણે પ્રયાસ કર્યો એ શ્લોકમા એણે ત્રીજુ પદ ઉમેર્યુ

"कदाचित् कुपितो दैव"-પણ કદાચ ભાગ્ય રૂઠે તો!"

રાજાએ આ વાચીને શ્લોકની પૂર્તિ કરી

"नचितमपि नश्यति-તો લેણુ કર્યુ પણ નાશ પામશે સહર્ષ્યુ પણ કોલસો થઇ જશે" માટે ખોટી ચિંતા કરવી નહી ને મૂડ ખોવો નહિ દૃષ્ટિ પ્રસન્ન રાખવી વધુ નહિ તો બીજા ખુશ થાય તેટલી ખુશી રાખીએ તોય ઘણુ ઘણુ!

પેલો બાદશાહ, ઊઠતાવેત પોતાની થઈ રહેલી સરભરા જોઈને ખુશ થઇ જાય છે મૂડમા આવી જાય છે ને પૂછે છે- "હુ કયા છુ?" બેગમે જોયુ કે બાદશાહ મૂડમા છે હવે વાધો નથી એટલે કહી દે છે "મારા પિતાને ત્યા છીએ"

બાદશાહ "અહી મને કોણ લઈ આવ્યુ?"

બેગમ "હુ લાવી"

બાદશાહ "કેમ લાવી?"

બેગમ "ખુદાવિંદ! આપે કહ્યુ હતુ કે તને જે ગમે તે વસ્તુ લઇ જજે મને બાદશાહ ગમતા હતા એટલે હુ આપને અહી લઈ આવી આપના સિવાય બીજી કઈ વસ્તુ અમારી છે?"

બોલો આટલુ સાભળ્યા પછી બાદશાહનો ગુસ્સો શમી જ જાય ને? માટે મહાપુરુષ કહે છે કે 'આવે પ્રસગે નિરાશ ન થશો, ઉદાસ ન બનશો, પણ ચિત્તને પ્રસન્ન રાખજો' આનદઘનજી મહારાજ પણ એ જ કહે છે કે,

‘જેનુ ચિત્ત પ્રસન્ન હોય એને જ પૂજા ફળ આપનારી બને છે અને જેના હૈયામા ભગવાન વસ્યા હોય તેને પ્રભુ મળતા અનોખી ખુશી થતી હોય છે’

બાદશાહે પૂછ્યુ “હવે શુ કરીશુ?”

બેગમ “આપ ફરમાવો તે”

બાદશાહ “ચાલો આપણા ઘેર”

બન્ને પાછા આવી ગયા બાદશાહે પૂછ્યુ “કેમ, બીરબલ આવ્યો હતો?” બેગમ કહે “ના, મે જ એને બોલાવ્યો હતો” બાદશાહ સમજી ગયો કે આ બીરબલની બુદ્ધિનુ જ કામ છે તેના વિના આવી રમત કોઈ ન કરી શકે

પણ બીરબલ હતો તો બેગમનુ રક્ષણ થયુ તો બેગમનુ કામ પત્યુ એ ન હોત તો? બાદશાહના ગુસ્સાનો ભોગ બનવુ પડત ને?

માટે કહે છે કે, ‘હરહમેશ મોઢુ પ્રસન્ન રાખજો, ચિત્ત અને દૃષ્ટિને પ્રસન્ન રાખજો પ્રસન્ન મનુષ્યને ક્રોધ કાઈ કરી શકતો નથી માન, માયા અને લોભ પણ કાઈ કરી શક્તા નથી ક્રોધની લાલાશ તેને દઝાડી શક્તી નથી માનનો ડુગર તેની સામે કદી ખડકાતો નથી માયાની કુટિલતા તેને સુઝતી નથી લોભનો દરિયો એની આખોમા ડહોળા તો નથી’

પેલો કલાપક! કેદારને ખોટા રસ્તેથી પાછો વાળવા બાપની શિખામણ યાદ કરાવે છે પહેલી શિખામણ હતી

કે "અજાણ્યાનો વિશ્વાસ ન કરવો" હવે એને બીજી શિખામણ કહે છે કે "અરે કેદાર! તારા બાપની બીજી શિખામણ તો તને યાદ હશે ને? "शत्रुणाऽपि सूक्तमुक्त स्वीकार्य-દુશ્મનની પણ સારી વાત હોય તો તે સ્વીકારવી તેનો અસ્વીકાર ન કરવો" રે કેદાર! તુ મારૂ તો ન માને તો કાંઇ નહિ, પણ તારા બાપનુ ય નથી માનતો? તો પછી તારા બાપાની આ શિખામણ પ્રમાણે તુ કયાથી વર્તવાનો છે? જે બાપનુ પણ નથી માનતો હિતેચ્છુનુ પણ નથી માનતો, એ શત્રુનુ તો શી રીતે માને? પણ જો તુ બાપનુ કહ્યુ માનીશ, તો તુ પણ બ્રહ્મદત્તની જેમ સુખી થઈશ"

કલાપક વિચારે છે કે 'કેદારને વાતમા એવો જોડી દઉ કે જેથી એ ન જવાની જગ્યાએ જાય જ નહિ' બસ, કલાપકની આ એક જ ઇચ્છા છે એટલે એણે તો એક કથાના રસમા કેદારને ખેંચવા પ્રયત્ન કર્યો એણે કહ્યુ "કેદાર! બ્રહ્મદત્તની વાર્તા સાભળ તુ"

"એક બ્રાહ્મણી તેને બ્રહ્મદત્ત નામે એક દીકરો હતો ઘરમા બે જ જણા મા અને દીકરો દીકરાએ કમાવા માટે પરદેશ જવા વિચાર કર્યો માની રજા માગી માતાએ પોતાના વ્હાલસોયા દીકરાને વિદાય આપતા થોડી શિખામણો આપીને કહ્યુ 'તુ કોની સાથે જઈશ?' દીકરો કહે 'મા! એકલો જ જઇશ મારી સાથે કોણ આવે?' ત્યારે માતા બોલી "દીકરા! एकेन ध्यान, द्वाभ्या पठन, त्रिभि पथा-તને ખબર નથી પણ ધ્યાન ધરવુ હોય ત્યારે એકલા

રહેવુ જોઇએ અધ્યયનમા-ભણવામા-એ જણ જોઈએ, તો સારુ ભણાય અને મુસાફરીમા ત્રણ જણાએ જવુ જોઇએ માટે તુ એકલો ન જઈશ" ત્યારે દીકરાએ કહ્યુ "પણ મા! તુ જ કહે, હુ કોને લઇને જઉ ?"

પેલો કલાપક અહી કેદારને ટપારે છે "જો કેદાર! એકલા કયાય ન જવાય આ કથામા પણ એ જ આવ્યુ પણ તારા જેવા સ્રીના ચેલા જોયા નથી" આ સાભળીને કેદાર કહે 'હુ સ્રીનો ચેલો ?" કલાપકે તરત જ કહ્યુ "જો બાપનો ચેલો હોત, તો બાપનુ કહ્યુ માનત ને? કદી એકલો શેનો જાત? અજાણ્યાનો વિશ્વાસ ન કરત!"

આ સ સારમા કેટલાક જીવો સ્રીના ચેલા હોય છે એક શેઠ હતા તેની પાસે એક ભિક્ષુક રોજ આવે શેઠ હમેશા વ્યગ્રતા બતાવીને કહે કે કાલે આવજે રોજ 'કાલે આવજે' એમ કહે ખરા, પણ દાન આપે નહિ એમ કરતા છ માસ પસાર થઈ ગયા છતા શેઠ આપતા નથી અતે કટાળીને ભિક્ષુકે એક દિવસ શેઠાણીને વાત કરી કે શેઠ મને આટા ખવરાવે છે દસ રૂપિયા માટે તો મારા દસ રૂપિયાના જોડા ઘસાઈ ગયા પણ શેઠ આપતા નથી.

શેઠાણીએ તરત જ પોતાની નાકની ચુની આપતા ભિક્ષુકને કહ્યુ "શેઠ તારા ચેલા નથી, મારા ચેલા છે લે આ મારી ચુની લઈ જા, વેચી ખાજે" થોડીવારે શેઠ ઘેર આવ્યા, એટલે કહ્યુ "મારી ચુની ખોવાઇ ગઈ છે" તરત જ શેઠે સારામા સારી ચુની કરાવી આપી બીજે [illegible]

પેલો ભિક્ષુક આવ્યો નવી ચુની બતાડીને શેઠાણીએ કહ્યું "જો, શેઠ મારા ચેલા કે તારા?"

અહી પેલો કલાપક પણ એ જ કહે છે કે "હે કેદાર! તુ પણ બેરાનો જ ચેલો છુ ખોટુ ન લગાડીશ આપણે તો નાનપણથી જ સાથે ઉછરેલા આપણે તો ભાઈ કહેવાઇએ" આમ મીઠુ પણ કડુ કહેતો જાય છે

"પેલો બ્રાહ્મણનો દીકરા બ્રહ્મદત્ત! તેણે પણ પોતાની માનુ કહ્યું માન્યુ માતાએ કહ્યુ કે કોઈને સાથે લઈ ને જા તો તેની સાથે જનાર કોઈ ન નીકળ્યુ છેવટે તેની માતાએ એક શેળિયો પકડીને તેને સાથે લઈ જવા આપ્યો તેને સાથે લઈને બ્રહ્મદત્ત ચાલ્યો ચાલતા ચાલતા જગલમા આવ્યો મધ્યાહ્ન થતા એક વૃક્ષ તળે પોતે સૂઈ ગયો શેળિયાને રમતો મૂકયો છે

દરમ્યાનમા વૃક્ષની બખોલમાથી સર્પ નીકળ્યો બ્રહ્મદત્તને એ ડખ મારવા જાય છે ત્યા જ શેળિયાએ સપને પકડી લીધો ને પોતાના શરીરને ગોળ વાળી દીધુ સાપ તેના શરીર સાથે વીટાઈ ગયો અને તેના શરીર પરના કાટામા ભરાઇને મરી ગયો

હતો તો એ શેળિયો—એક જ ગલી પ્રાણી પણ માતાએ સાથે આપ્યો હતો તે લઈને ગયો તો બ્રહ્મદત્ત પોતાના પ્રાણ બચાવી શકયો માટે કેદાર! તુ પણ બાપનુ કહ્યું માનજે બાપાએ તો શત્રુની પણ સારી વાત માનવી એવુ કહ્યું છે તો હુ તો તારો ભાઈ છુ, મિત્ર છુ મારુ માનીને

આ અજાણી સ્ત્રીઓનો વિશ્વાસ કરવો છોડી દે ખોટા માર્ગેથી પાછો વળી જા"

આટલુ કહીને કલાપક કેદારને ત્રીજી શિખામણ યાદ અપાવે છે એ ત્રીજી શિખામણ કઇ? તેનુ શુ સ્વરૂપ? તે અગ્રે અધિકાર



(૪) શક્તિ હોય તો ક્ષમા ધરજે
(૫) મતિ હોય તો નીતિ રાખજે
(૬) લક્ષ્મી હોય તો દુખિયાના દુખો દૂર કરજે.

શાસ્ત્રકાર ભગવતો કેવળ જીવમાત્રના ઉપકારને માટે જ પ્રવૃત્તિશીલ હોય છે ઉપકારીની મનોવૃત્તિ કેવી હોય? પોતાનુ બધુ ભૂલે અને પરનુ સારૂ કેમ થાય, તે જ એમની મનોવૃત્તિ હોય છે એમનુ મન હરહમેશ પ્રસન્નતા અનુભવતુ હોય

જેના મુખ ઉપર પ્રસન્નતા હોય, હૈયુ દયામય-કોમળ હોય અને અમૃતતુલ્ય વાણી હોય, અને જીવનમા પરોપકાર સિવાય બીજુ કાઈ ન હોય, આવા મહાપુરુષો જગતને પૂજ્ય ને વદનીય બને છે

આ સસારમા ઉત્તમ અને અધમ એમ બે પ્રકારના મનુષ્યો છે આપણે શેમા છીએ એ વિચારવાનુ છે આજનુ અમૃતવાક્ય છે-'શક્તિ ક્ષાન્તિયુતા-શક્તિ હોય તો ક્ષમા રાખજે"

દરેક મનુષ્ય પાસે જુદી જુદી શક્તિ હોય છે માણસ ઉત્તમ છે કે અધમ તે જાણવુ હોય તો એ પોતાને મળેલી શક્તિનો કેવો ઉપયોગ કરે છે તે જોઈ લેવુ

"विद्या विवादाय धनं मदाय, शक्ति परेषां परिपीडनाय।
खलस्य, साधोः विपरीतमेतज्ज्ञानाय दानाय च रक्षणाय॥'

કોઈ મનુષ્યને વિદ્યા ખૂબ હોય પ્રબળ બુદ્ધિ હોય. એ એનો ધાર્યો તેવો ઉપયોગ કરી શકે છે પણ વિદ્યા સ્વ-પરના જ્ઞાન માટે હોય છે કરવા જેવુ કરે, કરવા દે અને ન કરવા જેવુ કરે નહી, કરવા દે નહી, એનુ નામ જ વિદ્યા પણ આપણે મળેલી બુદ્ધિનો-વિદ્યાનો-ઉપયોગ કેવો કરીએ છીએ? આપણી આ શક્તિનો ઉપયોગ આપણે લડવા ઝઘડવા માટે અને વિવાદ માટે જ કર્યો છે, કરતા આવ્યા છીએ પણ યાદ રાખજો કે વિદ્યા વિવાદ માટે નથી, એ તો સવાદ માટે છે જરૂર પડયે સવાદ કરજો, વિવાદ ન કરશો

ધન મદાય ધન પણ સસારમા એક શક્તિ છે પણ એ મળ્યા પછી આપણામા શુ આવ્યુ? માન કે નમ્રતા? ધન જેમ મળે તેમ શુ વધે છે એ તપાસજો જરા! લક્ષ્મી કહે છે કે "હુ હોઉ ને નમ્રતા આવે તો સમજજો કે અન્ય કોઈ મારા સિવાય ત્યા છે, મતલબ કે નમ્રતા અશક્ય છે"

દુર્જન અને સજ્જન-બન્નેને શક્તિ મળી હોય છે પણ ઉભયના રપગતામા વિપર્યાય છે સજ્જન હમેશા પરના ઉપકાર માટે શક્તિનો ઉપયોગ કરે છે એનુ ધન દાન આપવા માટે હોય છે અને શક્તિ મળી હોય તો એ કોઈકનુ રક્ષણ કરે છે, પણ પીડા નથી કરતા શક્તિ પણ સહનશક્તિવાળી હોવી જોઈએ શક્તિ હોવા છતા સહન શક્તિ કેળવવી એ કાઈ સહેલી વાત નથી દુર્જનની શક્તિ વિવાદ માટે અને સજ્જનની શક્તિ સવાદ માટે હોય છે.

દુર્જનને મળેલી શક્તિનો અહંકાર હોય છે સજ્જન મળેલી શક્તિનું રક્ષણ કરી પરોપકારમાં વાપરે છે અહીં મહાપુરુષ કહે છે કે, 'शक्ति क्षान्तियुता–શક્તિ મળી છે તો તે સહનશક્તિવાળી હોવી જોઈએ સહિષ્ણુતા હોવી જોઈએ" કલ્પસૂત્રમાં કહ્યું છે કે

'सम्पत्तौ नियमः शक्तौ सहनं यौवने व्रतम् ।
दारिद्र्ये दानमप्यल्पं महालाभाय जायते ॥'

સંપત્તિ હોય ને નિયમ કરે, શક્તિ હોય ને સહન કરે, યુવાન હોય ને વ્રતધારી હોય અને દરિદ્ર હોવા છતાં દાનની રુચિ થાય, આટલું મહાન લાભનું કારણ છે

क्षमा वीरस्य भूषणं–સમર્થ જીવે સહન કરવું જોઈએ આત્મા, બળ હોય ને સહન કરે તે ઓછું અને ભરત બાહુબલિનું યુદ્ધ થયું તેમાં કોનો વાંક? ઘણા ઝઘડા મટી જાય, જો કર્મનો વાંક કાઢીએ તો કર્મરાજા ભગવાનને સતાવે છે મહાપુરુષોને પણ કર્મરાજા સતાવે છે તો આપણા જેવા તુચ્છ માનવીની શી દશા? અહંકાર એવી વસ્તુ છે કે તદ્ભવમોક્ષગામીને ય સતાવે તો પામરનું શું ગજું? બાહુબલિને લડતાં લડતાં વિવેક આવ્યો કે મોટા ભાઈ સામે આ હું શું કરી રહ્યો છું? આ વિવેકે સમજાવ્યું પણ સાથે સાથે માન પણ આવ્યું કે મુઠ્ઠી ખાલી કેમ જાય? આપવાવાળી મુઠ્ઠી ભરેલી હોય, એમાં ચપટી દાણા પણ હોય પણ મારવાવાળી મુઠ્ઠીમાં શું હોય? ખાલી હોય ને? તેમાં શું આવ્યું? ચપટી વાળ આવ્યા અરે, સાથે સાથે એમના કર્મ પણ ઊખડી ગયા!

સહન કર્યું તો સાધુપણું મેળવ્યું પણ, જરા આચ. રહી ગઈ ૯૮ નાના ભાઈઓને કેમ વાઢું ? પણ અહીં કહેવાનું એ છે કે જેનું જ્ઞાન ત્યાગ માટે નથી, ધન દાન માટે નથી વપરાયું અને જેની શક્તિ બીજાઓના પીડન માટે-પરપીડામાં વપરાય છે, તેને માટે તો મહાપુરુષો કહે છે કે 'तेषां दैवाभिभूतानां, सलिलादग्निरुत्थित'–તેઓ તેના ભાગ્યથી હરાયેલા છે તેમને માટે તો પાણીથી અગ્નિ ઉત્પન્ન થયો સમજવો એને કોણ બચાવી શકે ? માટે, સારી વસ્તુનો સારો ઉપયોગ કરવો બરાબર સમજી લેજો મનુષ્ય ભવ એક અધિકાર મળ્યો છે તેનો સદુપયોગ કરવો જોઈએ

એક રાજા હતો ખૂબ ભલો ને ભોળો પણ તેને મંત્રી ખૂબ લુચ્ચો મળ્યો છે "સારાના પડખે ખોટા ચઢે તો સારા પણ ખોટા દેખાય માટે પડખા સારા રાખવા" મંત્રીએ ધીમે ધીમે રાજાને મોજ શોખમાં પાડયો રાજાને આખો દિવસ અંતઃપુરમાં રહેતો કરી દીધો અને પોતે પ્રજાને પીડે છે, સંતાપે છે, ચૂસે છે પ્રજા ફરિયાદ કરે તો ફરિયાદ પણ પહોંચવા દેતો નથી

પ્રજા ત્રાસી ગઇ છે રાજ્યભરમાં અરાજકતા વ્યાપી ગઇ છે પણ કોઇ ઉપાય નથી આ અરાજકતા એક બાળકને ન ગમી પણ તેનું કોણ સાંભળે ? એણે બે ચાર જણને વાત કરી, પણ કોઇએ તેનું સાંભળ્યું નહિ

પણ ભાગ્ય અને બુદ્ધિ–આ બે હોય તો બધું જ કરી શકાય છે અભયકુમાર સોળ વર્ષની ઉંમરે મંત્રી થયા છે,

બ્રિટનનો એક પ્રધાન ચોવીસમે વર્ષે વડાપ્રધાન થયો હતો આ છોકરો ૫૬૨ વર્ષનો છે ગરીબ છે તેની પાસે ધન નથી પણ બુદ્ધિનુ બળ અપૂર્વ છે બુદ્ધિધનવાળા મનુષ્યના આદર્શો અને વર્તન ઊંચા હોય છે એ જુદા જ તરી આવતા હોય છે યાદ રાખો, કાદવથી જ કમળ ઊગે આવ્યા છે, છતા તે દેવને ચડે છે કારણ, એનામા સહજ સુવાસ છે સુદરતા છે રમણીયતા છે કમળ થવા માટે કાદવ પણ જરૂરી છે ફૂલ બનવા માટે કાટા વચ્ચે રહેવુ પડે છે પણ તેમા તેનુ પોતાનુ સ્વરૂપ જુદુ છે તે છોડવુ ન જોઈએ

દુનિયામા બધુ જ ભેદ્ય છે, ભેદી શકાય તેમ છે બખ્તર પણ ભેદ્ય છે પણ બુદ્ધિને ભેદી શકાય તેમ નથી, જો વાપરતા આવડે તો! માટે સારી વસ્તુનો ઉપયોગ કેમ અને કેવી રીતે કરવો તે શીખવા જેવુ છે

દુનિયામા સૌને ખિદમત ગમે છે પ્રશસા સૌને પસદ છે કાગળના ફૂલમા તો સૌદર્ય પણ છે જ્યારે આ પ્રશસાના પુષ્પોમા તો એ પણ નથી છતા સૌને તે જ ગમે છે આપણે બધા કાગળના ફૂલોથી ન લોભાઈએ, તેના કરતા વધુ વચનના ફૂલોથી લોભાઈએ છીએ

એક વખત ગ તની વર્ષગાઠનો દિવસ આવ્યો રાજ સભા રાજાનુ સ માન કરવા ભેગી મળી છે બધા રાજાની અનેક રીતે પ્રશ સા કરે છે 'अहा रूपं अहो ध्वनि –અરસ પરસની પ્રશ સા' બધી જગાએ આ જ વેપાર આજે ચાલે છે "નફો થાય કે ન થાય પણ નુકસાન તો નજ થાય એવો કોઈ વેપાર હોય તો આ પરમ્પરની પ્રશસા છે"

પેલો છોકરો ! એનુ નામ બુદ્ધિધન રાખીએ એ પણ ત્યા હાજર હતો લાગ જોઇને એ ધીમેથી ઊભો વધ્યો દીન છતા તેજસ્વી છે સાદા વસ્ત્રો છતા સ્વચ્છ વેશમા છે વાણી, વય, આકૃતિ સુદર છે સ્વચ્છ છે એ બોલે છે 'મહારાજ ! આપ જેવા મહાન રાજા અને આવો સુદર આપનો મત્રી પરિવાર ! પણ છતા હુ ઘણા દિવસથી મુઝાયા કરુ છુ મારા એક પ્રશ્નનો જવાબ મળતો નથી આપ જેવા રાજા હોય ને આવા મહામત્રી પાસે હોય ને છતા મારો જવાબ ન મળે એ કેમ બને ?"

રાજા પૂછે છે "તારો શુ પ્રશ્ન છે ? કહે" રાજાએ તો આ ખુશ થઈને પૂછ્યુ ને પેલા મત્રીના હૈયે તેલ રેડાય છે શુ હશે ? ને રાજા તો કહે છે, "મારી પ્રજા દુખી ન હોવી જોઇએ તને કયો પ્રશ્ન મૂઝવે છે ? એ કહે" મત્રીને પણ કહેવુ પડે છે "બોલ બોલ, શુ પ્રશ્ન છે તારો ?"

છોકરો કહે "મારો પ્રશ્ન પ્રજાવાત્સલ્યનો પ્રશ્ન છે અને થાય છે કે અક્કલ રહે છે કયા ?"

રાજા વિચાર કરે છે પણ જવાબ ન સૂઝયો મત્રીને જવાબ આપવાનુ કહ્યુ મત્રીને પણ સુઝણુ થતા બોલે "આ તે કાઈ સવાલ છે ?' એમ કહીને વાતને ટાળવા માડી પણ પેલો છોકરો છોડે એમ નથી રાજા પણ આગ્રહપૂર્વક મત્રીને જવાબ આપવા કહે છે ત્યારે મત્રી ઘણી રકઝકને અતે નિવેડો લાવે છે કે "આજે રાજ્યના ઘણા કામ છે અઠવાડિયા પછી જવાબ આપીશુ " છોકરો "

ભવે અઠવાડિયા પછી પણ મને જવાબ તો આપશો ને ?"
નક્કી થયુ બુદ્ધિધન તો જતો રહ્યો

મંત્રી ઘેર ગયો વિચારમા પડી ગયો જવાબ મળતો નથી એનુ તો ખાવુ પીવુ હરામ થઈ ગયુ 'અક્કલ કયા રહે?' એ પ્રશ્ન જ સામે આવ્યા જ કરે છે પળવારેય ખસતો નથી રાત્રે ઊંઘ પણ વેરણ થઇ જાય છે પૂરેપૂરો મુઝાયો છે જુઓ, એક છોકરાની પણ બુદ્ધિ કેવી ? મંત્રી જેવા મંત્રીને પણ મુઝવણમા મૂકી દીધો માટે જ કહ્યુ કે બુદ્ધિ હોય તો ધાર્યું કામ કરવુ શકય બને છે

એક રાજા હતો બેઠા બેઠા ખાઈ ખાઈને ખૂબ જાડો થઇ ગયો શરીર ઊતારવાની દવા કરતાય ઘટવાને બદલે ઊલટુ એક રતલ વધી ગયો રાજાએ ઢંઢેરો પીટાવ્યો "મારા શરીરને જે ઘટાડી આપશે તેને અડધુ રાજ્ય મળશે અને દવા કરતા ન ઘટાડી શકે તો ફાસી મળશે"

આ સાભળી એક વૃદ્ધ ડોસો તૈયાર થયો એને થયુ, લાવ ને ઉપાય અજમાવુ મરવાની અણી પર બેઠો છુ ભાગ્યોદય હશે તો છોકરા સુખી થશે ને નહિતર હુ તો મરવાની તૈયારીમા જ છુ ને !

જુઓ, મા બાપ પોતાના છોકરાને સુખી કરવા માટે શૂળીએ ચડવા તૈયાર થાય છે પણ આજના છોકરા મા બાપને સુખી કરતા નથી

પેલા વૃદ્ધને તે વખતે પારિણામિકી બુદ્ધિનો ઉદય થયો જે, વયના પરિપાકથી ઉત્પન્ન થાય તે બુદ્ધિને

પારિણામિકી બુદ્ધિ કહેવાય છે વૃદ્ધ ડોસો ઘેરથી નાની નાની ગોળીઓ બનાવીને લઈ ગયો જઈને રાજા પાસે દસ્તાવેજ કરાવ્યો, પછીથી રાજા ફરી ન જાય એ માટે રાજાને ફરી શરત યાદ કરાવી "જુઓ રાજન્! આપે મારી દવા કરવાની ગુણ થાય તો મને રાજ્ય મળે ન થાય તો મને ફાસીએ ચઢાવવાનો" આમ નક્કી કરીને દવાની પડીકીઓ આપી રાજાએ પૂછ્યુ "ચરી શુ પાળવાની?"

ડોસો કહે "રાજાજી, તેલ-મરચુ-ખટાશ જેટલી ખવાય તેટલી ખાવાની માલમિષ્ટાન્ન પણ ખાવાના પણ ચરી એટલી કે દવા લેતી વખતે 'ઊટ' યાદ ન આવવુ જોઈએ ઊટ યાદ આવે તો દવા ન લેવી આ ચરી ખાસ પાળવાની"

ડોસો તો આટલુ સમજાવી, દવા આપીને ગયો થોડીવારે રાજાએ દવા લેવા પડીકી હાથમા લીધી, ને તરત જ ઊટ યાદ આવી ગયુ એટલે એણે દવા ન લીધી પડીકુ પાછુ મૂકી દીધુ આમ જ્યારે જ્યારે દવા લેવા જાય ત્યારે ત્યારે ઊટ યાદ આવ્યા જ કરે એમ દવા અને ઊટમા ચોવીસ કલાક થયા, પણ ઊટ ભૂલાયુ નહિ ને દવા લેવાઈ નહિ આમ ને આમ છ માસ વીતી ગયા

પેલો ડોસો છ મહિને આવ્યો પૂછ્યુ "કેમ રાજાજી! કેમ છે?" રાજા કહે "સારુ છે પણ ઊટ ભૂલાતુ નથી" "હાલી ચાલી શકાય છે?" ડોસાએ પૂછ્યુ રાજાએ હા

કરી ડોસો કહે, "વાર, હજી બીજા છ માસ જવા દો દવા લો, પછી વાત" એ તો ચાલ્યો ગયો

બારમહિને એ પાછો આવ્યો જોયુ તો રાજાનુ શરીર ઊંટ ભૂલાતુ નથી' એ ચિંતામા ઘણુ ઘટી ગયુ હતુ ડોસાએ બુદ્ધિથી રાજાનુ શરીર ઊતાર્યું રાજાની જેમ તમે પણ ધર્મસ્થાનમા બધે જાઓ છો પણ સંસારની ઉપાધિનુ ઊંટ સામુ ને સામુ ભટકાયા કરે છે

ડોસાએ પૂછ્યુ "કેમ છે?" રાજા કહે "ઘણુ સારુ છે પણ પેલુ ઊંટ ભૂલાતુ નથી" ડોસાએ કહ્યુ "ભલે ન ભૂલાય, પણ છે તો સારુ ને? હવે મારુ રાજ્ય લાવો"

રાજા "અલ્યા! મે તારી દવા જ કયા કરી છે તે રાજ્ય માગે છે?"

ડોસો "રાજન્! તમે ભલે મારી દવા ન કરી પણ તમારી ચિંતા મારી દવાએ જ ઉત્પન્ન થઈને? બધા ન કરે તેવી ચિંતા મે ઉત્પન્ન કરાવી તો જ શરીર ઘટી શકયુ છે ને? માટે મારુ અર્ધું રાજ્ય લાવો" આમ ડોસાએ રાજ્ય મેળવ્યુ ને રાજાએ આપ્યુ પણ ખરૂ એનુ નામ બુદ્ધિનો પ્રભાવ

આ બાજુ પેલો મંત્રી ઘેર બેઠો રહ્યો ચિંતામા છે ઠોકરી જમવા બોલાવવા આવી, જમવા બેઠો પણ પ્રશ્ન જ સામે આવ્યા કરે છે, "અજીવ કયા રહે?" આમ છ દિવસ પસાર થઈ ગયા હવે એક દિવસ બાકી છે દરબારના

સમયે મત્રી રાજદરબારે જઇ રહ્યા હતા, ત્યા સામે બુદ્ધિ ધન મળ્યો એટલે મત્રી એને સમજાવીને ઘેર લઇ ગયો ધીમે રહીને પેલા પ્રશ્નનો જવાબ પૂછ્યો છોકરો કહે, "૫૦૦ સોનામહોર આપવી પડશે" મત્રીએ તરત જ આપી, એટલે છોકરાએ કાનમા મત્ર ફૂકી દીધો "ગોરખધધા આમ જ ચાલે"

બીજે દિવસે સૌ રાજસભામા એકઠા મળ્યા મત્રીએ છોકરાને બોલાવ્યો ભારે શાન્તી પૂછ્યુ "શુ પ્રશ્ન છે તારો?" છોકરાએ પ્રશ્ન કહ્યો ત્યારે મત્રી કહે "મારી નાની છોકરી પણ જવાબ આપી દે એવી તારી વાત છે"

છોકરો મનમા વિચારે છે, 'માટે જ તો તમે ૫૦૦ સોનામહોરો બગાડી ને સાત દિવસ બગાડયા!' તમારી શક્તિનો સદુપયોગ કરજો, નહિ તો આવા મળી જશે

મત્રીએ પ્રશ્નનો જવાબ આપ્યો "અક્કલ રહે છે પચમા-પાચ દહાડા માણસના પચમા' છોકરાએ કહ્યુ 'જવાબ બરાબર છે પણ તે અક્કલ ખાય છે શુ? એ વિચારવા જેવું છ બોલો મત્રીજી, આનો પણ જવાબ આપો"

રાજાએ મત્રીને જવાબ આપવાનુ કહ્યુ મત્રી વિચારે છે કે આ છોકરો ગતકડા કાઢયા કરે છે ને મારે રાજ્યના ઘણા કામ છે મનમા તો થાય છે કે જાય તો સારૂ પણ કહી કેમ શકે? એટલે પહેલાની જેમ ફરી સાત દિવસની મુદ્દત માગી લીધી

મત્રી પર ફરી ચિતા આવી પડી અડવાડિયાના છ

દિવસ તો અક્કલ ખાઈ ગઈ જવાબ ન મળ્યો ચિંતામાં સૂકાઈને એ કાંટો થઇ ગયો છઠ્ઠે દિવસે પાછો પેલો છોકરો મળ્યો બોલાવ્યો ખવરાવ્યુ સત્કાર કર્યો કહ્યુ "તારા પ્રશ્નનો જવાબ કહી દે "છોકરો કહે "મફત ન કહેવાય'

કોઈની સામે લડવુ હોય તો આપણી શક્તિ તેના કરતા સવાઈ હોય તો જ લડવુ

મંત્રીએ પૂછયુ "કેટલી આપુ ? "છોકરો કહે "ચાર ગણી કરી નાખો' મંત્રીએ બે હજાર સોનામહોરો આપીને જવાબ જાણી લીધો સાતમે દિવસે સભામા મંત્રીએ જવાબ આપ્યો "અક્કલ તો ગમ ખાય' બુદ્ધિશાળી કદી તાદૂકે નહિ અવસર જોઈને ગમ ખાતા શીખી જવુ, ડાહ્યા હો તો વડો કહે છે, 'कम खाना और गम खाना' ઓછુ ખાવાથી તબિયત બગડતી નથી અને ગમ ખાવાથી પસ્તાવા નો સમય આવતો નથી

બાળકે ત્રીજો પ્રશ્ન કર્યો "અક્કલ કરે શુ ?" મંત્રી ગભરાય છે રાજા ભવો છે પાછી મુદત પાડી પહેલાની જેમ છ સાત દિવસે છોકરો મંત્રીના ઘર પાસેથી નીકળ્યો મંત્રી બોલાવી જવાબ પૂછે છે છોકરાએ કહ્યુ, "આનો જવાબ તો રાજદરબારે આપીશ તમારા કપડા મને આપો"

મંત્રી કહે, "ભલે એમ"

આઠમે દિવસે સભા મળી છે છોકરાની તપાસ કરી-

ન મળ્યો પૂછ્યુ મ ત્રીને, છોકરો કયા છે? મ ત્રીએ છોકરા-ને દેખાડતા કહ્યુ "રાજન્! તમારી બાજુમા જ બેઠો છે એ"

રાજા "ઓહો! આ મ ત્રીના પોપાડમા ક્યાથી?"
મ ત્રી "પેલા પ્રશ્નનો જવાબ એ આપશે"

છોકરો ઊભો થયો એણે કહ્યુ "મહારાજ! આ પ્રશ્નનો જવાબ હુ આપીશ અક્કલ શુ કરે છે? તો અક્કલ અધિનાર મેળવે છે એટલે શુ? બિનઅધિકારી આવીને બેસી જાય છે અધિકારીને ખસેડે છે અને અધિકાર મેળવી ને જ જપે છે"

બાળકના મુખેથી જવાબ સાભળીને રાજા પૂછે છે "મ ત્રીએ કેમ જવાબ ન આપ્યો?' બાળક કહે છે "રાજન્! પેલા પ્રશ્નોના પણ મે જ જવાબ આપ્યા હતા" રાજાએ પૂછ્યુ કે "તો મ ત્રીએ શુ કર્યુ?" છોકરો કહે "મ ત્રીએ તો પૈસા ખવરાવ્યા "અને પછી મ ત્રીના જુલમોની બધી વાત માડીને કરી દીધી રાજાએ તેજ વખતે મ ત્રીને જેલમા પુરાવ્યો ને પેલા છોકરાને મ ત્રી બનાવ્યો

આમ અક્કલથી છોકરો મ ત્રી થયો ને ઘણી શક્તિ મળી છતા ક્ષમા અને ઉદારતા નહોતી તેના પરિણામે પેલા મ ત્રીને જેલ મળી માટે જ કહ્યુ કે શક્તિ ક્ષા તિયુતા-શક્તિ કેવી હોવી જોઇએ? તો ક્ષાન્તિયુતા-ક્ષમા અને સહિષ્ણુતાવાળી હોવી જોઇએ

"મતિ શ્રિતનયા" આ પાચમુ અમૃતવાક્ય છે મતિ-મા ન્યાય અને નીતિ હોવી જોઇએ

અને છઠ્ઠુ અમૃતવાકય છે, "શ્રીર્દીનદૈ યાપહા"–લક્ષ્મી દીન દુખિયાના દુખને હળવા કરવા માટે વાપરજો પેલા કેદાર ની જેમ ધનનો દુરુપયોગ ન કરવો

પેલો કલાપક પોપટ કેદારને બાપની શિખામણ યાદ દેવરાવે છે એ કહે છે ભાઈ કેદાર ! તારા બાપાએ તને ત્રીજી શિખામણ આપી છે કે 'नारीषु मचो न प्रकल्पनीय સ્ત્રીની આગળ ખાનગી વાત કરવી નહી " સ્ત્રીની આગળ ખાનગી વાત કરનારા પેલા શેઠની જેમ દુ ખી દુ ખી થઈ જાય છે સાભળ એ શેઠની વાત

પોપટને તો કેદારને વાતોમા ગોઠી રાખવો હતો એટલે એણે વાર્તા માડી ને વાર્તા આવી એટલે કેદારને પણ રસ પડયો પોપટ કહે છે

એક શેઠ હતા એની સ્ત્રી બહુ સુદર એ વખત જતા એક દુર્જન સાથે આડો વહેવાર રાખવા માડી પતિ બિચારો ભોળો ને ભદ્રિક હતો એને કશી ખબર નથી એ તો સ્ત્રીને સતી માને છે એ શેઠે એક વખત એક સન્યાસીની ખૂબ સેવા કરેલી એના બદલામા સન્યાસીએ એને એક બીજનુ પડીકુ આપ્યુ હતુ એના–એ બીજમા એવી જાદુઈ કરામત કે એને પાણીમા નાખો તો અડધા કલાક મા જ કાકડીનો છોડ થાય કાકડી થાય આ વાત શેઠે કોઈને ન કરેલી, પણ એકવાર પોતાની સ્ત્રીને કહી દીધી

એટલુ જ નહિ પણ એ પોટલી પણ તેને સોપી દીધી ને કહ્યુ કે 'આ કિંમતી વસ્તુ છે માટે સાચવી રાખજે, સ્રીએ એ વાત તેના જારપુરુષને કહી દીધી

શેઠ અને જારપુરુષ બન્ને રાજાના સન્માન્ય હતા રાજસભામા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હતી એક વાર કોઈ પ્રસગે રાજા પાસે વાત નીકળી કે કોની પાસે શુ નવીન છે ? શેઠે બીજની વાત કહી ને સૌને નવાઈ પમાડચા

પેલો યાર કહે ખોટી વાત છે એવુ બને જ નહિ એણે આ વાતની સામે ચેલેન્જ ફેકી 'જો શેઠ સભામા બીજ ઊગાડી બતાવે, બીમાથી તરત જ કાકડી થાય તો હુ મારુ બધુ ધન આપી દઈશ નહિ તો હુ બે હાથે પહેલુ જે લઈ જઉં તે મારુ "

શેઠે શરત લગાવી દીધી ખોટા વ્યસનો સારા નથી જાણ્યે અજાણ્યે પણ તમે ફસાઈ જતા હો છો અને બાળકો ઉપર તેની માઠી અસર પડે છે

યાર અને શેઠ શરત લગાવીને છૂટા પડ્યા પછી શેઠ કોઇ કામે બહાર ગયા ને યાર તુરત જ ઘેર પહોચી ગયો અને સ્રી પાસેથી પેલા બી લઈને બીજુ પડીકુ એને આપી દીધુ

જે જીવો અ દરના ખોટા છે તેને આવુ કરવામા જ મજા આવતી હોય છે યાર વિચારે છે, હવે શેઠનુ કાસળ નીકળી જશે હાશ ! હવે છાનુછપનુ નહિ કરવુ પડે

સસારમા કેવી વિચિત્ર ઘટનાઓ ઘટે છે તે તો અનુભવે તેને જ ખબર પડે આ તો "લક્કડકા લાડુ ખાયેગા વો ભી પછતાયેગા, નહી ખાયેગા વો ભી પછતાયેગા," એવુ છે આ પક્તિ સાભળી તો હશે પણ હકીકત નહિ જાણતા હો

એક સુથારે લાકડાના ઢોલના લાડુ બનાવ્યા સારો મસાલો નાખીને ખૂબ સુદર બનાવ્યા બજારમા વેચવા ગયો રૂ ૧૦૦નો એક લાડુ એમ ખૂબ કિમતે વેચ્યા આવા કિમતી તો ધનવાનો જ ખરીદી શકે ને? ધનવાનોએ ખરીદ્યા અને ઘેર જઈને ખાધા તે પસ્તાયા જે ન ખરીદી શક્યા તે પણ ન ખરીદ્યા તેથી પસ્તાયા એટલે આ કહેવત પડી ગઈ

જગતનુ પણ આવુ જ છે આપણે સાચા હોઈએ તો પણ ફસાઈ જઈએ માટે શરતો લગાવવી નહિ

શરત મુજબ સભામા શેઠ બી ઊગાડવા ગયા પણ બી તો બાળી નાખેલા છે, બનાવટી છે, ક્યાથી ઊગે? શેઠની હાર થઈ હવે શુ થાય? શરત મુજબ ચોરે બીજે દિવસે શેઠના ઘેર જવાનુ નક્કી કર્યું શેઠ મુઝાયા સમજી ગયા કે મારી સ્ત્રી સાથે આનો કાઇક સકેત છે સ્ત્રીને ઉપાડી જશે તો જીવવા જેવુ નહિ રહે

શેઠે પોતાના મિત્રને વાત કરી મિત્ર બધુ સમજી ગયો એણે શેઠને કહ્યુ કાલની વ્યવસ્થા મને સોપી દે તુ ચિંતા છોડી દે

મિત્ર શેઠને ઘેર ગયો એણે ચાલાકીથી સ્ત્રીને કોઈ વસ્તુ લેવાને બહાને મેડા પર ચડાવી ને પછી નીચેથી નીસરણી સતાડી દીધી સમય થયો ને યાર પુરુષ આવ્યો રાજા અને પચ પણ સાથે છે યારને જોઇને સ્ત્રીએ ઉપરથી ખોખારો ખાધો એને ઉપર બેઠેલી જોઈ એટલે યારપુરુષે ઉતાવળમા આવી જઈ ઉપર ચડના માટે નીસરણી બે હાથે ઊપાડી

તરત જ શેઠ બોલી ઊઠયા, "બસ બસ, આપણી શરત પૂરી થઈ ગઈ તમે પહેલી બે હાથે નીસરણી લીધી શરત પ્રમાણે એ નીસરણી તમારી હવે કોઇ વસ્તુ નહિ લઇ શકો" પછી શેઠે રાજા પાસે બધો ખુલાસો કર્યો સાચી વાત રજૂ કરી રાજાએ એને સખત શિક્ષા કરી દેશનિકાલ કરી દીધો

એટલે સ્ત્રીને ખાનગી વાત કરવામા શેઠને તકલીફમા મૂકાવુ પડયુ માટે હે કેદાર ! તુ પણ સ્ત્રીને કોઈ દિવસ ખાનગી વાત કહીશ નહિ તારે અજાણી સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવો જોઈએ

અને બુદ્ધિ મળી હોય તો શેઠના મિત્રની જેમ બચા વાવ માટે ઉપયોગ કરજે કોઈ ને ફસામા પાડવાનો ઉપાય ન શોધશો



સસારમા કેરી વિચિત્ર ઘટનાઓ ઘટે છે તે તો અનુભવે તેને જ ખબર પડે આ તો "લક્કડકા લાડુ ખાયેગા વો ભી પછતાયેગા, નહી ખાયેગા વો ભી પછતાયેગા," એવુ છે આ પક્તિ સાભળી તો હશે પણ હકીકત નહિ જાણતા હો

એક સુથારે લાકડાના ઝોનના લાડુ બનાવ્યા સારો મસાલો નાખીને ખૂબ સુદર બનાવ્યા બજારમા વેચવા ગયો રૂ ૧૦૦નો એક લાડુ એમ ખૂબ કિમતે વેચ્યા આવા કિમતી તો ધનવાનો જ ખરીદી શકે ને? ધનવાનોએ ખરીદ્યા અને ઘેર જઈને ખાધા તે પસ્તાયા જે ન ખરીદી શકયા તે પણ ન ખરીદ્યા તેથી પસ્તાયા એટલે આ કહેવત પડી ગઈ

શરતનુ પણ આવુ જ છે આપણે સાચા હોઈએ તો પણ ફસાઈ જઈએ માટે શરતો લગાવવી નહિ

શરત મુજબ સભામા શેઠ બી ઊગાડવા ગયા પણ બી તો બાફી નાખેલા છે, બનાવટી છે, ક્યાથી ઊગે? શેઠની હાર થઈ હવે શુ થાય? શરત મુજબ ચોગે બીજે દિવસે શેઠના ઘેર જવાનુ નક્કી કર્યું શેઠ મુઝાયા સમજી ગયા કે મારી સ્ત્રી સાથે આનો કાઇક સકેત છે સ્ત્રીને ઉપાડી જશે તો જીવવા જેવુ નહિ રહે

શેઠે પોતાના મિત્રને વાત કરી મિત્ર બધુ સમજી ગયો એણે શેઠને કહ્યુ કાલની વ્યવસ્થા મને સોપી દે તુ ચિંતા છોડી દે

મિત્ર શેઠને ઘેર ગયો એણે ચાલાકીથી સ્ત્રીને કોઈ વસ્તુ લેવાને બહાને મેડા પર ચડાવી ને પછી નીચેથી નીસરણી સતાડી દીધી સમય થયો ને ચાર પુરુષ આવ્યો રાજા અને પચ પણ સાથે છે ચારને જોઇને સ્ત્રીએ ઉપરથી ખોખારો ખાવો એને ઉપર બેઠેલી જોઈ એટલે ચારપુરુષે ઉતાવળમા આવી જઈ ઉપર ચડવા માટે નીસરણી બે હાથે ઊપાડી

તરત જ શેઠ બોલી ઊઠયા, "બસ બસ, આપણી શરત પૂરી થઈ ગઈ તમે પહેલી બે હાથે નીસરણી લીધી શરત પ્રમાણે એ નીસરણી તમારી હવે કોઇ વસ્તુ નહિ લઇ શકો" પછી શેઠે રાજા પાસે બધો ખુલાસો કર્યો સાચી વાત રજૂ કરી રાજાએ એને સખત શિક્ષા કરી દેશનિકાલ કરી દીધો

એમ્લે સ્ત્રીને ખાનગી વાત કરવામા શેઠને તકલીફમા મૂકાવુ પડયુ માટે હે કેદાર! તુ પણ સ્ત્રીને કોઈ દિવસ ખાનગી વાત કહીશ નહિ તારે અજાણી સ્ત્રીઓનો વિશ્વાસ ન કરવો જોઇએ

અને બુદ્ધિ મળી હોય તો શેઠના મિત્રની જેમ બચાવ માટે ઉપયોગ કરજે કોઈ ને ફદામા પાડવાનો ઉપાય ન શોધશો



(૭) રૂપને શીલથી શોભાવજો

મહાપુરુષોના વચનો સાંભળીને મનન કરવું જોઈએ. ચિંતન કરવું જોઈએ આપણા જીવનમાં એમાંથી શું, કઈ રીતે કેટલું ઉપયોગી છે ! તે વિચારી જીવનમાં આચરણોમાં ઊતારવું જોઈએ રોહિણિયા ચોરે પ્રભુનું વચન સાંભળ્યું તો અભયકુમારના છટકામાંથી છટકી શકયા કયારે કઈ વાત ઉપયોગી નીવડશે તે કોઈ જાણી શકતું નથી

દવાખાને જવાની કોઈની ઈચ્છા હોતી નથી પણ રોગ આવે તો શું થાય ? જવું પડે ને ? ઈચ્છા હોય કે ન હોય પણ ડોકટર કહે એમ કરવું પડે છે તો ભગવાન ભવરૂપી રોગને મટાડનાર છે માટે પ્રભુની વાણી તો જરૂર સાંભળવી જ એ જરૂર ગુણ કરે અને કરે જ

મહાપુરુષો કહે છે કે સંસારી જીવોને સુખનો ઉપાય જરૂર બતાવજો તેઓને દુઃખી થવા ન દેશો, અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન હોય એટલે ચાલવું, બોલવું, બેસવું, પરઠવવું વગેરેનું જ્ઞાન હોય અને સદ્ગુરુઓનો સમાગમ હોય તો જરૂર આત્મા તરી જાય

રોહિણિયો ચોર, પગમાં લાગેલો કાંટો કાઢવા જતાં અનાયાસે-અનિચ્છાએ પ્રભુવાણી સંભળાઈ ગઈ,

"દેવોની આંખો મટકું મારે નહિ, અનિમેષ હોય,

દેવો જમીનથી ચાર આગળ ઊંચે રહે છે, એટલે દેવોની બનાવટ થઈ શકે છે પણ દેવ થઈ શકાતું નથી,

દેવોની પુષ્પમાળ કદી કરમાતી નથી,

દેવોને પરસેવો થતો નથી"

અભયકુમાર સમજે છે કે આ જ રોહિણિયો ચોર છે પણ બરાબર સાવધાન લાગે છે પણ પરિણામ શું આવ્યું ? બીજાનું લઈને આવનારો ઝોળવા બેઠો ચોરનો હૃદયપલટો થઈ ગયો પરાણે પણ સાભળેલી વસ્તુ કેટલી બધી ઉપયોગી થાય છે ! તેનો આ દાખલો છે મહાપુરુષો-નો ઉપદેશ એટલે હિતનું શ્રવણ કરવા મળે તે જેના વડે જીવ અહિતથી નિવૃત્ત થાય એવોજ એમનો ઉપદેશ હોય માટે મહાપુરુષોનો ઉપદેશ અચૂક સાભળવો આપણે પણ મહાપુરુષોના અમૃતવાક્યો સાભળીએ છીએ

(૧) હૈયાને કોમળ રાખજો (૨) વાણી મીઠી રાખજો, કઠોર ન બનાવશો (૩) દૃષ્ટિ પ્રસન્ન રાખજો મુખનો ભાવ પ્રસન્ન રાખજો અપ્રસન્ન રહેશો નહિ કેમકે બધું જ કર્મા ધીન છે

"સુખદુઃખ સરજ્યા પામીએ રે, આપદ સંપદ હોય,
લીલા દેખી પરતણી રે રોષ મ ધરજો કોય રે,
પ્રાણી ! મન ન આણો વિખવાદ,
એ તો કર્મતણા પરસાદ રે પ્રાણી૦"
આપણે નવા કર્મોનું સર્જન કર્યું હોય "

જ સુખદુ ખ આવે છે નૈયાયિકો પણ કહે છે, 'अनुकूलवेदनीय सुख, प्रतिकूलवेदनीय दु ख'-અનુકૂળતા એ જ સુખ છે પ્રતિકૂળતા એ જ દુ ખ છે સુખ અને દુ ખ આપણે જ કમાઈને લાવેલા છીએ કર્મની સ્થિતિ વિચિત્ર છે માટે સુખના કે દુ ખના કારણોમા ઊંચો કે નીચો ન પડીશ સમભાવ રાખજે પણ જીવ સુખમા હસે છે, અને દુ ખમા રડે છે મહાપુરુષો કહે છે, એકે વાતમા "હાય હાય" કરવા જેવી નથી, "હોય" કરવા જેવુ છે

(૪) શક્તિની શોભા સહન કરવામા છે, દુરૂપયોગ કરવામા નહિ માટે શક્તિનો સદુપયોગ કરજો (૫) બુદ્ધિમા ન્યાય અને નીતિ રાખજો બુદ્ધિને બગડવા ન દેશો દુનિયા આજે બુદ્ધિના બગાડાથી પીડાય છે બુદ્ધિની વિકૃતિ અત્યાર જેવી કયારેય ન હતી બુદ્ધિનો વ્યાયામ એવો કર્યો છે કે તમને સારુ લાગે, એમનુ સારુ થાય-સારુ મળે, એમા જ એ પ્રવર્તે કહો, આવુ કરવામા તમને શો આત્મિક લાભ? માટે મતિને ન્યાય નીતિવાળી રાખજો અન્યથા તેના ગેરલાભ એટલા જ થશે (૬) અને મળેલી લક્ષ્મીનો એવી રીતે ઉપયોગ કરજો જેથી અન્યના દુ ખદારિદ્રય ટળે

'चत्वारा धनदायादा धर्माग्निराजतस्करा ।'

લક્ષ્મીના ચાર વારસદારો છે, ધર્મ, અગ્નિ, રાજા અને ચોર તેમા પહેલા દીકરાનુ જે અપમાન કરે એટલે નાના ત્રણેય તેના પર તૂટી પડે ધર્મ ન કરે તેનુ ધન શેષ ત્રણેય નષ્ટ કરે ભર્તૃહરિ પણ કહે છે કે

दाने भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुंक्ते, तस्य तृतीया गतिर्भवति ॥

લક્ષ્મીના ઉપયોગ ત્રણ છે દાન, ભોગ અને નાશ.
જે આપતો નથી, ભોગવતો નથી, તેની ત્રીજી ગતિ–નાશ
થાય છે

એક દિવસ ઈંદ્ર મહારાજા લક્ષ્મીને પૂછે છે કે "તુ
કયા રહે છે ? શૂરવીરને ત્યા ?"

લક્ષ્મી 'ના, ત્યા નહિ કેમ કે ત્યા તો મને વૈધવ્ય
આવે એ રણમા મરી જાય તો હુ વિધવા થઉ !'

ઈંદ્ર "તો કયા પડિતને ત્યા રહે છે ?"

લક્ષ્મી "ના ના, ત્યા તો મારી શોક્ય સરસ્વતી બેઠી
છે !"

ઈંદ્ર "તો દાતાને ત્યા ?"

લક્ષ્મી "ના, તે તો મને કાઢયા જ કરે છે, કાઢી
મૂકે છે એ આગણે આવેલા યાચકને ખાલી હાથે પાછો
જવા જ ન દે મને માનથી એ નથી રાખતો ત્યા મને
ન ગમે"

ઈંદ્ર "તો તુ રહે છે કયા ? એ બતાવ"

લક્ષ્મી "હુ તો કજૂસને ત્યા રહુ છુ એ મને
સઘરી રાખે છે"

માટે લક્ષ્મીનુ સ્થાન ઇચ્છતા હો તો જ કજૂસ થવુ.
જેઓ લક્ષ્મીને વળગી પડયા છે તેઓ માટે

થવાનુ નક્કી જ છે પણ મહાપુરૂષો કહે છે કે અન્યના દુ ખ અને દીનતા ટાળવી એમા જ મળેલી લક્ષ્મીની સાર્થકતા છે

એક શેઠને ત્યા લક્ષ્મીનો ભરાવો થઇ ગયો, શેઠે મોટા દીકરા ભોળાને બોલાવ્યો ને પૂછ્યુ આટલી બધી લક્ષ્મીને કરશુ શું ? રાખવી કયા ? દીકરો પૂછે છે, બાપા ! કેટલુ હશે ? બતાવો જોઇએ જોયુ, ને છક થઈ ગયો અરે બાપા ! આટલુ બધુ ધન છે ?

બાપ દીકરો ધન જુએ છે ને વિચાર કરતા જાય છે પણ તેમને ખબર નથી કે તે જ વખતે ઘરમા પેઠેલો કોઈ ચોર પણ આ બધુ જુએ છે ને સાભળે છે યાદ રાખો, તમે કઇંક પણ કરો ત્યારે કોઈક પાછળથી જોતુ હોય છે

બાપ "દીકરા, આ ધન ઘરમા રાખી મૂકવા જેવુ નથી શુ કરીશુ ?" દીકરાએ ઉપાય પૂછ્યો એટલે બાપ કહે "સ્મશાનમા દાટી આવીએ"

સ્મશાનમા આમ તો રાત્રે જતા બીક લાગે પણ આવુ સાહસ કરવુ હોય તો ભડવીર થઈ જઈએ કેવી દશા છે !

પેલો ચોર વિચારે છે સારૂ સારૂ ભલે ધન દાટવા જતા મારે અહીથી ઉપાડી જવુ મટ્યુ ત્યા મને ખાડો ખોદતા તરત જ તૈયાર મળી જશે

શેઠે સાર સાર વસ્તુઓનો ડબ્બો ભર્યો ને બાપ દીકરો સ્મશાને ચાલ્યા સાથે ચપ્પુ, લાકડી, કોદાળી વગેરે

સંપૂર્ણ સાધનો લીધા છે પણ એમને ખબર નથી કે કોઈ આપણા પડછાયે પડછાયે આવી રહ્યુ છે

લક્ષ્મી જ્યા હોય ત્યા તરત જણાઈ આવે છે દેખાવ-થી ન દેખાય તો લક્ષણથી દેખાય છે લક્ષ્મી કોઈને માટે બોલતી હોય છે કોઈને માટે સુગંધ મૂકતી હોય છે ભલે એનો માલિક કંજૂસ હોય, પણ એ છૂપી નથી રહેતી

બાપ દીકરો મધરાતે સ્મશાને પહોચ્યા તપાસ રાખી-ને ચાલતા હતા, છતા ચોર દેખાયો નથી, એ તો ચૂપકીથી પાછળ પાછળ ચાલ્યો જ આવે છે

શેઠે ખાડો ખોદાવ્યો એ જોઈને ચોર વિચારે છે સરસ જગા ગોધી છે પાછા વળે એટલી જ વાર !

કેટલાક જીવો પારકા માટે જ કમાતા હોય છે અને લોકો કહે છે કે, પૈસાની વાતમા સાચુ બોલે તે વાણિયો નહિ એ તો જાય ત્યારે કહે કે આટલુ ગયુ પહેલા તો ઢીલુઢીલુ બોલ્યા કરે ઠીક છે, દાળ રોટલો નીકળે છે, એમ જ કહે

શેઠ દીકરાને કહે છે, “હવે જરા આજુબાજુમા તપાસ કરી લ્યો કે કોઈ જોતુ તો નથી ને ?” આ સાભળીને પેલો ચોર લાંબો થઈને શબની જેમ સૂઈ જાય છે જુઓ એક પૈસા બચાવવા પ્રયત્ન કરે છે ને બીજો પૈસા પડાવવા પ્રયત્ન કરે છે જો હાથે લક્ષ્મીનો સદ્વ્યય ન કર્યો તો બીજા દુરૂપયોગ કરી નાખશે, જે બીજાના હાથમા ચડી

તો ! માટે સદ્વ્યય કરજો બાપ દીકરાને તપાસ કરવા મોકલે છે કે જોઈ આવ, આટલામા કોઈ નથી ને ?

દીકરો ફરતો ફરતો ચોર સૂતો છે ત્યા આવે છે જુએ છે ખાતરી કર છે કે આ શબ જ લાગે છે જઈને બાપને કહે છે બાપ કહે, બરાબર ખાતરી કરવા માટે ફરી જઈ આવ, આ દડો લઈને બે ચાર ઠોકી આવ

ચોર મજબૂત રહે છે પોતાની જાતને સહન કરવા માટે સમજાવે છે જુઓ, ધર્મ માટે ગુરુ પાસે જઈએ છીએ પણ ધન માટે ગુરુ રાખવા પડતા નથી ત્યા તો જાત જ સમજાવે છે અરે જીવ ! થોડુ વધારે સહન કરી લે નહિ તો હાથમા આવેલો દલ્લો જતો રહેશે કેમ કે ત્યા તો મળવાનુ છે ને !

એક જગ્યાએ મળે છે જ્યારે બીજી જગ્યાએ-સુપાત્ર દાનમા તો આપવુ પડે છે ધધામા તો મેળવવાનુ હોય છે અને ધર્મમા આપવાનુ હોય છે પણ આ સમજણ-આ માન્યતા બરાબર નથી ધર્મમા આપવાનુ નથી, પણ લાભ લેવાનો છે માટે જ ગુરુભગવતો પધારે ત્યારે કહો છો ને કે "લાભ આપો, લાભ દેજો"

મુનિઓને આપવામા લાભ માન્યો હોય તો યાદ રાખજો કે ધર્મક્ષેત્રમા ખરચવામા લાભ જ છે અન્ય ક્ષેત્રે લાભ તો નથી દેખાતો કદાચ દેખીતો થોડોક લાભ હશે, પણ અણદેખ્યુ નુકસાન તો પડેલુ જ છે જ્યારે અહી થોડુ ખર્ચીને લાભ વિશેષ લેવાનો છે

દીકરાએ પેલા સૂતેલા ચોરને બે ચાર દંડા માર્યા પણ ચોર જરાય ચસકતો નથી લોભે-લાલચે સમર્થ મનુષ્યો પણ માર ખાય. આપણે પણ, સંસારમા, લોભ ને લાલચથી ડગલે પગલે માર ખાઈએ છીએ

દીકરો પાછો આવ્યો બાપે પૂછ્યુ કેમ બરાબર છે? દીકરાએ હા કહી એટલે બાપ કહે તુ પાછો જા, અને એને ઉચકીને જમીન ઉપર પછાડ

એને પાછો આવતો જોઈને ચોર વિચારે છે કે હવે ન મારે તો સારૂ અન્ય સ્થળે મળ્યો હોત તો તો ઠાર કરી નાખત અહી તો હવે મૂગે મોઢે નિશ્ચેષ્ટ થઈને સહન કર્યે જ છૂટકો છે દીકરાએ ચોરને પછાડી જોયો પાછો બાપ પાસે ગયો બાપે કહ્યુ ફરી એકવાર જઈ આવ અને નાક કાન બન્ને કાપી લાવ

કેટલાકના ધન ગયે કાન-નાક જાય અને કેટલાકના ધન મેળવવા જતા કાન-નાક કપાઈ જાય ધન જતા આબરૂ જાય એટલે કાન નાક જાય ને? ચોર પણ વિચારમા પડયો પણ પૈસાના લોભે બધુ સહન કરવાનુ નક્કી કરીને પડી રહ્યો છે દીકરો છરી લઈને આવ્યો નાક કાન કાપીને લઈ ગયો બાપે જોઈને કહ્યુ મડદુ છે છતા આમાથી લોહી કેમ ટપકે છે? ચાલ, આપણે પૈસો દાટવો નથી બન્ને પાછા ગયા

આવા કજૂસને ત્યા જ લક્ષ્મી રહે પણ એમા લક્ષ્મીની સાર્થકતા નથી લક્ષ્મીની સાર્થકતા કરવી હોય

તો મળેલી લક્ષ્મીનો દીન દુ ખિયાના દુ ખને દૂર કરવામા વ્યય કરજો

હવે સાતમુ અમૃતવાકય છે "રૂપં શીલયુત" અત્યત સુદર રૂપ મળ્યુ હોય પણ એ બીજાને ફસાવવા વાપર્યું તો તે નકામુ છે રૂપ તો શીલયુક્ત જ શોભે માટે મળેલી સુદરતાને શીલાચારમા વાપરજો શીલવ્રત મહાન વસ્તુ છે મહારત્ન સમાન છે મોટામા મોટો મ ત્ર છે શીલ અભેદ્ય છે ચક્રવર્તી જેમ છ ખડને જીતે છે તેમ જગત માત્ર ના શત્રુઓને જીતવા માટે શીલવ્રત ચક્ર જેવુ સમર્થ છે શીલ કોઈનાથી જીતાતુ નથી શીલને સુરક્ષિત રાખજો

શાસ્ત્રમા સુદર્શન શેઠનુ દૃષ્ટાત આવે છે અભયારાણી ફસાવવા માટે ઘણા પ્રયત્નો કરે છે પણ શેઠ વ્રતધારી છે શેઠે વાત વાતમા રાણીની મુરાદ જાણી લીધી અને પોતાનુ વ્રત કહી દીધુ એકદા પરિવાર સાથે રથમા બેસી ઉદ્યાનમા જતી હતી માર્ગમા શેઠને જોયા તરત જ દાસીને પૂછ્યુ આ કોણ છે? સુદર્શન શેઠ છે ને? મને કહ્યુ હતુ કે વ્રતધારી છુ અને આ સ્ત્રી પુત્રાદિ પરિવાર તેનો છે? રાણીના મનમા વૈર જાગ્યુ ને રાજાને કહેવરાવી, ખોટુ આળ ચઢાવી તેને સજા ફટકાવરાવે છે પણ શીલના પ્રભાવે શેઠનો જય થાય છે

પેલો કલાપક કેદારને કહે છે કે હે કેદાર! શીલ તો રત્ન સમાન છે તે યત્નથી રક્ષણ કરવા યોગ્ય છે એ પણ તુ ભૂલી ગયો, કે જેથી આવી અજાણી સ્ત્રીઓમા તુ ફસાઈ ગયો?

વળી, તારા બાપની ચોવી શિખામણ પણ તુ ભૂલી ગયો? તારા બાપાએ તને કહ્યુ હતુ કે "મહાજનો રંજનીય – મોટા પુરુષોને ખુશ રાખવા, જેથી કોઈ કવાર ફસાયા હોઈએ તો છૂટવા કામ લાગે" એ વાત તને યાદ નથી રહી?

એક વખત બાદશાહ અકબર જમીને બેઠો છે ખૂબ પ્રસન્ન હતો એવામા બીરબલ આવ્યો બાદશાહે પૂછ્યુ "બીરબલ! રીગણા કેવા?"

બીરબલ "કેમ, આજે શાક ખાધુ છે?"

બાદશાહ "હા"

બીરબલ "રીગણા તો ખૂબ સરસ લાગે, સાહેબ! જુઓને, એના ડીલ પર જામલી રગના તો જામા હોય છે ને માથે વળી લીલો મુગટ! રીગણા તો શાકોનો રાજા છે રાજા!"

રીગણાના આટલા બધા વખાણ સાભળીને બાદશાહ તો રોજે રોજ રીગણા ખાવા લાગ્યો એટલે વાયડા પડી ગયા થોડા દિવસમા જ કટાળીને બીરબલને કહે "અરે બીરબલ! રીગણાનુ શાક તો ભાઈ બહુ ખરાબ"

બીરબલ "હા સાહેબ! ખરી વાત છે, રીગણા તો સાલા ખૂબ ખરાબ નર્યા વાયડા"

બાદશાહે આશ્ચર્યથી પૂછ્યુ અટ્યા! તે દિવસે મે વખાણ કર્યાં ત્યારે તો ખૂબ વખાણ કરતો હતો અને આજે મે ખરાબ કહ્યા તો તુયે એને વખોડવા લાગ્યો! આવુ કેમ?"

બીરબલ "સાહેબ ! હું તો આપનો સેવક છુ, રીંગણાનો નહિ આપને રાજી રાખવા એ જ મારૂ કામ. મારે ને રીંગણાને શુ લેવા દેવા ?' ને બાદશાહ હસી પડયો

આની જેમ, પેલો કલાપક કેદારને સમજાવે છે કે તારે પણ આવી હાનિ પહોચાડે એવી બાબતોથી પાછા હટીને મહાજનોને ખુશ રાખવાનો ને શીલનુ રક્ષણ કરવાનો યત્ન કરવો જોઈએ

આ રીતે કલાપકની સમય વાતો સાભળવામા એને એવો તો રસ પડી ગયો કે ત્યા જતો-વેશ્યાને ત્યા જતો બધ થઈ ગયો પેલી કામપતાકા વિચારે છે કે આ કેમ નથી આવતો ? દાસીને તપાસ કરવા મોકલી દાસીએ આવીને જોયુ તો કલાપક અને કેદાર-બન્ને વાતો કરી રહ્યા હતા. પણ દાસીને જોતા જ પોપટ બોલી ઊઠયો "જો જો, તે દિવસે આ જ બાઈ આવી હતી કાઢ કાઢ એને"

બસ, દાસી જાણી ગઈ કે આ પોપટ જ એને ચડાવે છે એણે જઈને એની સ્વામિનીને વાત કહી હવે વેશ્યા આ પોપટને મારવાનુ વિચારે છે એને થયુ કે આ પોપટ હશે ત્યા સુધી કેદારને અહી આવવા નહિ દે માટે પોપટનો નિકાલ પહેલા કરવો પડશે પણ એનો શો ઉપાય કરવો ? શો રસ્તો કરવો ? એ વિચારમા દિવસો વહી ગયા એનામા એક દિવસ કેદાર વેશ્યાને ત્યા જઈ ચડે છે હવે એ વેશ્યા કેદારને કઈ રીતે વચનથી બાધી લેશે અને પોપટના હાલ કેવા થશે ? તે કઇ રીતે ? તે અગ્રે અધિકાર

(૮) જ્ઞાન મેળવજો, અભિમાન ઊતારજો

જીવનમા કઈ કઈ વસ્તુ-કયા કયા સસ્કાર કેળવવાની જરૂર છે તે મહાપુરુષો આપણને જણાવતા કહે છે કે જીભ મા-વાણીમા અને હૈયામા કોમળતા રાખવી કઠોરતા લાવવી નહિ ગૌતમસ્વામીના રાસમા પણ કહ્યુ છે કે પ્રભુ કેવા શોભે છે? તો "જિમ ઉત્તમ મુખ મધુરી ભાષા"-ઉત્તમ જનના મોમા જેમ મધુરી ભાષા શોભે તેમ પ્રભુ શોભી રહ્યા છે મુખની શોભા મધુરી ભાષામા છે દાગીના તો વેચાતાય મળશે પણ આવા ઉત્તમ ગુણો તો કેળવીશુ તો જ મળશે માટે હરહમેશ કોમળતા રાખજો

મુખમા એક જ અગ એવુ છે, જેમા એકેય હાડકુ નથી કોને? ખબર છે? "જીભ"ને છતા તેનામા બે વિરુદ્ધ ગુણ છે ૧ કેટલાક એને કુહાડી જેવી અને કાતર જેવી બનાવે છે ૨ અને કેટલાક જેવી એ નરમ છે એવી જ નરમાશ વાપરે છે હૈયાની કોમળતા વાણીની મધુરતાનુ કારણ છે આપણે ત્યા કહ્યુ છે કે 'હૈયે તેવુ હોઠે'

કેટલીક વાતો રિપીટ થાય છે પણ ઉપદેશની વાતમા બે ચાર વખત થાય તો વાધો નથી વધુ જલદી સસ્કાર પડે નવકારવાળીમા જુઓ, પહેલા મણકાથી માડીને છેલ્લા મણકા સુધી એક જ મત્ર ગણવામા આવે છે શુ કારણ? તો દૃઢતા લાવે એ જ હેતુ છે

'जपात् सिद्धि र्जपात् सिद्धि र्जपात् सिद्धिर्न संशयः ।'

જેમ જેમ જપ વધતો જાય તેમ તેમ સિદ્ધિની નજીક પહોચાય

જે હમેશા ખુશમિજાજ રહેતો હોય તે જ મધુર વાણી બોલી શકે હૈયાનો કઠોર ને નઠોર હોય તે બોલી જ ન શકે તેના સ્વભાવ કરતા તો વાઘ ને સિંહ પણ સારા લાગે, માટે સદા પ્રસન્ન રહો દૃષ્ટિ અમીભરી રાખજો.

શક્તિઓ મળી છે તો એને ક્ષમાયુક્ત નાખજો

क्षमाखड्ग करे यस्य शत्रुस्तस्य करोति किम् ? ।
अतृणे पतितो वह्नि स्वयमेवापशाम्यति ॥

ક્ષમા રૂપી ખડ્ગ જેના હાથમા છે, તેને શત્રુ કાઈ જ કરી શકતો નથી જેમ ઘાસ વગરની જગ્યાએ અગ્નિનો તણખલો પડે તો તે તેની જાતે જ ઠરી જાય છે

આગ ઊઠે જે ઘર થકી તે પહેલુ ઘર બાળે,
જળનો જોગ જો નવિ મળે તો, પાસેનુ પરજાળે
કડવા ફળ છે ક્રોધના

જે ઘરમા આગ લાગે તો પહેલુ ઘર તો બાળે જ છે પણ જો પાણીનો જોગ ન મળે તો પાસેનુ પણ બાળે છે માટે જ્યા ક્રોધ ઉત્પન્ન થાય ત્યા સામાને ઠારવા કરતા પહેલા આપણે જ ઠરવાની જરૂર છે માટે શક્તિઓને સહન-શક્તિમા ફેરવી નાખજો સહિષ્ણુ બનજો, અસહિષ્ણુ ન બનશો જો દૃષ્ટિ ફેરવશો તો જ તત્ત્વ શુ છે તે સમજાશે. તેને માટે પ્રસિદ્ધ દૃષ્ટાંત છે

પાડવો અને કૌરવો ગુરુ દ્રોણાચાર્ય પાસે ભણે છે એકસો ને પાચ કુમારો ભણી રહ્યા છે ગુરુ શસ્ત્રવિદ્યા શીખવે છે સાથે શાસ્ત્ર પણ શીખવે છે સમજે છે કે જો શાસ્ત્રનો મર્મ નહિ સમજે તો શસ્ત્રથી લડી મરશે શસ્ત્રો ઉગામતા વાર નહિ લાગે માટે તત્ત્વ શીખવે છે

એક દિવસ ગુરુએ સૌને તત્ત્વજ્ઞાનનો પાઠ શીખવ્યો "ક્રોધ મા કુરુ ક્ષમા ચ કુરુ-ક્રોધ ન કર, ક્ષમા કર"

આ પાઠ સૌએ મોઢે કરવા જેવો છે જીવનમા ઊતારવા જેવો છે આમા વચ્ચે મા છે બે છોકરા લડતા હોય તો વચ્ચે મા આવે એમ દયારૂપી માતા વચ્ચે આવે તો ક્રોધ ન થાય યાદ રહે તેવો છે ને?

ગુરુ ક્રમસર દરેકને બોલાવે છે ૧૦૪ બોલી ગયા એક ન બોલ્યો પહેલો નબર ફરી પૂછ્યુ તો પણ ન બોલ્યો ગુરુએ પૂછ્યુ "યુધિષ્ઠિર! તને આવડયો છે કે નહિ?" યુધિષ્ઠિર બોલ્યા "ના, નથી આવડયો" "સારુ, આવતીકાલે કરી લાવજે" ગુરુએ કહ્યુ

જેને ગાથા ન ચઢતી હોય તેણે ગાથાની માળા ફેરવવી માળામા ૧૦૮ વાર ગાથા ગણે એટલે ૧૦૯મી વાર ગાથા તમારી આવડી જશે

બીજે દિવસે પણ 'નથી આવડયુ, એમ કહ્યું ગુરુજીએ ઠપકાર્યો અને એક લગાવી દીધી ગાલ ઉપર પછી બાજુ પર બેસાડીને પૂછ્યુ "હવે આવડયો?"

યુધિષ્ઠિર "હા, આવડયો"

ગુરુ "હવે કેમ આવડી ગયો ? મારની બીકે ? "

યુધિષ્ઠિર "આપે ક્રોધે ભરાઈ મને તમાચો માર્યો, ત્યારે જ હુ ક્રોધને કાબુમા લઈ શકયો છુ એટલે હવે મને પ્રતીતિ થઈ કે મને પાઠ આવડયો છે 'ક્રોધ કરવો નહિ' એવો નિર્ણય મે કર્યો છે

અને મતિ શ્રિતમયા-બુદ્ધિમા ખોટો પક્ષપાત ન આવી જાય તેનો પણ ખ્યાલ રાખવો જોઈએ સાચુ સમજી એ, સમજાવી શકીએ, બરાબર માપમા રહીએ, મધ્યસ્થતા જાળવીએ, તોજ બુદ્ધિ મળી સાર્થક ત્રાજવામા કિંમત કોની ? ત્રાજવામા વચલી ધરી જ મુખ્ય છે બન્ને પલ્લા ઢળે,તેમ છતા કયા જુઓ છો ? કાટા ઉપર ને ? તો અહીયા કેમ નીચે જુઓ છો ? જે ઊચી દષ્ટિ રાખી શકે છે તે સમતોલ પણુ જાળવી શકે છે જે નીચી દષ્ટિ રાખે છે તે કયારેય સમતોલપણુ જાળવી શકતો નથી માટે મતિમા મધ્યસ્થભાવ રાખજો

~~શ્રીર્દાનદે યાપદા~~-લક્ષ્મી મળી છે તો તેનો સદુપયોગ કરજો જેથી દીનદુખિયાના દુખ મટે યાદ રાખો, વપરાતો પૈસો જ બીજાને બચાવે છે પડેલો પડતર પૈસો કોઈને કામ નહિ લાગે દાનવીર જગડૂશાહે દુકાળમા ત્રણ વર્ષ સુધી પોતાના નાણાનો સદુપયોગ કરી ભારતની પ્રજાને રક્ષણપોષણ આપ્યુ હતુ

અને એમો દેદરાણી ! ચાપાનેરનુ મહાજન ટીપ કરવા

નીકળ્યું છે, ત્યારે ૧૫૦ દિવસ એણે નોધાવી દીધા છે લક્ષ્મીનો કેવો સદ્વ્યય ! સઘનુ–મહાજનનુ નાક રાખે છે !

આજનુ ચાપાનેર અને પાવાગઢ એ મો વર્ષ પહેલા આપણુ તીર્થ હતુ આજે તો ત્યાના નવેનવ દેરાસરો દિગબરોના હાથમા ગયા છે મહાકાળીનુ મદિર છે તે શાસનરક્ષિકા અધિષ્ઠાયિકા દેવીનુ છે તપગચ્છ માટે માણિભદ્ર અને અચલગચ્છ માટે મહાકાળી દેવી એ મહાકાળી દેવી પાવાગઢની છે તેમના આચાર્યોએ પચપ્રસ્થાનની આરાધના પાવાગઢ જઈને કરી છે

એ ચાપાનેરનો સઘ નીકળ્યો છે સઘ હડાળા થઈને નીકળ્યો ત્યા દેદરાણી ને તેનો દીકરો બને છે દોમ દોમ સમૃદ્ધિ છે પણ ગામડામા રીતસર રહેવાય ઐહિક રીતે વાચીએ તેમા આવે છે એ ઉપરથી તો લાગે કે શાલિભદ્ર જેવી તેની સમૃદ્ધિ હશે !

મહાજનને ઊભુ રાખે છે મહાજન એને જોઈને માને છે કે ચાલુ સ્થિતિના મનુષ્યો છે, કઈ માગતા હશે, એટલે કહે કે અમારે ઉતાવળ છે અમને જવા દો અમારે મોટુ કામ છે બન્ને કહે છે "ગરીબના ખોરડે આવ્યા વિના જવાય નહિ મહાજન અમારે આગણે ક્યારે ? હજુ અમારે આગણે રોટલા ખૂટ્યા નથી પધારો, સહુ સારા વાના થશે"

મહાજન વિચારે છે કે આ રકઝકમા સમય ?

એ કરતા કરવા જેવુ કરી લઈએ તેની વિનતિને માન આપીને સઘ તેના ઘેર જાય છે

ઘડિયાળનો ઉપયોગ વખત સાચવવામા છે જો ટાઈમ ન સચવાય તો કાડે બાધેલી અને દીવાલ પર લટકતી બન્ને સરખી છે એમાએ ઝડપથી તૈયારી કરી સઘને જમવા બેસાડયા પીરસી દીધુ મહાજન તો રસોઈ અને એ કરવાની ઝડપ જોઈને તાજુબ થઈ ગયુ કોણ શુ છે? તે તો અનુભવે જ ખબર પડે છે! 'સોનુ જોઈએ કસીને માણુસ જોઈએ વસી' મહાજનને ખૂબ આગ્રહ પૂર્વક જમાડયા મહાજન પણુ મનમા વિચારે છે અરે, આવા ઉત્તમ મનુષ્યને હીનદષ્ટિએ જોયા? મનમા થયુ, કોઈ નેય કયારેય સામાન્ય દષ્ટિથી ન જોવા કેમ કે

"स्त्रिया चरित्र पुरुषस्य भाग्य, देवो न जानाति कुतो मनुष्य ?"

સ્ત્રીનુ ચરિત્ર અને પુરુષનુ ભાગ્ય એ બે કોઈ જાણી શકતુ જ નથી

બાપ દીકરો સામસામે જોયા કરે છે, અને કઈક કહેવા વિચારે છે મહાજન માને છે કે હમણા કાઈક માગશે ખાધાખોરાકીનુ ભાડુ માગશે એટલામા જ તેઓએ પૂછ્યુ "મહાજન! શા કારણે નીકળ્યા છો?"

મહાજન "અમે તિથિ નોધવા નીકળ્યા છીએ"

એમો "તમારુ ઓળિયુ (ટીપનુ કાગળ) બતાવો તો ખરા!"

મહાજને ઓળિયુ આપ્યુ એ જોઈ ને બાપ દીકરો બન્ને સામસામુ જુએ છે બાપે કહ્યુ "દીકરા! શુ વિચારે છે? પૂરૂ કરી નાખ" એમાએ ખૂટતા તમામ દિવસો પોતાના લખી દીધા

સઘ વિચારમા પડયો એ જોઈને કહે છે "જગાય ગભરાશો નહિ, મહાજન! ચાલો મારી સાથે" એમ કહીને સઘને નીચે ભોંયરામા લઈ જઈને પોતાની ઋદ્ધિ બતાવે છે કેટલી ઋદ્ધિ હતી? એમજ લાગે જાણે કુબેરનો ભડાર! મહાજન પણ ચકરાવે ચડી ગયુ કે આ ગામડામા આ જીવો પાસે આ સમૃદ્ધિ?

કપાળ તો મારા ને તમારા બન્નેના સરખા દેખાય છે, છતા જુદા છે મહાજન પાછુ વળ્યુ બાદશાહને દિવસો ભરાઈ ગયા તે બતાવ્યા મુદત પહેલા બધી રકમ ભરપાઈ કરી દીધી બાદશાહ પણ ખુશ થઈ જાય છે માટે જ પહેલો શાહ વાણિયો અને બીજો શાહ તે બાદશાહ કહેવાયો

મળેલામા કોઈની તાકાત નથી કે એક સોય જેટલુ પણ સાથે લઈ જાય! એ કરતા હાથે વાપરજો દીન દુખિ-' યાના દુખને દૂર કરવા માટે જ લક્ષ્મીનો ઉપયોગ કરજો

અને આપણુ સાતમુ અમૃતવાકય હતુ "रूपं शीलयुतं"

મયણા સુદરી પિતાની સમસ્યા પૂરી કરે છે સમસ્યા એટલે ચોથુ પદ કહે અને ત્રણ પદ આપણે પૂરા કરવાના હોય છે રાજાએ પૂછયુ "पुण्णेहि लब्भइ एहि" મયણા પૂર્તિ કરે છે

"વિનય વિવેક પ્રસન્ન મન, શીલશુ નિર્મળ દેહ
સગતિ ગુરુ ગુણવતની પુણ્ણેહિ લબ્ભઇ એહ'
(૧) વિનય (૨) વિવેક (૩) ચિત્તની પ્રસન્નતા (૪) શીલથી નિર્મળ દેહ (૫) અને ગુણવત એવા ગુરુભગવતોનો સમાગમ આ પાચ વસ્તુ પ્રબળ પુણ્યાનુબધી પુણ્યથી મળે છે

ત્યારે સુરસુદરી કહે છે

"સુરસુદરી કહે ચિત્ત ચાતુરી, ધન યૌવન વર દેહ,
મનવલ્લહ મેલાવડુ, પુણ્ણેહિ લબ્ભઈ એહ"

પણ આ બધી વસ્તુઓ પાપાનુબધી પુણ્યથી મળે છે પુણ્યાનુબધી પુણ્યથી નહિ તો મયણા સુદરીએ પણ કહ્યુ કે શીલથી નિર્મળ શરીર પુણ્યાનુબધી પુણ્યના ઉદયે જ પમાય માટે શીલવત કેળવજો

અને હવે આઠમુ અમૃત વાકય છે, "શ્રુતં ગતमदं જ્ઞાન ગર્વરહિત હોવુ જોઇએ

मृतो मृत्युर्जरा जीर्णा,
व्याधयो व्याधिता किंतु, दृप्यन्ति यदमी जना ? ॥

ગર્વ તો કોણ કરી શકે ? જેણે મરણના ભયને દૂર કર્યો હોય, જેનુ ઘડપણ જરી ગયુ હોય અને જેના રોગો જ રોગાતુર થઈ ગયા હોય તે જ ગર્વ કરી શકે આપણુ મરણ જતુ રહ્યુ છે ? ના મરણ મરી ગયુ છે ? ના રોગ ચાલ્યા ગયા છે ? ના તો નથી આપણુ મરણ મર્યુ, નથી ઘડપણ જતુ રહ્યુ આપત્તિઓ માથે ભમે છે તો પણ

જીવ શા કારણે ગર્વ કરે છે? મનુષ્ય અજ્ઞાની છે માટે જ ગર્વ કરે છે પણ યાદ રાખો,

> सर्वे क्षयान्ता निचया पतनान्ता समुच्छ्रया ।
> सयोगा विप्रयोगान्ता मरणान्त हि जीवितम् ॥

આપણે જે-કાઇ સ ગ્રહેલુ છે તેનો અ ત ક્ષયમા છે, નાશમા છે ચઢે તે એક વખત પડવાનો છે ગમે તેવી પદવી-અધિકારને પામ્યો હોય તો પણ એક વખત તો પડે જ છે જ્યા જ્યા સ યોગ છે ત્યા ત્યા વિયોગ છે જ અને જીવનનો અ ત મરણ છે છતા જીવ બિચારો ગર્વ કરે છે પણ કઈ વસ્તુ કોનુ ભૂષણ છે? એ સમજી લેવા જેવુ છે

> दानं प्रियवाक्सहित ज्ञानमगर्व क्षमान्वित शौर्यम् ।
> त्यागसहित च वित्त दुर्लभमेतच्चतुर्भद्र ॥

દાનનુ ભૂષણ મધુર વાણી છે જ્ઞાનનુ ભૂષણ ગર્વ-રહિત પણુ છે શક્તિનુ ભૂષણ ક્ષમા છે અને ધનનુ ભૂષણ ત્યાગ છે કલ્યાણકારી આ ચાર વસ્તુઓ મળવી હે ભદ્ર! દુર્લભ છે

ભણેલાને માન ન આવે તો જ વિનય વિવેક જાગે અને એવા જ્ઞાનીની ગોષ્ઠીમા મજા પણ અનોખી હોય છે

ધોળકાનો રાજા વિશળદેવ અને મંત્રી વસ્તુપાળ હતા એમની સભામા અનેક પડિતોને માન મળતુ વસ્તુપાળને માટે 'લઘુભોજરાજ' શબ્દ વપરાયો છે, એવા તો એ વિદ્વાન અને દાનવીર હતા તેમની સભામા

પ્ડિતો હતા એમા એક હરિહર નામે પંડિત હતા હરિ હર એટલે મહાદેવ એવો અર્થ થાય

એક દિવસ આ પડિતોની સભામા એક પરદેશી પડિત મદન નામના આવે છે મદન એટલે કામદેવ હવે હરિહર પડિત જરા ગર્વિષ્ઠ છે હરિહરે—મહાદેવે કામદેવને બાળ્યો છે સમાન શીલને સખ્ય હોય એમ કયારેક શત્રુતા પણ હોય સસ્કૃતમા કહેવત છે કે—

भिक्षुको भिक्षुक दृष्ट्वा श्वानवद् गुरगुरायते ।
એક ભિખારી બીજા ભિખારીને જુએ, એટલે કૂતરાની જેમ ઘૂરકિયા કરે પડિતો માટે પણ આવુ જ કહેવાય છે એક પડિત બીજા પડિતને જુએ કે ઘુરઘુરાટ શરૂ અહી પણ બે પડિત હરિહર અને મદન ભેગા થયા એટલે અભિમાનના ઘૂરકિયા શરૂ થઈ ગયા મદન પડિત હરિહરને છછેડે છે
'हरिहर! परिहर गर्व कविकुलगजानामंकुशो मदन ।'

"હે હરિહર! તુ તારા ગવને છોડી દે કે તુ જ પડિત છે કેમ કે કવિરૂપી હાથીઓના અકુશ જેવો આ મદન પડિત આવી પહોચ્યો છે"

એટલે હરિહર કહે છે

'मदन च्छादय वदन हरिहरेण त्वं किं नहि स्मरसि?।'

"અલ્યા મદન! તુ શુ બોલે છે? અરે, હરિહરે શુ કર્યું એ તને ખબર નથી? હરિહરે તો કામદેવને બાળી જ નાખ્યો છે, એય તને યાદ નથી?" આમ કહી

હરિહરે મદન પડિતનુ મોઢુ બધ કર્યું મોઢુ બધ કરવાની પણ આવડત જોઈએ !

ધનપાળ પડિતે ધારાનગરીમા કોઈ કારણે ગુસ્સે થઈને સાધુઓને આહાર વિહારાદિ બધ કરાવ્યુ હતુ ગુરુ પાસે ફરિયાદ આવી કે તમે તેમના ભાઈને દીક્ષા આપી પણ મુનિઓને તો ત્રાસ છે એ બધ કરાવો ગુરુએ શોભન મુનિને–ધનપાળના ભાઈને મોકલ્યા એમને રસ્તામા જ ધનપાળ સામે મળ્યા બન્ને ભાઈઓ પડિત છે ધન પાળ એમને ઓળખતો નથી એટલે મુનિઓ પ્રત્યેના દ્વેષથી બોલે છે

गर्दभदन्त ! भदन्त ! नमस्ते ।

હે ગધેડાના જેવા દાતવાળા ! તને નમસ્કાર

શોભનમુનિના દાત જરીક આગળ હતા એટલે એણે આવી મશ્કરી કરી પણ ઈંટનો જવાબ પત્થરથી ન આપે તો પડિત કહેવાય કયાથી ? શોભન મુનિએ જવાબ આપ્યો

मर्कटकास्य ! वयस्य ! सुखं ते ? ।

હે વાદરાના જેવા મુખ વાળા ! તને સુખ છે ને ?

ગર્વ નીકળી ગયો, જવાબ સાભળીને શોભનમુનિને પોતાને ઘેર લઈ જાય છે રાખે છે વિરોધી–વૈરી જીવનો પણ, મુનિની આવડતથી ગર્વ ઊતરી જાય છે

અહી પેલા મદનને હરિહર પૂછે છે ,

त्वं कोऽसि?–તું કોણ છો ?

મદન अहं ज्ञानपटोऽस्मि-હું જ્ઞાનપટ-જ્ઞાનનો પટો છુ.
હરિહર यदि त्वं ज्ञानपटोऽसि तर्हि अहं मुद्गरोऽस्मि ।

જો તુ જ્ઞાનપટ છે તો હુ મુદગર છુ; પટાને ફોડી નાખીશ.

મદનઃ यदि त्वं मुद्गरोऽसि तर्हि अहं वह्निरस्मि ।

તો હુ અગ્નિ છુ લાકડાનુ મુદગર બાળી જશે.

હરિહર यदि त्वं वह्निरसि तर्हि अहं मेघोऽस्मि ।

તો હુ મેઘ છુ-વરસાદ છુ અગ્નિને ઠારી દઈશ.

મદન यदि त्वं मेघोऽसि तर्हि अहं पवनोऽस्मि ।

તો હુ પવન છુ, વરસાદને વીખેરી નાખીશ.

હરિહર यदि त्वं पवनोऽसि तर्हि अहं सर्पोऽस्मि ।

તો હુ સપ છુ, પવનને ખાઈ જઈશ સર્પ વાયુ ભક્ષી મનાય છે

ગવિષ્ઠ એવા પણ જ્ઞાનીની વાત સાભળવા જેવી હોય છે જ્ઞાનીની વાતોમા એક એકથી વધીને વાતો નીકળે છે ગવથી એ ભરેલ હોય તો પણ એમા જાણવાનુ મળે છે

એક કોળી હતો કોઈ પ્રસગે સાસરે જવાનુ થયુ ગયો સાસરે અનેક વાનગીઓ જમણમા પીરસાઈ તેમા વડા બનાવ્યા હતા કોળીને તો એ જ સારા લાગ્યા, એટલે બધુ છોડીને વડા જ ખાધા કર્યા તેનુ નામ જતા જતા પૂછી લીધુ ને ઘેર પાછા જતા રસ્તામા બોલતો બોલતો જાય છે 'વડા, વડા'

માર્ગમા નેળિયુ આવ્યુ પાણી હતુ તેથી વિચાર કર્યો કે પગ બગડે તેના કરતા લાવ, કૂદી જાઉ એમ વિચારી કૂદ્યો આ કૂદવાના વિચારમા 'વડા' ભૂલી ગયો ને કૂદ્યો કૂદ્યો એમ ગોખવા લાગ્યો ઘેર જઈ પોતાની સ્ત્રીને કહ્યુ, 'તારી માએ 'કૂદ્યો' બનાવેલ એવુ તુ પણ બનાવ પેલી સ્ત્રી સમજતી નથી એટલે ક્રોધે ભરાઈ તેને માર મારે છે ખૂબ માર માર્યો તેથી તેના શરીર પર ઢીમડા ઊઠી આવ્યા

બૂમબરાડા સાભળીને પાડોશીઓ ભેગા થઈ ગયા એક પાડોશણથી આ જોઈ ને ન રહેવાયુ તે બોલી અરે રે, બિચારીને કેટલો માર માર્યો છે! ઢીમડા તો વડા જેવા થઈ આવ્યા છે! તરત જ કોળી બોલી ઊઠયો, હા, વડા વડા! એ વડા જ બનાવવાના હુ કહેતો હતો હવે વડા બનાવ

આ વડા એમને એમ નથી બનાવાતા ઘણી મુશ્કેલી મહેનતથી બનાવી શકાય છે વડા કેવી રીતે બને, એ ખબર છે?

પહલે થે હમ મર્દ, મર્દસે નાર કહાયે
કર ગગામે સ્નાન મેલ સબ દૂર હટાયે
કર પત્થરસે યુદ્ધ ઘાવ બરછીકે ખાયે
ઊતર ભયે જબ પાર તબ હમ બડા કહાયે

પહેલા અમે મગ હતા–પુરુષરૂપે તેમાથી દાળરૂપે

બનવુ પડયુ એટલે નારી કહેવાયા દાળને ધોવામા આવે છે એટલે ગગામા સ્નાન કરાવી મેલ દૂર કરાવ્યો દાળ પલાળીને વાટવામા આવે છે અગર તો ઘટીમા પીસાવ વામા આવે છે માટે પત્થર સાથે યુદ્ધ કરાવ્યુ તળવા માટે ઊચાનીચા કરના અગ્નિ લઇ તેને કડાઇમા ફેરવવામા આવે છે એટલે બરછીના ઘા સહન કરે પછી જ્યારે બહાર કાઢે ત્યારે પાર ઉતર્યા-વડા કહેવાયા

આવુ જ જ્ઞાન અને અનુભવમા વડા બનવામા સમ જવુ જ્ઞાનમા વડા બનવુ હોય તો પણ એમ ને એમ નથી બની શકાતુ ઘણી મુશ્કેલી વેઠવી પડે ભણવાની મહેનત કરવી પડે શરીરનો મોહ છોડવો પડે ત્યાર જ્ઞાન મેળવાય જ્ઞાન મેળવ્યા વિના જવાબો એમને એમ નથી અપાતા પણ આ જ્ઞાન ગવ રહિત હોય તોજ શોભે છે 'જ્ઞાનમગર્વ' આપવડાઈ વગરની મોટાઇ રાખજો પેલો મડન પડિત હરિહરને આગળ જવાબ આપે છે

यदि त्य सर्पोऽस्मि तर्हि अह गरुडोऽस्मि ।

જો તુ સર્પ હો, તો હુ ગરુડ છુ સપનેય ખાઈ જવાનો

હરિહર यदि त्व गरुडोऽसि तर्हि अह विष्णुरस्मि ।

તો હુ વિષ્ણુ છુ ગરુડ પર ચઢી બેસીશ.

મડન यदि त्वं विष्णुरसि तर्हि अह मुकुटोऽस्मि ।

તો હુ મુગટ છુ વિષ્ણુને મસ્તકે રહીશ

હરિહર यदि त्व मुकुटोऽसि तर्हि अह कमलमस्मि ।
તો હુ કમળ છુ મુકુટમા રહીશ
મદન यदि त्व त्रिगुणसि तर्हि अह भ्रमरोऽस्मि ।
તો હુ ભમરો છુ કમળમા રહીશ
હરિહર यदि त्व भ्रमरोऽसि तर्हि अह सूर्योऽस्मि ।
તો હુ સૂર્ય છુ સૂર્ય આથમ્યે કમળ બીડાઇ જાય
મદન यदि त्व सूर्योऽसि तर्हि अह राहुरस्मि ।
તો હુ ગહુ છુ સૂર્યને ગળી જઇશ
હરિહર यदि त्व राहुरसि तर્हि अहं दानमस्मि ।
તો હુ દાન છુ 'દીયે દાન છૂટે ઘરાણુ (ગ્રહણુ)'
ગ્રહણુ પૂરૂ થાય ત્યારે દાન દેવાની પ્રથા છે
મદન यदि त्वं दानमसि तर्हि अह सतोषोऽस्मि ।
જો તુ દાન છે, તો હુ સતોષ છુ હુ લઉ તો તુ દાન આપી શકશે ને? હુ સતોષ રાખીશ તો તુ દાન કોને આપીશ?

જ્ઞાનીની કેવી રમત છે!
ચતુરાઈકી બાત મે બાત બાત મે બાત,
જૈસે કેલેકે પાતમે પાત પાત મે પાત

જ્ઞાનીને જ્ઞાની મળે તો વાતમાથી વાતો નીકળ્યા જ કરે છે જેમ કેળાના પાનમાથી અદર અદરથી પાદડા નીકળ્યા જ કરે, નીકળ્યા જ કરે તેમ

પણ આ જ્ઞાન કેવુ હોવુ જોઈએ? તો 'અગર્વ' ગર્વરહિત હોવુ જોઇએ

(૯) આપવડાઈ ઓછી

મરનાર બચાવે તેનું નામ અમૃત. અમર બનાવે તે. ફરમાવે છે કે આપણું જીવન અમૃતમય બની જાય, આનંદિ
વે ઝેર નાશ પામી જાય આશયોથી પોતાના જીવનને બચાવ

નવજીવન આપે તેનું નામ અમૃતવાક્ય આપણા અં
પરના જીવનને અમૃતતુલ્ય બનાવવા માટે મહાપુરુષોએ નવ અમૃત વાક્યો ફરમાવ્યા છે આ નવ અમૃત વાક્યોને જીવનમા વણતે જોઈએ અને ઉતારીએ તો જીવન અમૃતમય બનાવી શકાય મહાપુરુષો કેટલો ઉપકાર કરી ગયા છે! ઘણા જ આનંદનો વિષય છે આ અમૃત વાક્યોની વાતો સામાન્ય છતા ઘણી મહત્ત્વની છે જીવન સ્પર્શી છે આપણા-માટે આ બોધ બહુ જરૂરી છે

૧ હૈયાને કોમળ રાખજો

૨ વાણીમા મીઠાશ રાખજો

૩ આંખમાંથી અમી વરસે એવી દૃષ્ટિ રાખજો.

ધનપાળ કવિ પ્રભુની સ્તુતિ કરતા કહે છે

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं
वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

હે પ્રભો! આપ કેવા છો! ત્રીજા ભવે જીવમાત્રની ભાવદયા ચિંતવનારા અપૂર્વ કરૂણાળુ હે ભગવત! તમારુ વદન કમળ કેવુ છે! 'પ્રસન્ન' પ્રસન્ન છે જ્યારે જુઓ ત્યારે અપૂર્વ શાંતિ અને સમતા ત્યા વિલસતા હોય ત્યારે જ તો જીવમાત્રને કલ્યાણનો માર્ગ બતાવ્યો ને! અને પ્રભુની કરુણાળુ દૃષ્ટિ! રાગ દ્વેષ રહિત અને સંપૂર્ણ મધ્યસ્થભાવ વાળી જેના ઉપર એ પડી એનુ જીવન ધન્ય બની જાય જાણે અપૂર્વ એવો શાંત સુધારસ હોય, અને તેનુ ઉદ્ભવ સ્થાન પ્રભુની કરુણામય અમૃતમય દૃષ્ટિ છે જેના ઉપર આ દૃષ્ટિ પડી જાય, તેની અપ્રસન્નતા ચાલી જાય એ સંપૂર્ણ પ્રસન્ન થઇ જાય ઘડી બે ઘડી પ્રભુ સામે જોવાથી આપણી દૃષ્ટિ પણ એવી જ પ્રસન્ન બની જાય

પણ દર્પણમા આપણુ મોઢુ મેલુ હોય એમા દર્પણ નો શો વાક? પ્રભુ સારા ન લાગે તેમા વાક કોનો?

આપણે તો મોઢુ ને દર્પણ બેય સ્વચ્છ રાખવા જોઈએ મોઢુ ચોખ્ખુ હોય ને દર્પણ મેલુ હોય તોય ન ચાલે મોઢુ મેલુ હોય ને દર્પણ ચોખ્ખુ હોય તોય ન ચાલે બન્ને શુદ્ધ-સ્વચ્છ-નિર્મળ જોઈએ

વીતરાગ પ્રભુ જેવો નિર્મળ આત્મા સંસારમા ક્યાય જોવા મળે એમ નથી પણ આપણી દરેક પ્રવૃત્તિ વીતરાગના સ્મરણ યુક્ત હોવી જોઇએ આપણે એના જેવુ બનવા માટે એમની વાણી અંતરમા ઊતારવી પડશે વિષયકષાય પડશે તમે કોના અનુયાયી છો? એ ધ્યાનમા

वीतरागं स्मरन् योगी वीतरागत्वमश्नुते ।

વીતરાગનુ સ્મરણ કરનારો વીતરાગપણુ મેળવે છે આપણે વીતરાગના અનુયાયી કહેવાઈએ તો આપણને કેવુ જીવન શોભે ? એ વિચારવુ તો જ સાચા અનુયાયી બની શકાશે

અને 'જામિનીગરજુમ્ય ' પ્રભુનો ખોળો-પડખુ જુઓ ત્યા રાગનુ કારણ નથી પડખે કોઈ સ્ત્રી આદિનો પરિચય નથી, એટલે નિત્રાગ છ ના ! પણ નથી નરીના આદિનો સાથમા મળાપ નથી એટલે હાથ પણ નથી હાથનુ પડખુય ખાલી છે આમ આ બને પડખા ખાલી છે, માટે જ હે પ્રભુ ! તમે વીતરાગ છો આપણે પણ વીતરાગ બનવુ છે પણ બનાય કયારે ? જ્યારે તે મહાપુરુષોનુ પગલુ આલંબન લઇને આ માર્ગે ત પ્રવૃત્તિમા જોડીએ ત્યારે માટે દષ્ટિને સરકનેરા મતદા રાખજો

બે દિવસથી આ જ વાતો રિપીટ કર્યો કરુ છુ, ઠસાવવા માટે (૪) શક્તિ હોય તો વહન કરવાનુ શીખજો મુનિઓ લોચ કરે તેમા શુ છે ? ત્યા શક્તિનુ માપ નીકળે છે કર્મનિર્જરા છે એક વાળ ખેંચાય છે તો પીડા થાય છે તો બીજા જીવને કેટલી પીડા હશે ? આવુ વિચારતા બાહ્ય તપ સાથે આભ્યંતર તપ સ્વરૂપ ધ્યાન પણ આવી જાય છે લોચ જેવુ આમા ય વસ્તુ નથી ત્યા જીવ સહન શક્તિ કેળવે છે વાળ ઊતારવા માટે જગતમા બીજા અનેક સાધનો છે છતાં આમ લોચ કેમ કરવો પડે છે ? એકાતે

કોઇ વાત લેશો નહિ બધી બાબતમા અપવાદ હોય છે કલ્પસૂત્રમા આવે છે "लोए वा मुंडे या कयरे वा" લોચમા સહન શક્તિ કેળવાય છે

(૫) બુદ્ધિ ન્યાયયુક્ત ગણજો આપણાથી કોઈ ને પણ અન્યાય ન થાય તે ધ્યાન રાખજો બધા ઉપદેશનો સાર એક જ છે જે કાઇ પણ તને સારૂ મળ્યુ છે, તેને સારા ઉપયોગમા લેજે, ખોટામા નહિ, સારાથી જ સારૂ મળ્યુ છે બન્યુ છે એટલે તેનો ખોટામા ઉપયોગ કરીશ નહિ

(૬) અને દીન દુ ખિયાના દુ ખને દૂર કરવામા સ્વ લક્ષ્મીનો સદ્વ્યય કરજે લોક પોતાના માટે તો રાધે જ છે પણ પારકા માટે રાધે તે રાધેલુ કહેવાય

'अवन्ध्यं दिवसं कुर्यात्, दानाध्ययनकर्मसु ।'

દાન અને અધ્યયનથી તારા દિવસને મગળ બનાવજે જે દાન નથી આપતો અને જે ભણતો નથી તેનો દિવસ વાઝિયો કહેવાય છે માટે ભણવાનુ પણ ગણજે

તમે શુ રાખ્યુ છે? ભણવાનુ કે ભણાવવાનુ? આ દુનિયામા બધાનો તોટો હશે પણ માસ્તરનો ક્યાય કદી તોટો નથી હુ-તમે-સૌ માસ્તર છીએ કેટલાને ભણાવ્યા આપો?

(૭) તને મળેલુ જે રૂપ છે તેને શીલની વાડમ રાખજે મર્યાદાની વાડમા રક્ષણ આપજે

(૮) મળેલુ જે જ્ઞાન છે, તેનુ અભિમાન ન રાખીશ નમ્રતા કેળવજે નિરભિમાની બનજે

હવે નવમુ અમૃત વાકય છે–"स्वामित्व उत्सेक्ता निमुक्त" કોઈ પણ જાતની મોટાઈ–વડાઈ મળી હોય તેને આપવડાઇથી દૂર રાખજે તને મોટાઇ તારી પુણ્યાઈથી મળી છે તને માન મળ્યુ તે તારી પુણ્યાઈથી મળ્યુ છે આ સસારમા બધુ જ બને છે કોઈક શેઠ છે તો કોઈક વાણોતર છે એક બુદ્ધિશાળી છે તો બીજો મૂર્ખ છે એક રોગી છે બીજો નીરોગી છે એક રડે છે બીજો હસે છે

એકવાર એક જિજ્ઞાસુ છીન મુનિ પાસે જઇ ચડયો બ ને વચ્ચે વાતચીત ચાલી સજ્જનોની વાતમા સજ્જનતા હોય છે દુર્જનોની વાતમા દુર્જનતા હોય છે જેને અવગુણ લેવાની ટેવ છે તે કોઇના ગુણો જોઈ શકતા નથી સસારમા દુર્યોધનની દૃષ્ટિવાળા પણ હોય છે અને યુધિષ્ઠિરની દૃષ્ટિ વાળા પણ હોય છે યુધિષ્ઠિરને બધા જ ગુણવાળા દેખાય છે અને દુર્યોધનને બધા જ અવગુણી દેખાય છે દૃષ્ટિ યુધિષ્ઠિર જેવી રાખજો

આપણે અત્યારે જ પ્રયોગ અજમાવીએ એક અડધો ભરેલો પ્યાલો છે બધાને બતાવો કોઇ તેને અડધો ભરેલો કહેશે, તો કોઇ તેનો અડધો ભાગ ખાલી જોઈને અડધો ખાલી કહેશે જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ આપણે શુ જોઇ રહ્યા છીએ તેની આપણી વાણીથી ખબર પડે છે આપણે જે બોલ્યા હોઈએ તે જ જોયુ હોય છે જે જોયુ હોય છે તે

જ બોલ્યા હોઇએ છીએ પણ સારૂ જોનારો જ સારુ બોલે છે અને ખોટુ જોનારો ખોટુ જોઇને ખોટુ બોલે છે

યાદ રાખો, મોટા થવુ અને ઊચા થવુ એ બેમા ઘણો જ ફેર છે મોટા-લાબા થવુ સહેલુ છે, પણ તેથી કાઇ ઊચા નથી થઇ શકાતુ

નેપોલિયનનુ નામ સાભળ્યુ છે? એના જેવો અધ્યયનનો શોખીન બીજો કોઇ નહિ મળે યુદ્ધ કરવા જાય ત્યારે રણમેદાનમા પણ પુસ્તકો ઊચકનારા ખચ્ચરો તો સાથે જ હોય

તમારા પોકેટમાથી શુ નીકળે ? નો વેલ ને ? અથવા તો મોજશોખના સાધનો, કપડા, કાતો કોઇ મેગેઝીન તત્ત્વજ્ઞાનનુ પુસ્તક તો નીકળે જ નહિ એ પુસ્તકને તો ઊધઈ વાચતી હોય !

પણ યાદ રાખો, સારા પુસ્તકો જેવો સસારમા કોઈ મિત્ર નથી સસ્કૃતમા તો કહેવત છે કે 'पुस्तकी पंडितो भवेत'-પુસ્તકવાળો પડિત થઈ શકે છે પણ વેચનારો નહિ હો ! એ તો સેલર છે

એ નેપોલિયન એકવાર લાયબ્રેરીમા જાય છે તેનો અગરક્ષક સાથે છે પણ એ ખૂબ લાબો છે નેપોલિયન પુસ્તકો વાચતા વાચતા બીજુ પુસ્તક લેવા હાથ લબાવે છે પણ તેનો હાથ પહોચતો નથી એ જોઈને પેલો અગરક્ષક કહે "સાહેબ ! હુ તમારા કરતા ઊચો

આપુ ?" નેપોલિયને તરત કહ્યુ "ઊચા નહિ, લાંબા કુ, એમ કહે"

તમે પણ ઊચા થવાની મહેનત કરજો લાંબા થવાની નહિ

પેલો જિજ્ઞાસુ સતને પ્રશ્ન પૂછે છે કે કર્મ ખાય શુ ?" સતે જવાબ આપ્યો "સસારમા કર્મ ખાતુ હોય કાઇ તો તે મનુષ્યના અભિમાનને ખાય છે મનુષ્ય ગમે તેવો મોટો હોય પણ આપવડાઈ કરે તો તે એક દિવસ પડે છે કર્મે ચઢાવેલો પણ ગર્વ કરનારો એક દિવસ પડતો હોય છે

> કચન તજવો સહેલ હૈ, સહેલ હૈ સ્ત્રીઆ નેહ
> માન બડાઇ ઈર્ષ્યા તુલસી દુર્લભ તજવા એહ

તુલસીદાસજી પણ કહે છે મનુષ્ય પોતાનુ માન, આપવડાઇ, ઈર્ષા સહેલાઈથી તજી શકતો નથી પૈસો તજવો સહેલો છે સ્ત્રીનો સ્નેહ તજવો પણ સહેલો છે

પણ કર્મે ભલભલાના માન ગાળી નાખ્યા છે કર્મ રાજાને રક અને રકને રાજા બનાવે છે દાતારને ભિખારી અને ભિખારીને દાતાર બનાવે છે

જિજ્ઞાસુએ બીજો પ્રશ્ન પૂછ્યો "કર્મ રહે છે ક્યા ?"

સતનો જવાબ મળ્યો "કર્મ, ચૌદ રાજલોકમા સર્વત્ર રહે છે જુઓ, ધ્યાનમા લેજો આ વાતને સામાન્ય ન સમજશો જીવ જો જરાક ચૂકે, તો કર્મવગણા-કર્મની

વળગણ્યા તૈયાર જ છે વળગી જશે ભીના કપડાને રજોટી જલદી લાગી જાય છે તેમ આપણો આત્મા રાગ દ્વેષ ઇર્ષ્યા આદિ કષાયની ભીનાશથી ભીનો છે તેને કર્મની રજોટી લાગ્યા વિના રહેતી જ નથી તમને પણ કર્મ રજોટી વધુ ન લાગી જાય તે જોજો વિષય કષાયને છોડો એમ મહા પુરુષો સિવાય કોઇ નહિ કહે તેમને હૈયે ઉપકારબુદ્ધિ વસી છે માટે કહે છે

જિજ્ઞાસુએ ત્રીજો પ્રશ્ન કર્યો 'દુનિયામા બૂરામા બૂરી વસ્તુ કઈ?"

'એકાત એ બૂરામા બૂરી ચીજ છે" સતે તરત જ જવાબ આપી દીધો વગર ટીકાટિપ્પણે આ શબ્દો સાભળવા જેવા છે જીવનમા ઉતારવા જેવા છે

જિજ્ઞાસુએ ચોથો પ્રશ્ન પૂછ્યો 'દુનિયામા એવી કઈ વસ્તુ છે જે પાણીના રેલાની જેમ ચાલી જાય?"

સતે કહ્યુ "લક્ષ્મી" એને મેળવતા એડીથી ચોટી સુધી મહેનત કરી પરસેવા પાડ્યો હોય, પણ એને જતા વાર લાગે છે? એના કરતા જવાની હોય તેને કાઢો ને? મહામહેનતે આવેલી એ વસ્તુ-લક્ષ્મી જવાની હોય ત્યારે ચારે બાજુથી પાણીના રેલાની જેમ ચાલી જાય છે

ફરી જિજ્ઞાસુએ પાચમો પ્રશ્ન પૂછ્યો "બધામા ઉદાર કોણ? બધાનુ સહન કરે એવુ કોણ? બધા ગુના માફ કરે એવુ કોણ?"

સતે ઉત્તર આપ્યો "સર્વ સહા-ક્ષમા-પૃથ્વી સર્વનુ

બધુ જ સહન કરનાર કોઇ હોય તો તે પૃથ્વી છે માટે જ તેનુ નામ 'સર્વસહા' પડયુ છે એ પણ કયારેક અસહિષ્ણુ બને છે દુખિયો જીવ પાપનો પશ્ચાત્તાપ કરે ત્યારે બોલે છે આ પૃથ્વી ફાટી જાય તો સારુ, હુ એમા સમાઈ જાઉ !

પાપીને પશ્ચાત્તાપ હોતો નથી દુખિયાને પશ્ચાત્તાપ હોય છે પાપી જે દિવસે પશ્ચાત્તાપ કરે ત્યારે તે પાપી હોતો નથી કપડુ મેલુ હોય તો ધોવાનુ હોય છે પણ ધોવાયા પછી તે મેલુ રહેતુ નથી

જિજ્ઞાસુએ છઠ્ઠો પ્રશ્ન કર્યો 'દુનિયામા એવી કઈ ત્રણ વસ્તુ છે જેનુ ભવિષ્ય આપણે ન ભાખી શકીએ?"

સત "૧ વર્ષા, ૨ મૃત્યુ, ૩ મોઘવારી આ ત્રણની ભવિષ્યવાણી કહી શકાતી નથી" નથી જાણતા તે આપણા માટે સારૂ છે અન્યથા હાયવોય થઈ જાય, જો મૃત્યુ જાણીએ તો

એક રાજા હતો એના ગામમા એક સત પધાર્યા આ જાણ્યુ તેથી રાજા પણ એક દિવસ સત પાસે ગયો સત તો પોતાના ધ્યાનમા હતા રાજાને મનમા થયુ કે સત તો મારી સામે જોતા પણ નથી !

જુઓ, રાજાને સતની રાહ જોવી પડે છે સતને રાજાની રાહ ન જોવી પડે રાજા સત પાસે જાય છે સત રાજા પાસે નહિ ત્યાગી રાગીને ન શોધે, રાગી ત્યાગીને

શોધે છે મહાપુરુષો પાસે તો રાજા ને રંક બધા જ સરખા છે આજનો મહાન કાલનો અલ્પ હોઈ શકે છે અને આજનો અલ્પ આવતી કાલનો મહાન પણ હોઈ શકે છે પણ મહાપુરુષો પાસે આ અલ્પ ને આ મહાન એવો ભેદ ન હોય આચારાંગમાં કહ્યું છે

जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ,
जहा तुच्छस्स कत्थइ तहा पुण्णस्स कत्थइ ।

જેવું ઉત્તમને કહે છે તેવું જ તુચ્છને પણ કહે છે અને જેવું તુચ્છને કહે છે તેવું જ ઉત્તમને પણ કહે છે

રાજા સંતનું ધ્યાન પૂરું થાય એની રાહ જોતો બેઠો છે સમય થતા સંતે આંખો ઉઘાડી સંત બોલ્યા "રાજા, તું ભલે આવ્યો" રાજા કહે "મહારાજ! મને થયું કે હું કોઈ દિવસ તમારી પાસે આવ્યો નથી તો લાવ, જઈ આવું પણ આપે સંસાર છોડ્યો છતાં આટલો બધો ધર્મ કેમ કરો છો ?" સંતે કહ્યું "રાજન! તને ખબર નહિ પડે કોઈક દિવસ આવજે, સમજાશે"

ચાર મહિને રાજા સંત પાસે ફરીવાર ગયા એને આવતો જોઈ સંત ઉદાસ થઈ ગયા રાજાને થયું રોજ પ્રસન્ન રહેવાવાળા સંતજી આજ કેમ ઉદાસ છે? પૂછ્યું "કેમ ઉદાસ છો?" સંત "રાજન્! પૂછીશ નહિ કહેવા જેવું નથી" રાજાએ આગ્રહ કર્યો 'સંતજી! કહો તો ખરા! શું છે?" સંત "તારા દુઃખે હું દુઃખી-

છુ ” આ સાભળીને રાજાને ચટપટી લાગી એણે સ્પષ્ટતા કરવા આગ્રહ કર્યો એની જિજ્ઞાસા જોઈને સ તે સ્પષ્ટતા કરી "આજથી સાતમે દિવસે તારુ મરણ છે"

રાજા મહેલે ગયો જઈને પલગમા ફસડાઈ પડયો ખાવુ પીવુ હરામ થઈ ગયુ શુ ખાધુ શુ પીધુ એનુયે ભાન નથી રહ્યુ મરણ મરણ કરી રહ્યો છે મરણના ભયથી જ અધો તો લેવાઈ ગયો છે

મરણનો ભય આવો હોય છે માટે જ વૈદ્યો ડૉકટરો આશા આપે છે કે 'ઠીક છે, વાધો નહિ આવે' નહિ તો જીવને હાય લાગી જાય! પણ બહાર નીકળીને કહે 'જરા આને સાચવજો'

સાત દિવસ આ ભયમા જ પૂરા થઈ ગયા ને આઠમો દિવસ આવ્યો રાજા જીવતો રહ્યો છે ગયો સત પાસે

સત "આવ રાજન્! બેસ"

રાજા "કેમ ખોટુ બોલ્યા?"

સત "ના ના, સાચુ બોલ્યો છુ તે પૂછયુ હતુ તેનો મે આ જવાબ આપ્યો છે"

રાજા "કેવી રીતે?"

સત "તે પૂછેલુ એક વાર ક તમે સ માર છોડયો છતા આટલુ બધુ ધર્મ ધ્યાન કેમ કરો છો? એનો આમા જવાબ હતો જો તુ સાત દિવસના મરણના ભયમા કેવો

ચિંતાતુર થઈ ગયો ? તો પછી મારુ મૃત્યુ કયારે છે? એની મને ખબર નથી, એટલે હુ સદા ભયભીત છુ, માટે હુ ધર્મારાધન કરૂ છુ "

માટે જ ધર્મધ્યાન હમેશા કરતા જ રહેવુ હર હમેશ મૃત્યુ જીવનની ચોટલી પકડીને બેઠુ છે, गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत्। માટે ધર્મ કરતા રહેજો સાધી લેજો

જિજ્ઞાસુએ સાતમો પ્રશ્ન કર્યો "આપણુ સાચુ કુટુબ કોણુ ?"

સત "ક્ષમા એ આપણી માતા છે સત્ય એ પિતા છે જ્ઞાન અને ધર્મ એ બે આપણા ભાઈ છે દયા આપણી દાસી છે, જે આપણુને પાળે છે, પોષે છે હૈયામા દયા છે માટે જીવો રક્ષાય છે, એટલે દયા તો આપણી ધાવમાતા સદશ છે શાંતિ એ સ્ત્રી છે, અને સત્કર્મ એ પુત્ર છે આ જ આપણુ સાચુ અને આપણી સાથે આવનારૂ કુટુબ છે પેલુ કુટુબ તો અહી પડી રહેવાનુ છે છતા મોહ કોનો રાખીએ છીએ ? આપણી તો મુલ્લાજી જેવી દશા છે

એક મુલ્લાજી હતા ઉઘરાણીએ નીકળ્યા છે રસ્તામા લૂટારા લૂટી ન જાય એ માટે એક હાથમાં લાકડી, બીજા હાથમા બદૂક ને કેડે તલવાર લટકાવી છે અને ચાલ્યા છે ગામડિયા શસ્ત્રો દેખી ગભરાયા અને જે હતુ તે બધુ આપી દીધુ મુલ્લાજી ઉઘરાણી લઇ આગળ ચાલ્યા રસ્તા

બે ચૂરન મળ્યા મુરશદને કહ્યું 'એના હાથ બાંધુ મૂકી દો" મુરશદ બોલ્યા "નહિ રહેગા, દેખતા નહિ મેં હાથમેં ચાડી તલવાર ઔર બહુત હૈ!' ચુગાનો જવાનમાં એક ગાડી લગાડી દીધી મુરશદે બધું મૂકી દીધું પગલો ઝૂકીને જલ્લાદ મુરશદ પર જાણે રહેમ આવી કહ્યું 'તું તો ચુગાઈ ગયો" પરન્તુ એ પૂછ્યું "કેવી રીતે ચુગાઈ યા?' મુરશદ 'મારા બન્ને હાથ બંધાયેલા હતા, કેવી રીતે બચાવું ?'

એમ તમે પણ કહો છો કે અમારા હાથ પગ રાગ દ્વેષથી બંધાયેલા છે ધર્મ શી રીતે કરીએ ?

કહેવાનું શું છે ? અભિમાનથી દૂર રહેજો આપવડાઈ ન કરશો

ખરા બડાઈ ના કરે, બડા ન બોલે બોલ
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ

આપણામાં સત્ય હશે તો આપમેળે જ લોકો વખાણ કરશે અન્યથા વખોડશે માટે આપપ્રશંસાથી દૂર રહેજો

"લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાસે પ્રભુ દૂર
કીડી મીસરી ખાત હૈ હાથી ફાકે ધૂર'

જ્યા લઘુતા છે, નમ્રતા છે, વિનય છે, ત્યા જ પ્રભુતા છે, સ્વામિપણુ છે અને જ્યા મોટાઈ રાખી છે, તેનાથી પ્રભુ દૂર રહે છે માટે વ્યર્થ મોટાઈ ન રાખવી.

ચેતો કેદાર ! પોપટ એને શિખામણ આપે છે ભાઈ

તેની વાત લક્ષ્યમા લેતો નથી આ પોપટ વળી મને કહેનારો કોણ ? ' એમ મનમા મગરૂરીથી ગણગણે છે

દરમ્યાનમા કામપતાકાની દાસી બે ત્રણ વખત આવીને જોઈ ગઈ કે પોપટ કેદારશેઠની સાથે ખાઈ રહ્યો છે ને વાતો' કરી રહ્યો છે શેઠ આપણે ત્યા આવે એમા પોપટ જ આડો આવે છે અને આવી શિખામણ પણ એજ આપ્યા કરતો લાગે છે માટે કઈંક કરવુ જોઈએ

એકવાર કેદાર જમવા બેઠો છે પોપટ પણ દાડમ ને મરચા ખાઈ રહ્યો છે હોશિયાર છે, પણ ખાવામા મગ્ન બન્યો છે તેને આગળ પાછળનુ અત્યારે ધ્યાન નથી પાછળ કોણ આવ્યુ તેનો તેને ખ્યાલ ન રહ્યો પેલી દાસી પાછળથી આવીને કેદારને કહે છે " શેઠ ! તમારા હોશિયાર, સમજુ પોપટની પ્રશસા માગી શેઠાણી એ નાબળી છે તેને પોપટ જેવાનુ મન છે અડધો દિવસ માટે પોપટ ન આપો ?"

પોપટ ચોકી ઊઠ્યો પણ કેદારે તરત જ જવાબ આપી દીધો "તારી શેઠાણી ખુશ થતી હોય તો પોપટને ખુશીથી લઈ જા " રાગાધ મનુષ્ય માટે કાઈ અકાર્ય નથી એ બીજાને ખુશ કરીને ખુશી ખુશી થાય છે પણ એમા પોતાને કેટલુ નુકસાન થાય છે તે જોતા નથી પોપટ બોલતો રહ્યો કે 'મારે મોઢુ ય નથી જોવુ તારી શેઠાણીનુ, છતા દાસી તો પાજરૂ ઊપાડીને ચાલતી થઈ

જીભનુ વેર જ ખરાબ છે સારા માટે કરવા જાય તોય ખોટુ થાય છે પોપટ વિચારે છે હવે આવી બન્યુ ચૂ કે આ કરવા જેવુ નથી છતા મગજ ને મનને શાત રાખે છે આપત્તિ ને વિપત્તિ તો આવી પડે છે જ પણ ત્યારે મનને બગડવા ન દેવુ

ધન જાય તો જવા દેજો પણ બુદ્ધિને જવા ન દેશો બુદ્ધિ હશે તો ધન પણ કમાઈ શકાય છે બુદ્ધિ ગઈ તો ધન જશે બુદ્ધિ હશે તો ગયેલુ ધન પાછુ વાળી શકાશે માટે બુદ્ધિ બગાડશો નહિ બુદ્ધિ ગુમાવશો નહિ

એક નગરશેઠ હતા ઘરમા દ્વારને માટે તાજો જ ખોળ આવ્યો એ જોઈને શેઠને ખોળ ખાવાનુ મન થઈ ગયુ, અને મોઢામા મૂકી પણ દીધો ઘરમા દીકરાની વહુઓ હતી તેમા નાની વહૂ જરા ડાહી ને સમજુ તેણે આ શેઠની-સસરાજીની દુશ્ચેષ્ટા જોઈ લીધી એને થઈ ગયુ કે 'આવી અધમ વૃત્તિ આવે ત્યારે સમજવુ કે બુદ્ધિ બગડી છે એ સિવાય ગોળ ખાનારને ખોળ ખાવાનુ મન થાય નહિ' તેણે સસરાને કહી દીધુ આજથી દાણ વાસીદુ હુ કરીશ

રોજ છાણા થાપે છે પણ તેના છાણા કોઈનાથી લેવાય નહિ એક દિવસ કોઈ પ્રસ ગ બનતા રાજાને કોઇએ 'ચાડી' ફૂ કી દીધી રાજાએ શેઠનો બધુ જ છોડીને દેશ-વટે જવાનુ કહી દીધુ આ [illegible] ટલે નાની વ[illegible]

પાસે ગઇને વિનતિ કરી કે "મારા છાણુા મને લઇ જવા દો, બાકી બધુ ભલે તમે લઇ લ્યો"

વહૂની આ આલિંગતાથી ઘરમા બધા અકળાય છે બધાને થાય છે, માગીને આ છાણુા માગવાના? બેગની બુદ્ધિ પગની પાનીએ, તે આનુ નામ!

સમજુ અકળાતો નથી અણસમજુ અકળાય છે સમજુને પેતાના ભાગ્યનો ભરોસો છે અણસમજુને ભાગ્ય નો ભરોસો નથી ઘરવાળા બધા આખા રસ્તે કકળાટ કરે છે નાની વહૂના નામનો કચવાતે મને બધા પરદેશ ગયા એક સારા ગામમા એમણે રહેવાનો વિચાર કર્યો વહૂએ કહ્યુ "મહારાજ! સારામા સારુ ઘર રૂ ૫૦૦) ભાડે આપીને પણ લઈ લ્યો" સૌ વિચારે છે, ખાવાના ફાંફા છે અને આ ડાહ્યાતી પાચસોનુ ઘર લેવાનુ કહે છે! 'દુનિયાને દીધા ચશ્મા, ડાહ્યા દીવાના લાગે,' એવી વાત છે

શેઠે ઘર ભાડે લીધુ, તો વહૂ કહે મારા છાણુા પહેલા ઉપર ચડાવો

વહૂની ચતુરાઇ કોઈ જાણતુ નથી એટલે કોઇ તેને સહકાર પણ નથી આપતુ મંસારમા અજાણપણાનુ દુ ખ મોટુ છે માટે જાણકાર થજો વહૂ તો સમજે છે કે આ બધા જાણતા નથી માટે આવો વર્તાવ કરે છે પણ પછી બધા આસુથી મારા પગ ધોશે

વહૂએ છાણુા ચઢાવ્યા બધા કચકચ કરે છે વ

તેને એક ઓરડામા ઘાલ્યા પછી ધીમે રહીને સસરા પાસે એક દાણુ તોડાવ્યુ સસરાએ છાણુ તોડતાની સાથે જ મોતીએ નીકળ્યા સસરાએ પૂછ્યુ એકમા જ મોતી છે કે બધામા છે? વહૂ કહે જે એકમા છે તે બધામા છે સૌ આશ્ચર્યચકિત થઇ ગયા વહૂની ચતુરાઇની વાત ચોમેર ફેલાઇ ગઈ રાજાને ખબર પડી ખુશ થયા સન્માન કર્યું માટે આપત્તિ વેળાએ બુદ્ધિ ખોશો નહિ ઠેકાણે રાખજો

પેલી દાસીએ પોપટનુ પાજરૂ કામપતાકાને સોપ્યુ કામપતાકાએ એને પૂછ્યુ "કેમ ભાઈ! સુખી છે ને?"

પોપટ "હા માતાજી! તમારા પ્રતાપે"

કામપતાકા "હવે તને પૂરો જ કરી દઉ"

એણે રસોડામા જઇને પોપટને પાજરામાથી બહાર કાઢયો એના પીછા કાઢયા છરી શોધે છે પણ મળતી નથી એટલે પોપટને નીચે મૂકી છરી લેવા ઊભી થઇ એ લાગ લેઈને પોપટ ખાળમા ભરાઈ ગયો પેલી લઈને આવી તો પોપટ ન મળ્યો એણે વિચાર્યું કે કાગડો ઉપાડી ગયો હશે

પોપટ ખાળમા છ માસ સુધી રહ્યો ત્યા જમ્યા પછીના વાસણ ધોવાય તેમા ભાતના દાણા ખાળમા આવે તે ખાઇને પોપટ પોતાનો નિર્વાહ કર્યો એ પોષણ પામીને તેને પાખો ફરી આવી ગઈ

જે ભાગ્યથી જાગતા છે તેને જીવવા માટે વાંધો નથી લાગ જોઇને એક દિવસ પોપટ ઊડી ગયો કામપતાકાની પ્રવૃત્તિ 'એ મદિરે જાય છે, પૂજા કરે છે' વગેરે જુએ છે હવે તે વેશ્યાને ફસાવવાનો લાગ શોધે છે ઉપાય વિચારે છે

એક દિવસ પોપટ મદિરની બહાર ટોડલા પર લપાઈને બેઠો છે, અને વેશ્યાના આવવાની ગડ જુએ છે સમય થયોને એ આવી પૂજાપાઠ પતાવીને એ જેવી બહાર નીકળી, ત્યા પોપટ બોલ્યો "હે કામપતાકા! હુ તારા ઉપર ખૂબ પ્રસન્ન છુ હુ તને સ્વદેહે વૈકુઠ લઈ જવા ચાહુ છુ હુ દેવ છુ આ આખા નગરમા મારી ખરી ભક્તિ કરનાર તુ જ છો, માટે તને વૈકુઠમા લઈ જવી છે"

કામપતાકા "સાચે જ લઈ જશો?"

જુઓ, કપટીને કપટી મળી જ રહે છે કામપતાકા બરાબર ફસાઈ ગઈ

પોપટ "તને સાચે જ લઈ જઈશ હુ આવતી દશમે આનીશ સામે આબાના વૃક્ષ પર વિમાન લઈને આવીશ તુ તૈયાર રહેજે"

વેશ્યા તો ભાઈ ફૂલાઇ ગઈ પૂછે "તમે આવ્યા છો તેની ખાતરી શી?"

પોપટ "આબાના ઝાડ પર એક પોપટ બેઠેલો હશે

વેશ્યા "ત્યા સુધીમા મારે તૈયારી શી કરવાની ?"

પોપટ "તારા સગા વહાલાને બધુ જ આપી દેવાનુ તારૂ પ ડી પહેર્યે કપડે માથુ મૂડાવીને સમયસર આંબાના વૃક્ષ પાસે આવી જજે"

વેશ્યા ઘેર આવી ખુશખુશાલ છે એ બધાને ભેગા કરી બધુ જ આપી દે છે એમ કરતા દશમનો દિવસ આવી પહોચ્યો માથુ મૂડાવી, ભગવા વસ્ત્રો પહેરીને એ મદિરે પહોચી ગઇ

લોકો પૂછે છે આજે શુ છે ? ત્યારે એની પરિચારિકા જવાબ વાળે છે "કામપતાકા આજે સ્વદેહે વૈકુઠ સિધાવે છે"

લોકોને સાભળીને આશ્ચર્ય થયુ સૌ વિચારે છે, વેશ્યા તો જતી હશે તો જશે પણ દેવતા તો આપણને જોવા મળશે ને ! આમ વિચારી સૌ આબા પાસે આવ્યા, ને વિમાનની રાહ જોતા ઊભા

વેશ્યા આકાશ તરફ જુએ છે બધુ બરાબર છે સમય થઈ ગયો છે છતા હજુ દેવ કેમ ન આવ્યા ? હજી વિમાન કેમ નથી દેખાતુ ?

તેવામા આબા પર પોપટ દેખાયો એને જોતા જ વેશ્યાને થયુ હા, જો, પોપટ તો દેવના કહ્યા મુજબ આવી ગયો હવે નક્કી વિમાન આવવાનુ સૌને કહે છે હવે સ્વદેહે વૈકુઠ જઈશ

એ સાભળીને પોપટ બોલ્યો "શઠ! તે મને ન ઓળખ્યો ? જે આપણને હેરાન કરે તેનો પ્રતિકાર ન કરીએ તો ન ચાલે તે મારી પાખ તોડી નાખી, તો મે તારૂ માથુ મૂડાવ્યુ !

त्वया मे लुचितौ पक्षौ, मया मुण्डापितं शिर ।

વેશ્યા "તુ કોણ?"

પોપટ "હુ પેલો કલાપક પોપટ છુ"

વેશ્યા રખડી પડી

માટે જીવનમા દયા રાખજો પક્ષી જોડે પણ વૅર ન કરશો મોટાઈ આવે તો આપવડાઇ કરશો નહિ,

